MARKET 4U (OPC) PVT. LTD.

જંગ-એ-ગુજરાત

અખબાર

સુરત ઓફિસ

૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.

કોલ કરીને જ આવવું

મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી

● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૦૭-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૦ + ૨

3 યસ બેંકે દાગી કંપનીઓને છૂટા હાથે લ્હાણી કરી અને લોકોના નાણાં ડૂબ્યા..!

5 યસ બેન્કમાં તમામ થાપણદારોના પૈસા સુરક્ષિતઃ નાણાંમંત્રીની હૈયાધારણા

6 કોરોના વાયરસને લઈ એરપોર્ટ પર વિદેશથી આવેલા ૧૯૬૭ પ્રવાસીઓનું સ્ક્રિનિંગ કરાયું

8 રાજપીપળા નગર પાલિકા દ્વારા બાકી વેરાની કડક વસુલાત માટે ચીફ ઓફિસરની લાલ આંખ

MARKET4U (OPC) PVT. LTD.ની તમામ જિલ્લા- શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જેણે ચૂકી જવા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે ૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શું આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)

એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૫૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ

જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ ડાયરેક્ટર: જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ સિલ્વર ડાયરેક્ટર: જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ ગોલ્ડ ડાયરેક્ટર: જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ પ્લેટિનમ ડાયરેક્ટર: જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)



અડાજણ સ્થિત જ્યોતિન્દ્ર ગાર્ડનની બાજુમાં આવેલા હનીપાર્ક ગ્રાઉન્ડ પર રીજીયોનલ સરસ મેળો ૨૦૨૦ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. દેશભરમાંથી ૩૦ જૂથો અને ગુજરાતના ૧૩૭ સ્વ સહાય જૂથોના કારીગરો દ્વારા ઉત્પાદીત ચીજવસતુઓના મેળામાં આજે કમોસમી વરસાદ પડતા ચીજવસ્તુઓ પલળી જવા પામી હતી.

ચેમ્બરે હજુ સુધી ભાટીયા ટોલનાકા મુક્તિ અંગે રજૂઆતો કરી નથી

સંઘર્ષ સમિતિ ત્રણ સાંસદો સમક્ષ રજૂઆત કરશે

સુરત

એક મહિના પહેલા ભાટીયા ટોલનાકા ટેક્સ મુક્તિ આંદોલનના આગેવાનોએ લડતમાં સહકાર આપવા માટે ચેમ્બર ઓફ કોમર્સના પદાધિકારીઓની મુલાકાત લીધી હતી અને ભાટીયા ટોલનાકા ઉપર સ્થાનિક વાહનોને ટેક્સમુક્તિ અપાવવા સંદર્ભે ચેમ્બર ઓફ કોમર્સના પદાધિકારીઓએ સરકારમાં રજૂઆત કરવાની ખાતરી આપી હતી. ગત તા.૭-૨-૨૦૨૦ના રોજ ભાટીયા ટોલનાકા સંઘર્ષ સમિતિના આગેવાન દર્શન નાયક અને અન્ય આગેવાનોની ચેમ્બર ઓફ કોસર્મના પ્રમુખ કેતન દેસાઈ સહિતના પદાધિકારીઓની બેઠક થઈ હતી. જેમાં આંદોલનકારીઓએ આ બિનરાજકીય લડતમાં સહકાર માંગ્યો હતો. ત્યારે ચેમ્બરે લોકો અને વેપારીઓના હિતમાં આ અંગે સરકારમાં રજૂઆત કરવાની ખાતરી આપી હતી. ત્યારબાદ એક મહિનો થયો છતાં પણ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આ બાબતે કોઈ રજૂઆત સરકારમાં કરાઈ હોય તો તે અંગેની નકલની માંગણી ભાટીયા ટોલનાકા સંઘર્ષ સમિતિ દ્વારા એક પત્ર પાઠવીને કરાય છે.

દરમિયાન ભાટીયા ટોલનાકા સંઘર્ષ સમિતિના આગેવાન દર્શન નાયકના જણાવ્યા મુજબ શનિ-રવિની રજામાં સુરત આવતા સંસદ સભ્યો સી.આર. પાટીલ, દર્શના જરદોશ અને પરભુ વસાવાની મુલાકાત કરીને ભાટીયા ટોલનાકા ઉપર સ્થાનિક વાહનોને ટેક્સ મુક્તિ આપવા માટે કેન્દ્ર સરકાર ઉપર દબાણ ઊભુ કરવામાં આવશે.

સ્ટેટ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ બેંકના મેનેજર દ્વારા ૯૦.૯૫ લાખની ઉચાપત

મોસાલી બ્રાન્ચના મેનેજર નિરંજન કઠોરીયા વિરૂદ્ધ ફરિયાદ

સુરત

સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના મોસાલી ગામે આવેલ ધી ગુજરાત સ્ટેટ કો.ઓ. એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંકના મેનેજરે પોતાની ફરજ દરમિયાન રૂપિયા ૯૦,૯૫,૫૨૮ની ઉચાપત કરતા આખરે બેંકે માંગરોળ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

માંગરોળ પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અડાજણ પાલ સ્તુતિ રેસીડેન્સીમાં રહેતાં બેંકના સત્તાધીશ ગૌતમ કુરજીભાઈ લુખીએ આરોપી બેંક મેનેજર નિરંજન કનૈયાલાલ કઠોરીયા (રહે. અયોધ્યાનગર, ભરૂચ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવ્યા મુજબ ગુજરાત સ્ટેટ કો.ઓ. એગ્રેકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંકમાં સને ૨૦૧૦થી ૨૦૧૭ સુધી બેંક મેનેજર તરીકે ફરજ બજાવનાર નિરંજન કનૈયાલાલ કઠોરીયાએ બેંકના રૂપિયા ૯૦,૯૫,૫૮૨ નાણાં પોતાના હિતમાં વાપરી નાંખી બેંક સાથે ઉચાપત કરી હતી. માંગરોળ પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પત્ની અને પ્રેમીને ઘરે બોલાવીને કટર વડે હુમલો કરી પતિ ફરાર

સુરત

અમરોલી ક્રોસ રોડ સ્થિત પલક રેસીડેન્સીમાં રહેતી અને કતારગામ આશ્રમ રોડના સ્ટર જેમ્સ નામના હીરાના કારખાનામાં નોકરી કરતી આરતી અરવિંદ શુક્લા (ઉ.વ. ૩૦ મૂળ રહે. દેવીગંજ, જિ. બારાબેડી, યુપી) ના લગ્ન વર્ષ ૨૦૦૬માં થયા હતા અને સંતાનમાં ૧૧ વર્ષનો પુત્ર વૈભવ છે જયારે તેનો પતિ વરાછાના પરમ એક્સપોર્ટ નામના હીરાના કારખાનામાં નોકરી કરે છે. પતિ સાથે છેલ્લા કેટલાક સમયથી થઈ રહેલા રોજબરોજના ઝઘડાથી કંટાળેલી આરતીને તેની સાથે કારખાનામાં નોકરી કરતા રાજ હિતેશ શાહ (રહે. ટ્વીન ફોરેજ, સરગમ શોપીંગ સેન્ટર, અઠવાલાઈન્સ) સાથે પ્રેમસંબંધ બંધાયો હતો અને નોકરી પર જવા માટે લેવા અને મુકવા આવતો હતો.

જેની જાણ અરવિંદને થઈ જતા પત્ની આરતીને તે કોની સાથે મોટરસાઈકલ પર જાય છે તેવું પુછયું હતું. જેના જવાબમાં આરતીએ રાજ સાથે પ્રેમસંબંધ હોવાનો સ્વીકાર કર્યો હતો અને પતિ પાસે છુટાછેડાની માંગણી કરી હતી. જેથી અરવિંદે રાજને મળવા બોલાવ્યો હતો અને આરતી સાથે લગ્ન કરવા માંગે છે કે નહિ તે અંગેની વાતચીત કરી હતી. જેમાં રાજે આરતી સાથે લગ્ન કરવા તૈયાર હોવાનું કહેતા અરવિંદે આરતીને રાજ સાથે મોકલી આપી હતી ત્યારબાદ આરતી અને રાજ અરવિંદના ઘરે ગયા હતા અને સામાન લઈ જવા માટે રાજ રીક્ષા લેવા ગયો હતો ત્યારે અરવિંદે ઘરનો દરવાજાને અંદરથી તાળુ મારી આરતીને તે મારી જીંદગી ખરાબ કરી નાંખેલ છે અને હું તને છોડીશ નહિ તેમ કહી કટર વડે હુમલો કરી પેટ, મોંઢા, જાંઘ, પીઠ, ખભા, કમર સહિતના ભાગે ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા. આરતીએ બુમાબુમ કરતા પડોશીઓ અને રાજ દોડી આવ્યો હતો અને દરવાજો તોડી બચાવવાનો પ્રયાસ કર્યો હતો. જે અંતર્ગત અરવિંદે રાજ ઉપર પણ હુમલો કર્યો હતો પરંતુ તે બચી ગયો હતો અને લોકોનું ટોળું એકઠું થઈ જતા અરવિંદ ભાગી ગયો હતો. ઘટના અંગે અમરોલી પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સુરતના ટ્રાન્સપોર્ટનો માલ ભરી મુંબઈ ઉપડેલો ટેમ્પો લાપતા

રૂા.૯૧ લાખનો માલ સગેવગે કરી દેવાતા પોલીસ ફરિયાદ

સુરત

અડાજણ પાલનપુર જકાતનાકા તપોવન પાર્ક સોસાયટીના એક ટ્રાન્સપોર્ટર પાસેથી કાપડના ૧૨૧ નંગ પાર્સલો ભરીને મુંબઈ ખાતે મોકલવા ટાટા ટેમ્પોનો ચાલક લઈ જતો હતો. પરંતુ તેણે મુંબઈ ખાતે માલ નહીં પહોંચાડી ૯૧ લાખની છેતરપિંડી કરી ટાટા ટેમ્પો લઈને ચાલક ફરાર થઈ ગયો હોવાનો બનાવ પુણા પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અડાજણ પાલનપુર જકાતનાકા તપોવન પાર્ક ખાતે અશોકકુમાર પંચાલ રહે છે. તે ટ્રાન્સપોર્ટરનું કામ કરે છે. પુણા શ્યામ સંગીની માર્કેટની દુકાન નંબર ૪૦૪માંથી ૧૨૧ નંગ કાપડના પાર્સલો કિંમત રૂા.૯૧ લાખ ટાટા ટેમ્પામાં ભરીને ચાલક અને મૂળ યુપીના વતની મોહંમદ તલ્ફા મોહંમદ ગુલ્ફામને મુંબઈ શિવ, જે.એન. પીટીને મોકલવા આવ્યા હતા. આ પાર્સલો ત્યાં નહીં પહોંચાડી ચાલક ટાટા ટેમ્પો લઈને ફરાર થઈ ગયો હતો. ૯૧ લાખની છેતરપિંડી કરી ફરાર થઈ ગયેલા ચાલક સામે પુણા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

રત્નકલાકારોનો વ્યવસાય વેરો નાબૂદ કરવા કલેક્ટરને રજૂઆત

રત્નકલાકાર વિકાસ સંઘની કલેક્ટર સમક્ષ માંગણી

સુરત

રત્નકલાકારોનો વ્યવસાય વેરો નાબૂદ કરવાની માંગ સાથે આજે રત્નકલાકાર વિકાસ સંઘના પ્રમુખ જયસુખ ગજેરા સહિતના પ્રતિનિધિ મંડળે કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ આગામી તા.૧૫-૩-૨૦૨૦ થી તા.૧૭-૩-૨૦૨૦ દરમિયાન રત્નકલાકાર વિકાસ સંઘ વ્યવસાય વેરાના વિરોધમાં પ્રતિક ધરણાના કાર્યક્રમનું આયોજન કર્યું છે. પ્રતિક ધરણાં કરનારા રત્નકલાકારોને કોરોના વાયરસથી રક્ષણ માટે માસ્ક ફાળવવાની માંગણી કરી હતી. તેમજ વધુમાં જણાવ્યું હતું કે, રત્નકલાકારો મજૂરી કરતા હોય, મજૂરની વ્યાખ્યામાં આવતા હોય, રત્નકલાકારોનો વ્યવસાય વેરો નાબૂદ કરવા રજૂઆત કરવામાં આવી હતી.

એના ગામમાં બુટલેગરના ઘરે પોલીસ ત્રાટકી : વિદેશી દારૂ ઝબ્બે

પોલીસે છાપો મારતા મહિલા બુટલેગર ફરાર

સુરત

પલસાણા એના ગામના નવા ગીરનાર ફળીયાના એક મકાનમાં પોલીસે દરોડા પાડી બુટલેગર પાસેથી વગર પાસ પરમીટની ૨૦૪ નંગ ભારતીય બનાવટની દારૂની બોટલો કિંમત રૂા.૨૬ હજારની કબજે કરી ધરપકડ કરી હતી. જ્યારે દારૂનો જથ્થો મંગાવનાર મહિલા બુટલેગરને પોલીસ ચોપડે વોન્ટેડ બતાવવામાં આવી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પલસાણા તાલુકાના એના ગામમાં વિરાગ ઉર્ફે બન્ટોન રાઠોડ રહે છે. મીના રાઠોડે ભારતીય બનાવટનો દારૂનો જથ્થો વિરાગ પાસે મંગાવ્યો હતો. પોલીસે ગીરનાર ફળીયામાં દરોડા પાડી ૨૦૪ નંગ બોટલો કબજે કરી વિરાગ રાઠોડની ધરપકડ કરી હતી. જ્યારે મીનાને પોલીસે વોન્ટેડ જાહેર કરી હતી.

વોલ્વો બસની અડફેટે બાળકના મોતના કેસમાં ડ્રાઈવરની ધરપકડ

સુરત

પાંડેસરા નાગસેન નગર ખાતે રહેતા હીરાબેન નેતકર કચરૂ વીણી ગુજરાન ચલાવે છે.પતિ કેન્સરની બીમારીથી પીડાતા હોવાથી ગુજરાન ચલાવવું મુશ્કેલ હોય તેમનો ૯ વર્ષનો પુત્ર રાહુલ મહારાષ્ટ્રના પારોડા ખાતે દાદી પાસે રહેતો હતો અને ત્યાંજ ધોરણ ૨માં અભ્યાસ કરતો હતો. પંદરેક દિવસ પહેલા જ રાહુલ સુરત આવ્યો હતો. ગુરુવારે હીરાબેન ઘરેથી કચરૂ વિણવા માટે નીકળ્યા હતા. થોડો સમય બાદ રાહુલ પણ કચરૂ વિણવા માટે નીકળી પડ્યો હતો. પાંડેસરા ભેદવાડ પાસે તે બીઆરટીએસનો રૂટ ઓળંગી રસ્તો ક્રોસ કરવા જતો હતો. ત્યારે પુરપાટ ઝડપે આવતી એસટીની વોલ્વો બસના ડ્રાઈવરે તેને અડફેટમા લઈ લીધો હતો અને કચડી નાંખ્યો હતો. જેથી ગંભીર રીતે ઘવાયેલા રાહુલનુ ઘટના સ્થળે જ અરેરાટી ભર્યુ મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ બસનો ડ્રાઈવર બસ ત્યાંજ છોડીને નાસી છૂટ્યો હતો. દરમિયાન આસપાસના રહીશો દોડી આવ્યા હતા અને રોષે ભરાયા હતા. લોકો બસ પર રોષ પોતાનો ગુસ્સો ઠાલવે તે પહેલા જ પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને લોકોને સમજાવી કાર્યવાહી શરૂ કરી હતી. પોલીસે એસટી બસના ડ્રાઈવર સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી અને ધરપકડ કરી વોલ્વો બસ પણ કબજે કરી હતી.

માર્કેટની દુકાનમાંથી ૩.૭૫ લાખ ચોરાયા

સુરત - ગત તા.૩જીની રાત્રિ સમયે રિંગરોડ રાધાક્રિષ્ના ટેક્ષટાઈલ્સ માર્કેટમાં આવેલ મહાદેવ ટેક્સ ફેબ નામની દુકાનમાંથી અજાણ્યા તસ્કરો રોકડા રૂપિયા ૩.૭૫ લાખની ચોરી કરી ગયા હતા. આ બનાવ અંગે દુકાન માલિક ગોપાલ જગદીશપ્રસાદ રાઠીએ અજાણ્યા ઈસમો સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. સલાબતપુરા પોલીસે ચોરીનો ગુનો દર્જ કરી તપાસ હાથ ધરી છે.



યશ બેંક પર રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા નિયંત્રણો લાગુ કરાતા બેંકના ખાતા ધારકો તથા થાપણદારોમાં બેંક ડૂબી જવાનો ભય વ્યાપી જવા પામતા આજે સવારે દક્ષિણ ગુજરાતમાં આવેલી યશ બેંકની ૧૧ શાખાઓ પર રૂપિયા ઉપાડવા લોકોએ લાઈનો લગાવી દીધી હતી. મજૂરાગેટ જૂની આરટીઓ કચેરી પાસે આવેલી યશ બેંકની શાખાની આ તસ્વીર છે.

રીઝર્વ બેંકે પ્રતિબંધો લાગુ કરતા યશ બેંક શાખામાં લાઈનો લાગી

મોટી સંખ્યામાં બેંક ખાતેદારો ઉમટી પડતા પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

સુરત

આરબીઆઈએ યસ બેંકનું બોર્ડ સસ્પેન્ડ કરી દીધું હોવાના મેસેજ સોશિયલ મીડિયા પર ગઈકાલે મોડી સાંજથી ફરતાં થતાં ખાતેદારોની ચિંતા વધી છે. મેસેજ પ્રમાણે તા. ૫ માર્ચથી ૩ એપ્રિલ સુધી ખાતેદારો રૂ. ૫૦,૦૦૦ જ ઉપાડી શકશે. જેને પગલે ખાતેદારો શહેરના યસ બેંકની સાથો-સાથ અન્ય બેંકોના એટીએમોમાં પણ દોડતાં થયા છે. હાલ વલસાડ-સુરતમાં યસ બેંકની બહાર પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે.

ક્રેડિટ-ડેબિટ કાર્ડ બ્લોક થઈ જવાના કારણે યસ બેંકની સાથે અન્ય બેંકોના એટીએમમાંથી પણ રૂપિયા ઉપડી શક્યા નથી. સાથો-સાથ નેટ બેકિંગ માટેની મોબાઈલ એપ્લિકેશન પણ બ્લોક થઈ જતાં ખાતેદારો ચિંતા વધી છે. ૩૦૦૦ કરોડનું ટર્નઓવર દક્ષિણ ગુજરાતમાં હોવાની સાથે આ બેંકની કુલ ૧૮ શાખાઓ છે. જેમાં ૪ લાખથી વધુ કસ્ટમર હોવાનું આંતરિક સૂત્રો જણાવી રહ્યા છે.

આ અંગે શહેરની યસ બેંક બ્રાંચના એક ડેપ્યુટી અધિકારી સાથે થયેલી વાતચીતમાં તેમણે જણાવ્યું છે કે, ચેક મારફતે રોકડ રકમ ખાતેદારો આરબીઆઈ દ્વારા અપાયેલી મર્યાદા પ્રમાણે ઉપાડી શકશે. વધુ ગાઈડલાઈન બેંકો કાર્યરત થાય તે પછી જ જાણી શકાશે.

ખાતેદાર કેયુર પટેલે જણાવ્યું હતું કે, આવી રીતે અચાનક ફરમાન જાહેર કરી દેવાય તો સામાન્ય માણસને કેટલી તકલીફ થાય તે આ લોકો વિચારતાં નથી. ઈએમઆઈ હોય, અન્ય ખર્ચને પહોંચી વળવાનું હોય આવી સ્થિતિમાં કઈ રીતે નિરાકરણ આવશે.

ખાતેદાર મનીષ ગાંધીએ જણાવ્યું હતું કે, મારું સેલેરી એકાઉન્ટ યસ બેંકમાં છે, ગઈકાલે જ મારી સેલેરી થઈ છે. અચાનક આ ગાઈડલાઈન જાહેર થતાં મારા બધા જ કામ અટવાઈ ગયા છે. હવે ઘર કેવી રીતે ચલાવવું તે મુશ્કેલી નડી શકે છે. આજ પ્રકારની વ્યથા મોટાભાગના બેંક ખાતેદારો વ્યક્ત કરી રહ્યા હતા.

સુરત જિલ્લામાં ત્રણ સ્થળેથી દારૂ પકડાયો

સુરત

ઉમરપાડા પોલીસે બે સ્થળે અને પલસાણા પોલીસે એક સ્થળે દરોડા પાડી રૂપિયા ૮૬,૮૦૦ની કિંમતનો ભારતીય બનાવટનો દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. ઉમરપાડા પોલીસે નસારગામના આરોપી ગુણો ઉર્ફે ગુણવંત વસાવા અને હિતેશ મંગા વસાવાના ઘરમાં છુપાવી રાખેલો કુલ રૂા.૬૧૨૦૦ની કિંમતનો દારૂનો જથ્થો જપ્ત કરી બન્નેને વોન્ટેડ જાહેર કર્યા હતા. જ્યારે પલસાણા પોલીસે એના ગામ ગીરનાર ફળીયાના વિરાગ ઉર્ફે બન્ટોન રમેશ રાઠોડની ધરપકડ કરી રૂપિયા ૨૫૬૦૦ની કિંમતનો દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. જ્યારે દારૂનો જથ્થો મંગાવનાર મીના રમેશ રાઠોડને વોન્ટેડ જાહેર કરાઈ હતી.

વરાછા ઓવરબ્રિજ પર બાઈક સ્લીપ થઈ

કમોસમી વરસાદથી અકસ્માતો વધ્યાં, બ્રિજ પર બે કારનો ધડાકાભેર અકસ્માત

સુરત

અડાજણ,રાંદેર,વરાછા, સિટી લાઈટ સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદને લઈ જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. અનેક વિસ્તારોમાં અકસ્માતોની ઘટનાઓ સામે આવી હતી. માટીવાળા રસ્તાઓ વરસાદના ઝાપટા બાદ ભીના થઈ જતા બાઈક સવારો સ્લીપ ખાતા નજરે પડ્યા હતા. અડાજણ જીલાની ફલાય ઓવરબ્રિજ પર બે કાર વચ્ચે અકસ્માત બાદ ટ્રાફિક જામ થઈ ગયો હતો. જોકે, અકસ્માતમાં બન્ને કારના ડ્રાઈવરો ને સામાન્ય ઈજાઓ થઈ હોવાનું જાણવા મળ્યું હતું.

ડો. બર્મન (મેડિકલ ઓફિસર સુરત સિવિલ હોસ્પિટલ)એ જણાવ્યું હતું કે, હાલ અમરોલી, પાંડેસરા સહિતના વિસ્તારોમાંથી લગભગ ૪ કેસ રોડ અકસ્માતના આવ્યા છે. જે તમામ કમોસમી વરસાદ બાદ ભીના રોડને લઈ સ્લીપ ખાઈ ગયા હોય એમ કહીં શકાય છે. જોકે, તમામ કેસના દર્દીઓ સામાન્ય ઈજા સાથે ૧૦૮માં આવ્યા છે એટલે કોઈ જાનહાની નોંધાય ન હોવાનું કહીં શકાય છે.



અડાજણ,રાંદેર,વરાછા, સિટી લાઈટ સહિતના વિસ્તારોમા કમોસમી વરસાદને લઈ જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. અનેક વિસ્તારોમાં અકસ્માતોની ઘટનાઓ સામે આવી હતી. માટીવાળા રસ્તાઓ વરસાદના ઝાપટા બાદ ભીના થઈ જતા બાઈક સવારો સ્લીપ ખાતા નજરે પડ્યા હતા. અડાજણ જીલાની ફલાય ઓવરબ્રિજ પર બે કાર વચ્ચે અકસ્માત બાદ ટ્રાફિક જામ થઈ ગયો હતો. જોકે, અકસ્માતમાં બન્ને કારના ડ્રાઈવરો ને સામાન્ય ઈજાઓ થઈ હોવાનું જાણવા મળ્યું હતું.

શ્રી Design
A Complete Printing Solution
Our Services
• Graphic Design • Book Work
• I Card (School & Commercial) • Brochure
• Pamphlet
• Stationary Printing • Calendar
All Type of Designing & Printing Work @ One Junction
93774 65170 • 70160 46096

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૦૭-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ ।

યસ બેન્કનો ધબડકો-કોરોના વાયરસનો પ્રકોપઃ શેરબજાર કડડભૂસ

સેન્સેક્સમાં ૧૪૦૦ અંકનો પ્રચંડ કડાકોઃ ૪ લાખ કરોડનું ધોવાણ

દિવસના અંતે સેન્સેક્સ ૮૯૩ ઘટી ૩૭૫૭૬ની સપાટીએ તો નિફ્ટી ૨૭૯ માઇનસ સાથે ૧૦૯૮૯ના સ્તરે

મુંબઇ

ભારતીય શેરબજારમાં આજે સપ્તાહના કામકાજનો છેલ્લા દિવસે સેન્સેક્સમાં ૧૪૦૦ પોઈન્ટનો ઘટાડો નોંધાતા આજનો શુક્રવાર પણ ગયા શુક્રવારની જેમ ફરી એકવાર બ્લેક ફ્રાઈડે સાબિત થયો હતો. અમેરિકામાં કોરોના વાયરસનો વ્યાપના કારણે ડો જોન્સ ૯૬૯ પોઈન્ટ કે ૩.૫૮ ટકાનો ઘટાડો, ભારતીય બજારમાં વૈશ્વિક નબળાઈ અને સ્થાનિક રીતે દેશની ચોથા ક્રમની ખાનગી બેંક યસ બેંક ઉપર રિઝર્વ બેંકે નિયંત્રણ મુકતા યસ બેંકના શેરોની સાથે અન્ય શેરોમાં ભારે કડાકો બોલાઈ જતાં રોકાણકારોના એક જ દિવસમાં ફરીથી અંદાજે ૪ લાખ કરોડનું ધોવાણ થયું હતું. સેન્સેક્સમાં ૧૪૦૦ સપાટી તેની સાથે રૂપિયો પણ ૭૪ની સપાટી પાર કરી ગયો હતો. શેરબજારમાં ભારે કડાકાને પગલે NSEમાં ૩૯૫ સિક્યુરિટી પર સપ્તાહના તળિયે પહોંચી ટ્રેડ કરી રહી હતી. કેપિટલ ગુડ્સ ૫૩૧.૪૪ પોઈન્ટ,ઓટો ઈન્ડેક્સ ૪૪૧.૬૬ પોઇન્ટ,કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૫૩૧.૪૪ પોઈન્ટ ગગડ્યા BSEમાં લિસ્ટેડ કંપનીઓનું બજારમૂલ્ય રૂ.૧૪૭.૫૯ લાખ કરોડથી ઘટીને રૂ.૧૪૩.૧૭ લાખ કરોડ થયું હતું. સેન્સેક્સ ૮૫૭ અંક ઘટીને ૩૭,૬૧૩.૯૬ પર ખુલ્યો અને બીએસઈ સેન્સેક્સ જોતજોતામાં ૧૪૦૦ પોઈન્ટ તૂટી ગયો હતો. સેન્સેક્સ આખરે ૮૯૪ પોઈન્ટના ઘટાડા સાથે ૩૭,૫૭૬ પર



રૂપિયામાં ભારે ધોવાણઃ ૬૨ પૈસાનો ઘટાડો

રૂપિયાની શરૂઆત આજે ભારે ઘટાડા સાથે થઈ છે. ડૉલરની સામે રૂપિયો આજે ૬૨ પૈસાના ઘટાડા સાથે ૭૩.૯૪ના સ્તરે ખુલ્યો છે. બીજી તરફ, કાલના કારોબારી દિવસે ડૉલરની સામે રૂપિયો ૧૦ પૈસા ઘટીને ૭૩.૩૨ના સ્તરે પહોંચીને બંધ થયો હતો.

સમાપ્ત થયો. ડૂબવાના આરે આવેલી ખાનગી યસ બેંકનો શેર ૫૫ ટકા તૂટીને ૧૬.૫૫ પર ટ્રેડ કરી રહ્યો હતો. ૧૧ વાગ્યા સુધીમાં યસ બેંકનો શેર લગભગ ૮૫ ટકા ઘટીને રૂ. ૧૬.૫૫ની સપાટીએ બંધ રહ્યો હતો. આમ શેરબજારમાં ફરીથી આજનો દિવસ લગભગ યસ બેંકની નબળાઈને કારણે રોકાણકારો માટે કાળો દિવસ સાબિત થયો હતો.

દિવસ દરમિયાન બીએસઈમાં સેન્સેક્સ ઉપરમાં ૩૭,૭૪૭.૦૭ અને નીચામાં ૩૭,૦૧૧.૦૯ પોઈન્ટ્સની રેન્જમાં અથડાયા બાદ ૮૯૩.૯૯ પોઈન્ટ્સ અથવા ૨.૩૨ ટકા ઘટીને ૩૭,૫૭૬.૬૨ પોઈન્ટ્સની સપાટીએ બંધ રહ્યો હતો જ્યારે નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી પણ ઉપરમાં ૧૧,૦૩૫.૧૦ અને નીચામાં ૧૦,૮૨૭.૪૦ પોઈન્ટ્સની રેન્જમાં ટ્રેડ થયા બાદ ૨૮૯.૪૫ પોઈન્ટ્સ અથવા ૨.૫૭ ટકા ગગડીને ૧૦,૯૭૯.૫૫ પોઈન્ટ્સની સપાટીએ બંધ રહ્યો હતો. બીએસઈ મિડકેપ અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૨.૩૬ ટકા અને ૧.૯૨ ટકા ઘટીને બંધ રહ્યા હતા.

આજે શેરબજારમાં સાર્વત્રિક વેચવાલી જોવા મળી હતી. આજે બીએસઈમાં તમામ સેક્ટોરલ ઈન્ડાઈસિસ રેડ ઝોનમાં બંધ રહ્યા હતા. મેટલ, બેંક, ઓટો, રિયલ્ટી, ઓઈલ-ગેસ, પાવર અને ફાઈનાન્સ શેરોમાં ધૂમ

અનુસંધાન પાના નં. ૫

પૂર્વ વડાપ્રધાને ભારતને ત્રણ મોટી તકલીફોમાંથી બહાર કાઢવા ત્રણ મંત્ર આપ્યા

ભારત આર્થિક નિરાશામાં ઘેરાયેલો બહુમતવાદી દેશ બનવા તરફ : મનમોહન સિંહ

કોઈ રોકટોક વિના સામાજિક તણાવાની આગ ખૂબ ઝડપથી ફેલાઈ રહી છે જે દેશના આત્મા માટે ખતરો બનશે



ન્યુ દિલ્હી

ભારતમાં આ સમયે ત્રણ બાજુ ખતરો તોળાઈ રહ્યો છે- સામાજિક સૌહાર્દ વિઘટન, આર્થિક મંદી અને વૈશ્વિક આરોગ્ય સમસ્યા- અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં માત્ર પોતાના શબ્દોથી નહીં, પણ કામોથી વિશ્વાસ અપાવવો પડશે કે તેઓ આ જોખમોથી પરિચિત છે અને તેમણે દેશને હૈયાધારણ આપવી પડશે કે તેઓ આ જોખમોનો સામનો કરવામાં તેઓ અમારી સહાયતા કરશે, એમ ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહે એક લેખમાં કહ્યું હતું. તેમના દેશની હાલની સ્થિતિ ભયંકર અને મલિન ગણાવી હતી. ભારત ઉદારવાદી લોકતંત્ર માટે વૈશ્વિક ઉદાહરણમાંથી હવે આર્થિક નિરાશામાં ઘેરાયેલો બહુમતવાદી દેશ બનવા તરફ ઢળી રહ્યો છે.

૨૦૦૪થી ૨૦૧૪ સુધી ૧૦ વર્ષ સુધી દેશના વડા પ્રધાન રહેલા ડો. મનમોહન સિંહે કહ્યું હતું કે બહુ ભારે મનથી લખી રહ્યો છું કે હું આ જોખમોથી બહુ ચિંતિત છું, જે ના તો માત્ર ભારતની આત્મા તોડી શકે છે, બલકે આર્થિક અને લોકતાંત્રિક શક્તિરૂપે અમારી વૈશ્વિક છબિને પણ નુકસાન કરી શકે છે. દિલ્હીના કેટલાક ભાગોમાં થયેલાં તોફાનોનો ઉલ્લેખ કરતાં ડો. સિંહે કહ્યું હતું કે અમારા સમાજનો કટ્ટરવાદી વર્ગ કે જેમાં રાજકીય નેતાઓ પણ સામેલ છે, જેમણે સાંપ્રદાયિક તણાવને હવા આપી હતી તેમ જ ધાર્મિક અસહિષ્ણુતાની આગને ભડકાવી હતી. કાનૂન અને વ્યવસ્થાથી જોડાયેલી સંસ્થાઓએ નાગરિકો અને ન્યાય સંસ્થાઓએ સુરક્ષાનનો ધર્મ છોડી દીધો છે અને મિડિયાએ અમને નિરાશ કર્યા છે. તેમણે કહ્યું હતું કે સામાજિક તણાવની આગ દેશભરમાં ફેલાઈ રહી છે અને

અનુસંધાન પાના નં. ૫

Negative ion Bracelet

Positive ions are absorbed into the body from cell phones, wireless technology, electrical devices and pollution on a daily basis, causing severe damage on a cellular level. Positive ions are said to interfere with our natural balance and can lead to tiredness, lack of concentration and muscle fatigue.



MRP 1499/-

નેગેટીવ ion બ્રેસલેટ

પોઝિટિવ IONS સેલ ફોન્સ, વાયરલેસ ટેકનોલોજી, ઇલેક્ટ્રિકલ ડિવાઇસીસ અને દૈનિક ઘોરણે ઉપયોગ પ્રદૂષણથી આપણા શરીરમાં સમાઈ જાય છે, જેનાથી આપણા બેલન્સને ભારે નુકસાન થાય છે. સકારાત્મક આયન આપણા કુદરતી સંતુલનમાં દખલ ઉભી કરે છે અને તે થાક, એકાગ્રતા અને સ્નાયુઓને જકડાવી થાક તરફ દોરી શકે છે.જેનાથી બચવા નેગેટિવ આયર્ન બેલ્ટ આ સમસ્યા નિવારી આરોગ્ય સુધારે છે

ફ્રી



નેગેટીવ ion બ્રેસલેટ ઓનલાઈન અને અન્ય કંપનીમાં ૫૦૦૦/-થી વધારે કિંમતમાં મળે છે
જ્યારે અહી ફક્ત રૂા. ૧૪૯૯/-માં મળશે. (હોમ ડિલીવરી)
સાથે મોબાઇલ એન્ટીરેડીએશન ચીપ તદ્દન મફત

ડિલરશીપ મેળવવા માટે સંપર્ક કરો
Market4u
9978406257

Payment : 9825318225 paytm, phone pe, gpay કરી પેમેન્ટનો ફોટો તથા આપનું પિનકોડ સાચેનું પૂરું સરનામું 9978406257 પર વોટ્સઅપ કરો.
બેંક ખાતામાં પણ પેમેન્ટ કરી શકો છો : Dhananjay u. Zaveri - Ac No. 10373843634, State Bank of India, Ifsc code SBIN0009164, Pritam nagar Branch Bharuch 392002

FMC
THINK SAFE.
CHEMINOVA INDIA LTD.
PLOT NO. 241, G.I.D.C. ESTATE, PANOLI - 394 116, DIST. BHARUCH.
To Prevent Virus Infection
DOs DON'Ts
Wash your Hands
• After coughing or sneezing
• When caring for the sick
• before, during and after you prepare food
• before eating
• after toilet use
• when hands are visibly dirty
• after handling animals or animal waste
Avoid Close Contact When You Are Experiencing Cough And Fever
If you have fever, cough and difficulty breathing seek medical care early and share previous travel history with your health care provider

Best wishes on .....
49th Safety Week Celebration - 2020
INDOFIL INDUSTRIES LIMITED
Enhancing Health & Safety Performance by Use of Advanced Technology

With Best Compliments on
SAFETY DAY
Panoli Intermediates

apollo
WITH BEST COMPLIMENTS FROM
APOLLO TYRES LTD
INDIA'S MOST MODERN TYRE PLANT
Factory : Limda Village, Waghodia, Dist. Vadodara-391 760
Tel.: 02668-262580 (EPBX), Fax : 02668-262588

Nirmal Pandit
Ph.:02646-309610
Telefax:02646-222617
Mo.:9824125595
NSP NIRMAL SAFETY PRODUCT
(FIRE & SAFETY DIVISION)
Manufacturer & Suppliers :
ALL TYPES OF 'AVAILABLE' BRAND FIRE EXTINGUISHER, CHAIN PULLEY BLOCK (Imported) Made in Japan DAMAR BRAND POLYSTER SLINGS BELT
Plot No.2006, Shop No. D-4, Shayog Complex, Near Jamnagar Trasport, GIDC, Ankleshwar-02.
E-mail : nirmalsafety@rediffmail.com

Aarti
Industries Limited
758/ 1,2,3 Jhagadia, Dist, Bharuch
Ph. No.: 02645- 226179, 226278,79
Fax No.: 02645- 226178
Plot No. 801/2/3, III Phase GIDC, Vapi- 396 195 Phone_ 0260 2400059
Fax: 0260 2401322

With Best Compliments From
DIC Fine Chemicals Pvt. Ltd.
Plot No. Z/3, Dahej SEZ, Ta:Vagra ,Dist: Bharuch

તંત્રી સ્થાનેથી...

સીએએ : નવા સવાલો

સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદ દ્વારા સુધારવામાં આવેલા નાગરિક સુધારા કાનુનને લઈને સુપ્રીમ કોર્ટમાં દરમિયાનગીરી અરજી દાખલ કરી દેવામાં આવી છે. સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર અધિકારી મિશેલ બેશ્લેટ જેરિયા દ્વારા દાખલ કરવામાં આવેલી આ અરજીમાં કહેવામાં આવ્યુ છે કે તે આ કેસમાં માનવાધિકારની સુરક્ષા કરવા, તેને પ્રોત્સાહન આપવા અને તે સંબંધમાં જરૂરી વકીલાત કરવા માટે મળેલા અધિકારના આધરા પર ત્રીજા પક્ષ તરીકે દરમિયાનગીરી કરવા માટે ઈચ્છુક છે. તેમની દલીલ એવી રહી છે કે ભારત જનતંત્ર અને માનવ અધિકારના મામલામાં તમામ આંતરરાષ્ટ્રીય માપદંડોને પાળે છે. ભારતીય બંધારણ જનતંત્ર અને સમાનતાના પક્ષધર તરીકે છે. જો કે સુધારવામાં આવેલા નાગરિક કાનુનના કારણે આ તમામ મારપદંડ મેળ ખાતા નથી. કોર્ટમાં દલીલ કરીને કેટલીક રજૂઆત તેમના તરફથી કરવામાં આવી છે. આ કાનુન જનતાંત્રિક અને દરેકને એક સમાન રીતે જોવા માટેની મુળ ભાવના સાથે સંબંધિત છે કે કેમ તેની તપાસ કરવા માટેની માંગ આ અરજીમાં કરવામાં આવી છે. આ પહેલા ૨૭મી ફેબ્રુઆરીના દિવસે યુએનએચઆરસી કચેરી દ્વારા પોતાના હેવાલમાં કાશ્મીર, સીએએ બંનેને લઈને ઉંડી ચિંતા વ્યક્ત કરી હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ હતુ કે ભારતમાં ખુબ મોટી સંખ્યામાં લોકો સીએએનો વિરોધ કરી રહ્યા છે. જેમાં તમામ સમુદાયના લોકો સામેલ છે. આ વિરોધ સામાન્ય રીતે શાંતિપૂર્ણ છે પરંતુ ચિંતાની બાબત એ રહી છે કે પોલીસે આ વિરોધ પ્રદર્શનને હાથ ધરતી વેળા ખરાબ વર્તન કર્યુ છે. જેના કારણે કોમી હિંસા થઈ ગઈ છે. જેમાં ૪૭થી વધારે લોકોના મોત થયા છે. માનવ અધિકાર ઉચ્ચાયુક્ત દ્વારા આ અહેવાલ સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદને સોંપી દીધો છે. બીજી બાજુ સીએએના મામલે યુએનએચઆરસીની આ પહેલની સામે ભારત સરકારે જોરદાર નારાજગી વ્યક્તિ કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવકતા રવિશ કુમારે કહ્યુ છે કે અમે સ્પષ્ટપણે માનીએ છીએ કે ભારતની એકતા અને અખંડતા તેમજ ભારતની સાથે જોડાયેલા મામલામાં કોઇ પણ ત્રીજા પક્ષે દરમિયાનગીરી કરવાના પ્રયાસ કરવા જોઇએ નહીં. કોઇ વિદેશી પક્ષ તેમાં દરમિયાનગીરી કરી શકે તેમ નથી.ય ભારત સ્પષ્ટપણે માને છે કે નાગરિક સુધારા કાનુન બંધારણીય રીતે બિલકુલ યોગ્ય છે. એક બાબત તો નક્કી છે કે ગયા વર્ષે ડિસેમ્બરમાં પસાર કરવામાં આવેલા કાનુન દેશમાં હજુ સુધી પસાર સૌથી વિવાદાસ્પદ કાનુન પૈકી એક છે. આ કાનુન એવા પ્રકારના કાનુન તરીકે છે જેને લઈને જોરદાર વિરોધ થવાની સાથે સાથે જોરદાર સમર્થન પણ થઇ રહ્યુ છે. કેટલીક આંતરરાષ્ટ્રીય સસ્થાઓ તેને ભેદભાવ રીતે માને છે. ગયા મહિનામાં યુરોપિયન સંસદમાં સીએએને લઈને રજૂ પાંચ સંકલ્પ પર સંબંધિત સંયુક્ત પ્રસ્તાવ પર મતદાન થવાની સ્થિતી હતી. જેને છેલ્લી ઘડીએ ટાળી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ એક અસામાન્ય બાબત છે કે બહારના લોકો યાદ અપાવી રહ્યા છે કે અમે કાનુન મારફતે પોતાના રાષ્ટ્રીય ચારિત્ર્યથી દુર જઈ રહ્યા છીએ. સુપ્રીમ કોર્ટમાં સીએએને લઈને પહેલાથી અનેક અરજી કરવામાં આવેલી છે. જેના પર કોર્ટ સાથે જ સુનાવણી કરનાર છે.

નાગરિક સુધાર કાનુનને લઈ સુપ્રીમ કોર્ટમાં હવે દરમિયાનગીરી અરજી દાખલ કરાઈ

વધુ ઉંઘ : આ કારણો હોઈ શકે

આધુનિક સમયમાં ભાગદોડની લાઈફમાં વ્યક્તિને અનેક પ્રકારની સમસ્યા રહે છે. કોઈ વ્યક્તિને વધારે ઉંઘ આવતી રહે છે. જરૂર કરતા વધારે ઉંઘ આવવાની સ્થિતીમાં જરૂરી છે કે શરીર તરફથી આપવામાં આવેલા સંકેતો તરફ ધ્યાન આપવામાં આવે. સાથે સાથે સંકેતોને સમજીને નિષ્ણાંતોની સલાહ સાથે આગળ વધવામાં આવે. જરૂર કરતા વધારે ઉંઘ આવવા માટેના કેટલાક કારણ હોઈ શકે છે જેમાં આયરનની કમી, કોઈ બિમારી હોવી, બ્રેકફાસ્ટ મિસ કરવાની ટેવ, વર્ક આઉટ ન કરવાની ટેવ, પુરતા પ્રમાણમાં પાણી ન પીવાની ટેવ, ફોન એડિક્શન અને કેફીનનો વધારે પડતો ઉપયોગ સામેલ છે. હમેંશા ઉંઘતા રહેવાની ઈચ્છા અને થાક આયરનની કમીના કારણે થાય છે. એનિમિયા, થાયરાઈડ, સુગર અને કોલેસ્ટ્રોલનુ પ્રમાણ વધી જવાની બાબત પણ વધારે ઉંઘ તરફ પ્રેરિત કરે છે. હાઈપોથાઈરોઈડ અને ડાયાબિટીસની સ્થિતીમાં શરીરમાં મેટોલિજમ બગડી જાય છે. જેના કારણે કોશિકાઓને પુરતા પ્રમાણમાં ભોજન નહીં મળવાની સ્થિતીમાં આ સ્થિતી સર્જાય છે. આના કારણે શરીરની ઉર્જા ઝડપથી ખતમ થાય છે. જેથી થાક અને ઉંઘનો અનુભવ થાય છે. બ્રેક ફાસ્ટ મિસ કરવાની ઘણાને ટેવ હોય છે. મેટાબોલિજમને શરૂ કરવા માટે દરરોજ સવારમાં બ્રેકફાસ્ટ જરૂરી હોય છે. નાસ્તો ન કરવાની સ્થિતીમાં દિવસ દરમિયાન થાક લાગે છે. પ્રોટીન, ગુડ ફેટના કોમ્બિનેશનવાળા નાસ્તાની જરૂર હોય છે. શરીરમાં પાણીની કમી હોવાની સ્થિતીમાં પણ થાકનો અનુભવ થાય છે. ભરપુર પ્રમાણમાં પાણી પીવાથી ફાયદો થાય છે. જ્યારે ભરપુર પ્રમાણમાં પાણી ન પીવાથી લોહીનુ વોલ્યુમ ઘટી જાય છે. જેના કારણે શરીરમાં ઓક્સીડન અને જરૂરી પૌષક તત્વોના સંચારની ગતિ ઘટી જાય છે. હમેંશા ફોન પર ચોંટી રહેવાની બાબત પણ થાક માટેનુ કારણ છે. હાલના સમયમાં આ સમસ્યા તમામને જોવા મળે છે. હકીકતમાં લાંબા સમય સુધી સ્ક્રીનપર નજર રાખવાથી શરીરના પૂર્ણ સિસ્ટમ પર તેની અસસર થાય છે. જેથી નિંદ આડે તકલીફ ઉભી થાય છે. આના કારણે સુસ્તી આવતી રહે છે. ચા અને કોફી વધારે પ્રમાણમાં શરીરમાં જવાથી ઉંઘને પ્રતિકુળ અસર થાય છે. નિંદ પુરી ન થવાની સ્થિતીમાં પણ નિંદ સતત આવતી રહે છે. આની સીધી અસર કામ પર જોવા મળે છે.

નાગરિકોને શ્વાસ લેવા માટે સ્વચ્છ હવા આપવાનો પડકાર છે

વાયુ પ્રદુષણ સંકટનો પણ ઉકેલ છે

જો અમેરિકાના અનુભવને લઈને શીખી શકીશુ તો જે સિદ્ધી હાંસલ કરવામાં ૪૦ વર્ષ લાગ્યા તેને ઓછા સમયમાં હાંસલ કરી શકાશે



બીજા વિશ્વ યુદ્ધના ગાળા દરમિયાન વર્ષ ૧૯૪૩માં એક દિવસે સવારે લોસએન્જલસમાં લોકો ઉઠ્યા ત્યારે તેમની આંખોમાં બળતરા થઈ રહ્યા હતા. હવામાં બ્લીચની અસર જોવા મળી રહી હતી. નજર એટલી કમજોર પડી ગઈ હતી કે કેટલાક દુરના બ્લોક જ દેખાઈ રહ્યા હતા. કેટલાક લોકોને એ વખતે લાગ્યુ હતુ કે શહેર પર હુમલો કરવામાં આવી ચુક્યો છે. ટુંક સમયમાં જ સ્પષ્ટતા કરવામાં આવી કે કોઈ બહારના તત્વના કારણે નહીં બલ્કે કારખાના અને વાહનોના કારણે આ ધુમાડાની અસર જોવા મળી રહી છે. વાયુ પ્રદુષણની સાથે લોસએન્જલસની આ લાંબી લડાઈની માત્ર શરૂઆત હતી. શહેરમાં વાયુ પ્રદુષણ તેની ભૌગોલિક સ્થિતીના કારણને પણ વધી જાય છે. તેના ઉત્તર અને પૂર્વમાં સ્થિત પહાડોના કારણે વાતાવરણમાં એક પ્રકારની સપાટી ઉભી કરી નાંખે છે. જે પ્રદુષણને પોતાની અંદર આવરી લે છે. જો કે તેની પ્રકૃતિ અલગ પ્રકારની રહેલી હતી. વર્ષ ૧૯૪૮માં આવા જ પ્રકારના પ્રદુષણના કારણે પેનસિનલ્વેનિયાના નાના શહેર ડોનોરામાં ૨૦ લોકોના મોત થઈ ગયા હતા. સાથે સાથે આ શહેરની વસ્તી પૈકી અડધી વસ્તી બિમાર થઈ ગઈ હતી. આવી જ રીતે વર્ષ ૧૯૫૩માં છ દિવસ સુધી ન્યુયોર્ક શહેરમાં ટકી ગયેલા સ્મોગના કારણે ૨૩૦ લોકોના મોત થઈ ગયા હતા. દુષિત હવાના કારણે અમેરિકામાં પહેલાથી જ લોકોના મોત થઈ રહ્યા હતા. પરંતુ વર્ષ ૧૯૫૫માં યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકાએ તેના પ્રથમ બંધારણીય વાયુ પ્રદુષણ કાનુન પસાર કરીને નવી લડાઈની શરૂઆત કરી હતી. ત્યારબાદ કોંગ્રેસે ૧૯૭૦માં ક્લીન એર એક્ટ બનાવવામાં ૧૫ વર્ષ બીજા લાગી ગયા હતા. ત્યારબાદ બાજ નજર અને સાવચેતીના પગલા લેવામાં આવ્યા હતા. પરિણામે ૧૯૭૦થી લઈને ૨૦૧૭ સુધી છ સામાન્ય પ્રદુષક તત્વોના કુલ રાષ્ટ્રીય ઉત્સર્જન સરેરાશ ૭૩ ટકા ઘટી જતા તેના સારા પરિણામ હાથ લાગ્યા હતા. આજે અમેરિકા કેટલાક એવા દેશોમાં સામેલ છે જ્યાં હવા દુનિયામાં સૌથી વધારે સ્વચ્છ છે. સમય લાગ્યો પરંતુ એક સાર્થક પરિવર્તનની દિશામાં પગલુ લેવાયુ હતુ. આજે ભારત એજ પડકાર અને સમસ્યાનો સામનો કરે છે જે સમસ્યાનો સામનો અમેરિકાએ ભુતકાળમાં કર્યો હતો. જો ભારત અમેરિકાના અનુભવને લઈને શીખે છે તો તેને ફાયદો થઈ શકે છે. ભારતમાં અમેરિકાના રાજદુત કેનેથ જસ્ટરે કહ્યુ છે કે જે સિદ્ધી હાંસલ કરવામાં અમને ૪૦ વર્ષ લાગ્યા તેને હાંસલ કરવામાં ભારત ઓછા સમયમાં સમસ્યાનો ઉકેલ શોધી શકે છે. માત્ર ઈચ્છાશક્તિ એટલી રાખવી પડશે કે અમને અમારા નાગરિકોને સ્વચ્છ હવા આપવાની છે. મજબુત ઈચ્છાશક્તિ વગર આ સમસ્યા અને પડકારને પાર પાડી શકાશે નહીં. અમે જે બોધપાઠ લઈ ચુક્યા છીએ તે નાના હતા. સૌથી પહેલા તો વૈજ્ઞાનિક સમજદારી વિકસિત કરવાની જરૂર છે. વાયુ પ્રદુષણ કેમ થાય છે તે સમજી લેવાની જરૂર છે. સ્વચ્છ વાયુ બનાવવા કાનુન કઈ રીતે તૈયાર કરવામાં આવે. ટેકનોલોજી પણ આ જ રીતે વિકસિત કરવામાં આવે તે જરૂરી છે. વાયુ પ્રદુષણ એક લાંબા ગાળાના પડકાર તરીકે છે જેથી આયોજન પણ જરૂરી છે. લોસ એન્જલસના આધાર પર બોધપાઠ લઈ શકાય છે. હવાને સ્વચ્છ કરવાના પ્રયાસો અવિરત જારી રાખવામાં આવી રહ્યા છે. જાણકાર લોકો કહે છે કે સ્વચ્છ હવાના આર્થિક લાભ માત્ર સારા આરોગ્ય અને ઉત્પાદકતા સુધી મર્યાદિત નથી. સ્વચ્છ હવા પેદાશમાં પણ વધારો કરે છે. જેના કારણે ખેડુતો અને વન્ય કર્મચારીઓને ફાયદો થાય છે. તે પ્રવાસ અને મનોરંજન તેમજ સ્વસ્થ જીવન માટે પણ પ્રોત્સાહન આપે છે. ઈપીએના તાજેતરના એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સ્વચ્છ હવા જુદી જુદી રીતે રીતે સીધો ફાયદો કરાવે છે. લોસએન્જલસની હવાની ગુણવત્તા હાલના વર્ષોમાં જે રીતે બગડી ગઈ છે તેના પર વૈજ્ઞાનિક રીતે પૂર્ણ રીતે અંકુશ મુકવાની બાબત સરળ નથી. છતાં હવાની ગુણવત્તા પર નજર રાખવામાં આવી રહી છે. સાથે સાથે આ પડકારને પહોચી વળવાના તમામ પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. એવી ધારણા પણ રહેલી છે કે વાયુ પ્રદુષણને ઘટાડી દેવાથી આર્થિક વૃદ્ધિ પર પ્રહાર થાય છે. અમારા અનુભવ આને સમર્થન આપતા નથી. અમેરિકાના સવારી વાહનો વર્ષ ૧૯૬૦ના દશકની કારની તુલનામાં ૯૮થી ૯૯ ટકા વધારે સ્વચ્છ છે. અને હવાની ગુણવત્તામાં સુધારો થઈ રહ્યો છે. જ્યારે પહેલા કરતા વધારે લોકો આજે વાહનો ચલાવી રહ્યા છે. અમેરિકામાં લેવામાં આવી રહેલા પગલાના કારણે કાર અને અન્ય વાહનોના કારણે થનાર પ્રદુષણમાં પણ ઘટાડો થઈ રહ્યો છે. અમેરિકામાં હવાની ગુણવત્તાને સુધારી દેવાના પ્રયાસો અવિરત રીતે કરવામાં આવે છે. જેનો લાભ તમામ લોકોને મળતો રહે છે. સાથે સાથે લોકોની લાઈફસ્ટાઈલ પણ સ્વસ્થ રહે છે. વાહન ઉત્સર્જનના નિયમોમાં પણ વ્યાપક ફેરફારો કરવામાં આવ્યા છે.

ભારત-અમરિકાના વૈજ્ઞાનિકો મળીને હવાને સ્વચ્છ કરવા લાગેલા છે

વાયુ પ્રદુષણ રોકવા અમેરિકા સાથે છે

અમેરિકા ઉત્સર્જનને ઘટાડી શકે તેવા સાધનો, આધુનિક ઈલેક્ટ્રિક ટેકનોલોજી સાધનો દ્વારા ભારતની મદદમાં : હવાની ગુણવત્તા પર કામ



વાયુ પ્રદુષણને લઈને પારસ્પરિક વધારે સારી સમજ ઉભી કરવા અને વાયુ પ્રદુષણના સ્તરને ઘટાડી દેવા માટે ભારત અને અમેરિકાના વૈજ્ઞાનિકો ખુબ નજીકના અંતરથી કામ કરી રહ્યા છે. જો કે અમેરિકાનુ સૌથી મોટી યોગદાન તેના દ્વારા ભુતકાળમાં કરવામાં આવેલા સંઘર્ષને લઈને હોઈ શકે છે. જો અમેરિકાના સંઘર્ષથી ભારત શિખી શકશે તો લાભ વહેલી તકે થશે. અમેરિકા વાયુ પ્રદુષણને ઘટાડી દેવા માટે ભારતના પ્રયાસોમાં મદદરૂપ છે. અમારી પાસે કેટલાક મદદરૂપ બને તેવા ટેકનોલોજી નિષ્ણાંત લોકો રહેલા છે. સાથે સાથે ટોપના સાધન પણ છે. જે વાયુ પ્રદુષણના સ્તરને ઘટાડી શકે છે. જેમાં કે સ્કબર છે. જે તાપ વીઝળી સાધનો અને ઉપકરણોમાંથી નિકળનાર ઉત્સર્જનના પ્રમાણને ઘટાડી દે છે. એવા સાધનો પણ ઉપયોગી રહે છે જે ડિઝલના વાહનોમાં રેટ્રોફિટ થઈ જાય છે. સાથે સાથે ઉત્સર્જન ઘટાડી નાંખે છે. આ ઉપરાંત પણ અતિ આધુનિક ઈલેકટ્રિક વાહન ટેકનોલોજી છે. અમારા વૈજ્ઞાનિકો અમેરિકાના વૈજ્ઞાનિકો સાથે મળીને કામ કરી રહ્યા છે. અમેરિકાના નિષ્ણાંતો પણ એક બાબત તો કબુલ કરે છે કે ભારતીય લોકો અને સરકાર યોગ્ય દિશામાં આગળ વધી રહી છે. વાયુ પ્રદુષણને ઘટાડી દેવામાં આવનાર દિવસોમાં મદદ મળી શકે છે. ભારત વાયુ પ્રદુષણને રોકવા માટે સતત પ્રયાસરત છે. ભારત દ્વારા સ્થાનિક ડેટા પર ભાર મુકે છે. જેના આધાર પર નક્કર ઉકેલ શોધી કાઢવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અમેરિકા આ દિશામાં ભારતને સહાયતા કરવા માટે તૈયાર છે. અમેરિકા પણ માને છે કે પોતાના સમૃદ્ધ ભવિષ્ય માટે ભારત પણ સ્વસ્થ રહે તે જરૂરી છે. વાયુ પ્રદુષણ કેટલા હદ સુધી ખતરનાક બને છે તેના પુરવા વારંવાર અભ્યાસ મારફતે મળતા રહે છે. જીનેવા સ્થિત વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ) એ પોતાના અહેવાલમાં કહ્યું છે કે દર વર્ષે વાયુ પ્રદુષણના કારણે વિશ્વભરમાં ૨ મિલિયન અથવા તો ૨૦ લાખ લોકોના મોત થઈ જાય છે. ડબલ્યુએચઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટામાં આ મુજબ જણાવવામાં આવ્યું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૫૧ દેશોના ૧૧૦૦ શહેરોમાંથી આંકડા એકત્રિત કરવામાં આવ્યા છે. આ આંકડા મુજબ હવાઈ પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. આના કારણે હાર્ટ સાથે સંબંધિત રોગ, ફેંફસાના કેન્સર, અસ્થમા અને શ્વાસ લેવાની તકલીફ તેમજ અન્ય ઈન્ફેક્શન રોગોનો સમાવેશ થાય છે. ઘણા શહેરી વિસ્તારોમાં આ તમામ રોગ સામાન્ય બની ચૂક્યા છે. કેટલાક શહેરોમાં પ્રદૂષણની સપાટી ડબલ્યુએચઓની માર્ગદર્શિકાની સરખામણીમાં ૧૫ ઘણી વધારે છે. વિકાસશીલ અને વિકસીત બંને દેશોમાં હવાઈ પ્રદૂષણ માટે જે પરિબળો જવાબદાર છે તેમાં વાહન પરિવહન, નાના પાયાના ઉદ્યોગો અને અન્ય મોટા ઉદ્યોગોનો સમાવેશ થાય છે. ઉપરાંત બાયોમાસ સળગાવવા અને કુકીંગ માટે કોલસાને લઈને પણ પ્રદુષણ ફેલાય છે. હવાઈ પ્રદુષણમાં અન્ય પરિબળો પણ યોગદાન આપે છે. વાયુ પ્રદુષણ રોકવામાં આવે તે જરૂરી છે.

બી એલર્ટ : જરૂર કરતા વધારે ઉંઘ આવે છે તો ધ્યાન આપવાન જરૂર

વધુ ઉંઘ થાક નહીં બિમારીના સંકેત

રાત અને દિનમાં પુરતી ઉંઘ મળી હોવા છતાં પણ જો કોઈ વ્યક્તિ દિવસભર ઉંઘ લેતી નજરે પડે છે તો તે આળસ નહી બલ્કે બિમારીના સંકેતો છે અને સાવધાન થઈ જવાની જરૂર છે. પુરતા પ્રમાણમાં ઉંઘ લીધા બાદ પણ હમેંશા જો ઉંઘ આવતી રહે છે તો ડિપ્રેશન, ઈન્સોમેનિયા, ડાયાબિટીસ, હાર્ટ ડિસિઝ અથવા તો અન્ય બિમારીના લક્ષણ હોઈ શકે છે. વય અને શારરિક સ્થિતી મુજબ તમામની ઉંઘ અથવા નિંદની અવધિ જુદી જુદી હોય છે. પરંતુ જરૂર કરતા વધારે પ્રમાણમાં ઉંઘ અને વધુ ઉંઘ છતાં પણ કમજોરી લાગે છે તો ખતરનાક સંકેતો છે. ઉંઘ પુરતા પ્રમાણમાં આવી હોવા છતાં સતત ઉંઘ ફિટ નહીં હોવાના સંકેતો આપે છે. કેટલીક બિમારી હોવાના સંકેત આપે છે જેને લઈને અમે વાત કરવા જઈ રહ્યા છીએ. હમેંશા ઉંઘ આવવી અને શરીરમાં કમજોરીનો અનુભવ થવાની બાબત ડિપ્રેશનનો સંકેત આપે છે. આવી સ્થિતીમાં વ્યક્તિનુ કોઈ પણ પ્રકારના કામમાં મન લાગતુ નથી. તેને દિવસભર ઉંઘતા રહેવાની ઈચ્છા થાય છે. ઓબ્સટક્ટિવ સ્લીપ એપ્નિયાનો સીધો સંબંધ ઉંઘ અને શ્વાસ લેવા સાથે સંબંધિત છે. આમાં ઉંઘી જવાની સ્થિતીમાં નાક અને મોના ઉપરના હિસ્સામાં હવા ભરાઈ જાય છે. જેના કારણે મોથી વ્યક્તિ શ્વાસ લેવાની શરૂઆત કરે છે. જ્યારે હવાના દબાણના કારણે નાકથી અવાજ આવવા લાગી જાય છે. આ બિમારીની સ્થિતીમાં ફેફસાને હવા બહાર નિકાળવા માટે ભારે મહેનત કરવી પડે છે. આ બિમારીના મુખ્ય લક્ષણમાં નીંદમાં બેચેની, અનુભવ કરવાની બાબત સામેલ છે. દિવસમાં વધારે ઉંઘી જવાની બાબત અને હમેંશા સુસ્ત રહેવાની બાબત પણ જોવા મળે છે. હમેંશા થાકનો અનુભવ થાય છે. કોઈ ચીજ પર મન લાગી શકતુ નથી. ઉંઘતી વેળા શ્વાસમાં અડચણો પણ ઉભી થાય છે. આ તમામ બાબતો સ્લીપ અપ્નિયામાં જોવા મળે છે. આવી જ રતે ફાઈબ્રોમાએલ્જિયા નામની તકલીફ પણ થઈ શકે છે. આ રોગનુ મુખ્ય કારણ ચોક્કસ છે. માંસપેશીમાં પીડાની સાથે સાથે થાક લાગે છે. આ બિમારીની યોગ્ય ઓળખ અને સમજ ન હોવાની સ્થિતીમાં આની સારવારમાં ખુબ સમય લાગે છે. ફાઈબ્રોમાયલ્જિયા મસ્કુલોસ્લેટલના કામને પ્રભાવિત કરે છે. જેના કારણે તંત્રિકા તંત્ર પણ યોગ્ય દિશામાં કામ કરી શકતા નથી. આવી સ્થિતીમાં એકાગ્રતાની કમી રહે છે. થાક પણ લાગે છે. ઈડિયોપૈથિક હાઇપરસોમનિયા પણ જોવા મળે છે. કેટલાક કેસમાં આ તકલીફ રહે છે . જેમાં રાતના ગાળા દરમિયાન પુરતી ઉંઘ લેવામાં આવી હોવા છતાં દિનમાં લાંબા સમય સુધી ઉંઘ આવે છે. આ બિમારીમાં વ્યક્તિ ૧૦ કલાકથી પણ વધારે સમય સુધી ઉંઘી જાય છે. વધારે પ્રમાણમાં ઉંઘ છતાં તેને રિલેક્સનો અનુભવ થતો નથી. તેને ફરી ઉંઘી જવાની ઈચ્છા હોય છે. આવી રી રિકરેન્ટ હાઇપરસોમનિયામાં વધારે ઉંઘ આવે છે. આમાં ૧૮ કલાક સુધી વ્યક્તિ ઉંઘે છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે ઈડિયોપૈથિક હાઇપરસોમનિયામાં ૧૦ કલાક કરતા પણ વધારે ઉંઘ વ્યક્તિને આવે છે. વધારે ઉંઘ થાક નહી પરંતુ બિમારીના સંકેત તરીકે છે. પોતાની ડાઈટમાં કેળા, ગ્રીન ટી, સીતાફળના બિયા, ઓટમીલ, દહી, તરબુજ, અખરોટ અને પાલકનો ઉપયોગ કરી શકાય છે. ભોજનમાં હમેંશા હાઇ ફાઈબરવાળા ફુડસનો ઉપયોગ કરવાની સલાહ નિષ્ણાંત લોકો આપે છે. કારણ કે તેમાં કોમ્પ્લેક્સ કાર્બોહાઈડ્રેટનુ પ્રમાણ વધારે હોય છે. આના કારણે બ્લડ સુગર કન્ટ્રોલ રહે છે. થાક લાગતી નથી. બે વખત પેટ ભરીને ભોજન કરવાના બદલે થોડીક થોડીક વારમાં હેલ્થી ચીજ વસ્તુઓ ખાવાની ટેવ પાડવી જોઈએ. આના કારણે બ્લડ સુગર કન્ટ્રોલમાં રહે છે. દિવસમાં એક વખત પાલક ચોક્કસપણે ખાવાની સલાહ નિષ્ણાંતો આપે છે. કારણ કે તેમાં પોટેશિયમ અને આયરનની સાથે સાથે વિટામિન બી ગ્રુપના કેટલાક વિટામીન હોય છે. જે શરીરને ઉર્જાવાન બનાવવામાં ભૂમિકા અદા કરે છે. ધ્યાન યોગ કરવાની પણ સલાહ આપવામાં આવે છે. હમેંશા સકારાત્મક વિચારધારા રાખવાની જરૂર હોય છે. વધારે પ્રમાણમાં ચા કોફીનો ઉપયોગ કરવો જોઈએ નહી. દિવસ દરમિયાન થોડાક થોડાક પ્રમાણમાં પાણી અથવા તો કોઈ પ્રવાહીનો ઉપયોગ કરતા રહેવાની જરૂર હોય છે. આના કારણે શરીરમાં ઉર્જા રહે છે. હાનિકારક તત્વો બહાર નિકળે છે. સંકેતોને ઓળખી કાઢીને બિમારીથી દુર રહી શકાય છે. દર વખતે ઉંઘતા રહેવાની ઈચ્છા થવાનો અર્થ એ છે કે શરીરમાં આયરનની પણ કમી છે. થાક અને ઉશ્કેરણીજનક વર્તન આના લીધે થાય છે. આયરનની કમીનો અર્થ એ છે કે માંસપેશિઓ અને કોશીકા સુધી ઓછા પ્રમાણમાં ઓક્સીજન પહોંચે છે. આવી સ્થિતીમાં આયરન જેમાં છે તે ચીજવસ્તુઓ વધારે ઉપયોગમાં લેવી જોઈએ. જેમાં રાજમા, લીલી શાકભાજીનો સમાવેશ થાય છે. વર્કઆઉટ ન કરવાની બાબત પણ તકલીફ સર્જે છે. નિયમિત રૂટીનમાં વર્કઆઉટને સામેલ કરવાથી કેટલીક સમસ્યા દુર થાય છે.

યસ બેંકે દાગી કંપનીઓને છૂટા હાથે લ્હાણી કરી અને લોકોના નાણાં ડૂબ્યા..!

જેટ એરવેઝ-એલએન્ડએફએસ, દિવાન હાઉસિંગને લોનો આપી અને આ કંપનીઓ ડૂબી ગઈ

મુંબઇ

ડૂબવાના આરે પહોંચેલી જાણીતી ખાનગી બેંક યસ બેંકના ખાતેદારોની હાલત કફોડી થઈ છે અને સરકારે કોઇના પૈસા ડૂબશે નહીં એવી જાહેરાતો કરી છે. પરંતુ આ બેંકે જ્યારે વ્યવહારમાં ચોખ્ખી નહીં એવી કંપનીઓને અબજો રૂપિયાની લોનો આપી ત્યારે જો રિઝર્વ બેંકે પગલા ભર્યા હોત તો આજે આ નોબત ન આવત, એમ આર્થિક બાબતોના જાણકારો માની રહ્યાં છે.

જાણકારોના જણાવ્યાં પ્રમાણે, યસ બેંકે દેશની આવી ઘણી કંપનીઓને લોન આપી હતી જે કાં તો કલંકિત છે અથવા જેમના નાણાકીય વ્યવહાર ચોખ્ખા કે સ્પષ્ટ નથી. કોઈ અન્ય બેંક આ કંપનીઓને લોન આપવા તૈયાર નહોતી એવી કંપનીઓને યસ બેંકે છૂટા હાથે લ્હાણી કરી હતી. આ યાદીમાં એલએન્ડએફએસ, દિવાન હાઉસિંગ, જેટ એરવેઝ, કોક્સ એન્ડ કિંગ્સ, સીજી પાવર અને કેફે કોફી ડે જેવી કંપનીઓ શામેલ છે, જેને યસ બેંક દ્વારા લોન આપવામાં આવી હતી. આ બધી કંપનીઓ કાં તો આર્થિક રીતે પાયમાલ થઈ ગઈ છે અથવા તેમની એનપીએ રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ છે.

વિદેશી બેંકર રાણા કપૂરે કોર્પોરેટ ક્ષેત્રમાં જબરદસ્ત નેટવર્કિંગ કર્યું હતું. તેમણે ૨૦૦૮ પછી મોટાભાગની લોનનું વિતરણ કર્યું હતું. ત્યારથી ભારતની આર્થિક સ્થિતિ કથળવાની શરૂઆત થઈ. છેલ્લા ત્રણ-ચાર વર્ષોમાં, તેઓએ જે કંપનીઓને લોન આપી હતી તેમાંની મોટાભાગની કંપનીઓ ડૂબવા માંડી હતી અને યસ બેંકની એનપીએ વધવા માંડી હતી. જોકે યસ બેંકે છેલ્લા કેટલાક મહિનાઓમાં આર્થિક સ્થિતિમાં સુધારો લાવવા માટે ઘણા પ્રયત્નો કર્યા હતા પરંતુ સફળતા મળી નથી.

યસ બેંક બહુ જૂની નથી. ૨૦૦૪ માં, રાણા કપૂરે આ બેંકની શરૂઆત તેના સંબંધી અશોક કપૂર સાથે કરી હતી. ૨૬/૧૧ ના મુંબઈ હુમલામાં અશોક કપૂરનું મોત નીપજ્યું હતું, ત્યારબાદ બેંકની માલિકી અંગે અશોક કપૂરની પત્ની મધુ કપૂર અને રાણા કપૂર વચ્ચેની લડાઈ થઈ હતી. મધુને તેની પુત્રી માટે બોર્ડમાં સ્થાન જોઈએ છે. સ્થાપનાના ૪ વર્ષ પછી જ, કૌટુંબિક ઝઘડો બેંક પર વર્ચસ્વ શરૂ કર્યો અને આજે તે અહીં પહોંચી ગયો છે.

જ્યારે ૨૦૦૮ માં અશોક કપૂરનું અવસાન થયું ત્યારે કપૂર પરિવારમાં અણબનાવ હતો. અશોકની પત્ની મધુ તેની પુત્રી શગુનને બેંકના બોર્ડમાં સમાવવા માંગતી હતી, આ કેસ મુંબઈની એક કોર્ટમાં પહોંચ્યો, જેમાં રાણા કપૂરે જીત મેળવી હતી. ટૂંકા સમય માટે તકરારનો અંત આવ્યો અને રણવીર ગિલને બેંકના એમડી નિયુક્ત કરવામાં આવ્યા. આ સમયગાળા દરમિયાન, કોર્પોરેટ ગવર્નન્સના કેસો પ્રકાશમાં આવ્યા હતા અને બેંક દેવાથી ડૂબી ગઈ હતી. ધીરે ધીરે સમય બદલાયો અને પ્રમોટરોએ તેમનો હિસ્સો વેચવાનું શરૂ કર્યું હતું.

સોનામાં એક જ દિવસમાં ૧૫૦૦ રૂપિયાનો વધારો

ન્યુ દિલ્હી

અસલી સોનાની ચમકની માફક તેના ભાવમાં પણ ચળકાટ વધતી જાય છે. સોનામાં એક જ દિવસમાં ૧૫૦૦ રૂપિયાનો વધારો જોવા મળ્યા છે. ૧૦ ગ્રામ સોનાનો ભાવ ૪૫,૬૫૦ પર પહોંચ્યો છે. તો બીજી તરફ લગ્નની સિઝન પણ ચાલી રહી છે.

ત્યારે લગ્નસરામાં ખરીદી કરવા આવેલા ગ્રાહકો ૨૫ ટકા ઓછું સોનું ખરીદી કરી રહ્યા છે. સોની વેપારીઓનું કહેવું છે કે, સોનાના ભાવ વધી રહ્યા છે તે જોતા લોકો સોનું ખરીદી કરવાનું ટાળી રહ્યા છે. ઉલ્લેખનિય છે કે સોનાનો ભાવ વધવા પાછળ કોરોના વાયરસની અસર જોવામાં આવી રહી છે. સાથે જ અમેરિકન ફેડરલ બેંક દ્વારા ૦.૫૦ ટકા વ્યાજ ઘટાડો કરતા સોનાના ભાવમાં વધારો થયો છે.

મ.પ્રદેશમાં રાજકીય નાટકઃ કોંગ્રેસ ધારાસભ્ય હરદીપ સિંહ ડંગેનું રાજીનામું

ભોપાલ

મધ્ય પ્રદેશની કમલનાથ સરકારની મુશ્કેલી હવે ખરેખર વધવા લાગી છે. મંદસૌરની સુવસરા વિધાનસભા સીટથી કોંગ્રેસના ધારાસભ્ય હરદીપ સિંહ ડંગે રાજીનામું આપી દીધું છે. 'જુગાડ'ના બહુમત પર ચાલી રહેલી કમલનાથ સરકાર માટે આ રાજીનામું ખતરાની ઘંટી જેમ છે. જો વધુ કોઈ ધારાસભ્ય રાજીનામું આપે છે તો બહુમતનો આંકડો ઓછો થશે અને કમલનાથની સરકાર પડી શકે છે.

હરદીપ સિંહ ડંગ તે ચાર ધારાસભ્યોમાં સામેલ છે, જેમને બેંગલુરૂ લઈ જવાની વાત સામે આવી રહી હતી. કોંગ્રેસનો આરોપ છે કે વિપક્ષી ભારતીય જનતા પાર્ટી હોર્ટ ટ્રેડિંગ કરીને કમલનાથ સરકારને પાડવા ઈચ્છે છે. તો ભાજપનું કહેવું છે કે કોંગ્રેસમાં એટલા જૂથ છે કે તે એકબીજાને નીચા દેખાડવામાં લાગ્યા છે.

તો લાપતા ચાલી રહેલા કોંગ્રેસના ધારાસભ્ય બિસાહુલાલ સિંહના ગુમ થવાનો કેસ ભોપાલના ટીટી નગરમાં નોંધાવવામાં આવ્યો છે. છેલ્લા ત્રણ દિવસથી ધારાસભ્ય બિસાહુલાલ સિંહ ગાયબ છે. આ પહેલા મંગળવારે મોડી રાત્રે રાજકીય નાટક તે સમયે શરૂ થયું, જ્યારે મધ્ય પ્રદેશમાં કોંગ્રેસ, બીએસપી અને એસપીના કુલ ૯ ધારાસભ્યો અચાનક ગાયબ થઈ ગયા હતા.

બિહારમાં ઉંદરે ડેમ તોડ્યો, દવાઓ ગળી, દારૂ પણ પી ગયો!

સરકારનો વિરોધ કરવા વિધાનસભામાં ઉંદર લઈને પહોંચ્યા ધારાસભ્ય...!!

પટના

બિહાર વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન શુક્રવારે એક અજીબોગરીબ ઘટના જોવા મળી. આરજેડીના ધારાસભ્ય સુબોધ કુમાર રાય એક જીવતો ઉંદરને પાંજરામાં લઈ બિહાર વિધાનસભામાં લઈ પહોંચી ગયા હતા. આરજેડી ધારાસભ્યએ કહ્યું કે, બિહારમાં ડેમને ખાનાર, દારૂ પીનાર અને હોસ્પિટલમાં રાખેલા સ્લાઈન પીનાર આપરાધી ઉંદર પકડાઈ ગયો છે. રાયે કહ્યું કે, આજે રાજ્યની એનડીએ સરકારએ આ બદમાશ ઉંદરને સખત સજા કરવામાં આવે. આરજેડી સાથે ઉંદરને લઈ આ પ્રદર્શનમાં કોંગ્રેસના ધારાસભ્યો પણ જોડાયા હતાં. આ દરમિયાન સામેલ થયા હતા. આ દરમિયાન વિધાન પરિષદના ગેટ પર ખુબ જ સમય સુધી ઉંદરને લઈ નાટક ચાલતું રહ્યું. તમને જણાવી દઈએ કે, વિધાનસભાની ચૂંટણી સપ્ટેમ્બર-ઓક્ટોમ્બરમાં થઈ શકે છે. તેને જોતા રાજ્યમાં સત્તારૂઢ ગઠબંધનમાં વાર-પલટવાર શરૂ થઈ ગયો છે. સંભવત આવું પ્રથમવાર થયુ છે, જ્યારે વિધાનમંડળ સત્ર દરમિયાન કોઈ ધારાસભ્ય જીવીત ઉંદરને લઈ વિધાનસભામાં પહોંચ્યા હોય. આ દરમિયાન સમગ્ર મામલામાં પૂર્વ સીએમ રાબડીદેવીનો સાથ મળી ગયો છે. રાબડી દેવીએ કહ્યું કે, કેટલાક વર્ષ પહેલા જળ સંસાધન વિભાગનો બાંધ તૂટી ગયો હતો. ત્યારે તત્કાલિન મંત્રી લલન સિંહે કહ્યું હતું કે, ઉંદરના કારણે બાંધ તૂટી ગયો છે. નીતીષ કુમારની સરકાર ઉંદરો પર દોષારોપણ કરે છે. માટે સજા અપાવવા માટે આરજેડીના સદસ્યો ઉંદરને લઈ વિધાનસભામાં પહોંચ્યા છે.

૭ સાંસદોને કયા આધારે સસ્પેન્ડ કરાયા તેની જાણકારી આપો

કોંગ્રેસ સાંસદ અધીર રંજને પોતાના સાંસદોની તુલના ખિસ્સાકાતરુઓ સાથે કરી..!!

ન્યુ દિલ્હી

કોંગ્રેસનાં ૭ સભ્યોને સસ્પેન્ડ કર્યાનો મુદ્દો સોમવારનાં લોકસભામાં ઉઠ્યો. દિલ્હી હિંસા પર ચર્ચા કરવાની માંગ કરવાને લઈને હંગામો કરનારી કોંગ્રેસને ઘેરવા માટે વધુ એક મુદ્દો મળી ગયો. લોકસભામાં કોંગ્રેસનાં સાંસદોએ જોરદાર હોબાળો કર્યો. આ દરમિયાન કોંગ્રેસ સાંસદ અધીર રંજન ચૌધરીએ એક અજીબ નિવેદન પણ આપ્યું છે. તેમણે પોતાના સાંસદોની તુલના ખિસ્સાકાતરુઓ સાથે કરી દીધી.

અધીર રંજને કહ્યું કે, "અમે આસનનું સન્માન કરીએ છીએ. અમારા ૭ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા. સદનમાં અમે લોકો માંગ કરતા આવ્યા છીએ કે દિલ્હી હિંસા પર ચર્ચા થાય, પરંતુ એક સાથે ૭ સાંસદોને કયા આધાર પર સસ્પેન્ડ કરવામાં આવ્યા તેની જાણકારી અમને આપો." અધીર રંજને કહ્યું કે, આ નાની વાત નથી અને કહ્યું કે ખિસ્સાકાતરુઓને ફાંસીની સજા નથી આપવામાં આવતી.

આ જવાબમાં સંસદીય કાર્યમંત્રી પ્રહલાદ જોશીએ કહ્યું કે, "હું સ્પષ્ટ કરવા ઈચ્છુ છું કે સરકાર વિરોધ પક્ષને બહાર રાખીને કાર્યવાહી ચાલુ રાખવા નથી ઈચ્છતી. કાલે જે થયું તે ભારતનાં ૭૦ વર્ષનાં ઈતિહાસમાં ક્યારેય નથી થયું." તેમણે કહ્યું કે, "સસ્પેન્ડ કરવાની તુલના ખિસ્સાકાતરુ ના કરી શકાય. આ તુલના કરવી યોગ્ય નથી." પ્રહલાદ જોશીએ કહ્યું કે, "જ્યારે કોરોના વાયરસ પર ચર્ચા કરવા માટે કોઈ નેતાની વિરુદ્ધ ખોટી ટિપ્પણી કરી તો તેમને તરત કાર્યવાહીથી નીકાળવામાં આવ્યા. તમે લોકો પણ ઘણીવાર પીએમ મોદી-અમિત શાહની વિરુદ્ધ ખરું-ખોટું બોલી ચુક્યા છો, પરંતુ આવા સભ્યોની વિરુદ્ધ કંઈ ખાસ નથી કરવામાં આવ્યું.

હાઈકોર્ટે કેન્દ્ર સરકાર,દિલ્હી પોલીસ પાસે જવાબ માંગ્યો,વધુ સુનાવણી ૧૨ માર્ચે

દિલ્હી હિંસાઃ ભાજપ નેતાઓ વિરુદ્ધ ફરિયાદની માંગ કરતી અરજી પર સુનાવણી ટળી

ન્યુ દિલ્હી

દિલ્હી હિંસા અને તેના માટે જવાબદાર ગણાઈ રહેલા ૪ ભાજપ નેતાઓના ઉશ્કેરણીજનક નિવેદનના કેસમાં શુક્રવારે હાઈકોર્ટમાં સુનાવણી કરવામાં આવી હતી. આ દરમિયાન કોર્ટે કેન્દ્ર સરકાર, દિલ્હી પોલીસ અને અન્ય પક્ષોને ૧૨મી માર્ચ સુધી જવાબ આપવાનો આદેશ આપવામાં આવ્યો છે. કોર્ટે હિંસાના કેસમાં ધરપકડ કરાયેલા લોકોના નામ પ્રકાશિત કરવાની માંગ પર દિલ્હી સરકાર અને પોલીસને નોટિસ આપી છે. આ ઉપરાંત મૃતકોના ડીએનએ સેમ્પલ સુરક્ષિત રાખવાના આદેશ આપવામાં આવ્યા છે. હોસ્પિટલ સંચાલનને પણ મૃતકોનું પોસ્ટમાર્ટમ અને વીડિયોગ્રાફી કરાવવા અને ૧૧ માર્ચ સુધી અજાણી લાશોનો અંતિમ સંસ્કાર ન કરવાનું કહેવામાં આવ્યું છે.

ઉશ્કેરણીજનક નિવેદનોના કેસમાં સૌથી પહેલા સામાજિક કાર્યકર્તા હર્ષ મંદારે હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે, ભાજપ નેતા કપિલ મિશ્રા, પ્રવેશ વર્મા, અનુરાગ ઠાકુર અને અભય વર્માના નિવેદનોએ હિંસા ફેલાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. ઉત્તર-પૂર્વ દિલ્હીમાં ૨૩ થી ૨૫ ફેબ્રુઆરી વચ્ચે થયેલી હિંસક ઘટનાઓમાં અત્યાર સુધી ૫૩ લોકોના મોત થયા છે. ૨૦૦થી વધારે ઘાયલ છે.

પ્રારંભિક તપાસમાં પોલીસે આંતરરાષ્ટ્રીય કાવતરાની શંકા વ્યક્ત કરી હતી. આખા ઘટનાક્રમની તપાસ જૂંને સોંપવામાં આવી છે. આ ઉપરાંત પોલીસની બેદરકારીની તપાસ અને પીડિતોને વળતર આપવા માટે રિટાયર્ડ જજની અધ્યક્ષતામાં એક પેનલ બનાવાઈ છે.

એસબીઆઇ યસ બેન્કમાં રોકાણ કરશેઃ બોર્ડે સૈદ્ધાંતિક મંજૂરી આપી

મુંબઇ

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા બોર્ડ નાણાકીય સંકટનો સામનો કરી રહેલી યસ બેંકમાં રોકાણ કરવા માટે 'સૈદ્ધાંતિક' સ્વીકૃતિ આપી દીધી છે. એસબીઆઈના કેન્દ્રીય બોર્ડ ગુરુવારે એક બેઠકમાં મામલા પર ચર્ચા કરી. ગુરુવાર મોડી સાંજે એસબીઆઈ બોર્ડે શેર બજારોને સૂચિત કર્યા, 'યસ બેંકથી સંબંધિત મામલા પર ગુરુવારે બેંકના કેન્દ્રીય બોર્ડની બેઠકમાં ચર્ચા કરવામાં આવી અને બોર્ડ બેંકમાં રોકાણની તક શોધવા માટે સૈદ્ધાંતિક રીતે મંજૂરી આપી દીધી છે.

આ જાહેરાત ત્યારે કરવામાં આવી જ્યારે તેનાથી થોડાક કલાક પહેલા ભારતીય રિઝર્વ બેંકએ યસ બેંક પર પાબંદીઓ લગાવી અને એક મહિના માટે ડિપોઝિટરોના ઉપાડ પર મર્યાદા ૫૦ હજાર રૂપિયાની કરી દીધી તથા તેના બોર્ડને ભંગ કરી દીધું. અહેવાલો મુજબ સરકારે એસબીઆઈ અને એલઆઈસી બંનેને યસ બેંકમાં સામૂહિક રીતે ૪૯ ટકા શેર મેળવવા માટે કહ્યું છે.

ભારતીય રિઝર્વ બેંકએ ગુરુવારે નાણાકીય સંકટનો સામનો કરી રહેલી ખાનગી ક્ષેત્રની યસ બેંક પર પાબંદી લગાવતા તેના નિદેશક મંડળને ભંગ કરી દીધું છે. આ ઉપરાંત બેંકના ડિપોઝિટરો માટે ૫૦ હજાર રૂપિયાના ઉપાડ મર્યાદા નક્કી કરી છે. બેંક માટે એક પ્રશાસકની પણ નિયુક્તિ કરવામાં આવી છે. રિઝર્વ બેંકે સરકારની સાથે વિચાર વિમર્શ બાદ ડિપોઝિટરોના હિતના સંરક્ષણ માટે આ પગલું ઉઠાવ્યું છે.

અમૃત કૌરને ૧૯૪૭,ઇન્દિરા ગાંધીને ૧૯૭૬ માટે વુમન ઓફ ધ યર જાહેર કરાયા

ટાઈમ મેગઝીનઃ ૧૦૦ શક્તિશાળી મહિલાઓની યાદીમાં ઈન્દિરા ગાંધી,અમૃત કૌરનો સમાવેશ

ન્યૂયોર્ક

પૂર્વ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધી અને સ્વતંત્રતા સેનાની રાજકુમારી અમૃત કૌરને ટાઈમ મેગઝીનએ ૨૦મી સદીની દુનિયાની ૧૦૦ શક્તિશાળી મહિલાઓની યાદીમાં સામેલ કર્યા છે. ટાઈમે અમૃત કૌરને વર્ષ ૧૯૪૭ માટે અને ઈન્દિરા ગાંધીને વર્ષ ૧૯૭૬ માટે 'વુમન ઓફ ધ યર' જાહેર કર્યા છે. પ્રકાશકે તેના માટે વિશેષ કવર પણ બનાવ્યું છે.

ટાઈમે ઈન્દિરા ગાંધીના પરિચયમાં લખ્યું છે કે 'ભારતની સમ્રાજ્ઞી' ૧૯૭૬માં ભારતની મોટી અધિનાયકવાદી બની ગઈ હતી. બીજી તરફ અમૃત કૌરના પરિચયમાં જણાવવામાં આવ્યું છે કે યુવા રાજકુમારી ઑક્સફર્ડમાં અભ્યાસ કર્યા બાદ ભારત પરત ફર્યા અને તરત જ મહાત્મા ગાંધીની શિક્ષાથી ખૂબ પ્રભાવિત થઈ જાય છે. અમૃત કૌરનો જન્મ કપૂરથલાના શાહી પરિવારમાં થયો હતો. તેઓએ ભારતને અંગ્રેજ શાસનમાંથી મુક્ત કરાવવા માટે સંઘર્ષ કર્યો હતો. 'વુમન ઑફ ધ યર' શરૂ કરવાનું કારણ જણાવતા ટાઈમ મેગઝીને કહ્યું કે ૭૨ વર્ષ સુધી 'મેન ઑફ ધ યર' જાહેર કરવામાં આવ્યા જે હંમેશા કોઈ પુરુષ જ હતા. ૧૯૯૯માં લૈંગિક સમાનતા રીતે સંવેદનશીલ બનાવવા માટે 'મેન ઑફ ધ યર'ને 'પર્સન ઑફ ધ યર' કરવામાં આવ્યું. પત્રિકાએ કહ્યું કે, હવે '૧૦૦ વુમન ઑફ ધ યર'ની સાથે તે મહિલાઓને સ્થાન આપવામાં આવી રહ્યું જેમને અનેકવાર નજરઅંદાજ કરવામાં આવી હતી.

દિલ્હી હિંસમાં અફવા ફેલાવનાર યુવક પોલીસ જાપ્તામાંથી ભાગી આત્મહત્યા કરી

ન્યુ દિલ્હી

દિલ્હી હિંસામાં અફવા ફેલાવનાર ૨૩ અંશુમન પોલીસ જાપ્તામાંથી ભાગી આત્મહત્યા કરી લીધી છે. ઘટનાને પગલે એક એસઆઇ સહિત ચાર પોલીસને સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે. આ સાથે જ મેજિસ્ટ્રિયલ તપાસના પણ આદેશ આપવામાં આવ્યાં છે.

મીડિયા રિપોર્ટ અનુસાર અંશુમનની ગત રવિવારે રંજીત નગર સહિત દિલ્હીમાં રમખાણમાં અફવા ફેલાવ્યા હતી ત્યાર બાદ સમગ્ર દિલ્હીમાં અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો.

દિલ્હી પોલીસે સ્થાનિક લોકોની ફરિયાદને પગલે કાર્યવાહી કરી હતી. દરમિયાન સીસીટીવીના ફૂટેજ તપાસતા યુવક ખુલ્લી તલવાર લઈને નજરે ચડ્યો હતો. ત્યાર બાદ દિલ્હી પોલીસે સીસીટીવી ફૂટેજના આધરે આરોપી અંશુમનની ધરપકડ કરી. પોલીસે આરોપીની સામે અફવાહ ફેલાવાના અને આર્મ્સ એક્ટ અંતર્ગત એફઆઇઆર દાખલ કરી હતી. જોકે, ધરપકડ સમયે આરોપી પાસેથી તલવાર મળી નહતી. સોમવારના રોજ અંશુમનને એક કોન્સ્ટેબલની દેખરેખમાં છોડી પોલીસની એક ટીમ અંશુમનના ઘરે તલવાર શોધવા ગઇ હતી. ત્યારે આરોપી યુવક તર જોઇ બિલ્ડીંગના ત્રીજા માળે ચડી ગયો. પોલીસ આરોપીને પકડવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેણે ત્રીજા માળેથી છલાંગ લવાગી. જેમાં તે ગંભીર રીતે ઘાયલ થઇ ગયો. આરોપી યુવકની હોસ્પિટલમાં સારવાર ચાલી રહીં હતી જ્યાં આજે તેનું મોત નીપજ્યું.

અયોધ્યા કેસના ચુકાદા વિરુદ્ધ પીએફઆઇએ ક્યૂરેટિવ પિટિશન દાખલ કરી

ન્યુ દિલ્હી

પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાએ સુપ્રીમ કોર્ટમાં અયોધ્યા કેસના ચુકાદા વિરુદ્ધ ક્યુરેટિવ પિટિશન દાખલ કરી છે. ગત વર્ષે ૯ નવેમ્બર ૨૦૧૯એ સુપ્રીમ કોર્ટે અયોધ્યા કેસમાં ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટના તત્કાલિન ચીફ જસ્ટિસ રંજન ગોગોઈની આગેવાનીમાં પાંચ સભ્યોની બંધારણીય બેંચે કહ્યું કે, આ કેસમાં આસ્થાની આધારે નિર્ણય નહીં થાય. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આસ્થાની આધારે જમીનના માલિકના હક માટે ન આપી શકાય, ચુકાદો કાયદાકિય રીતે આપવામાં આવશે. સુપ્રીમ કોર્ટે વિવાદિત જમીનનો હક રામલલાને આપ્યો છે. જ્યારે મુસ્લિમ પક્ષને બીજી જગ્યાએ મસ્જિદ માટે જમીન આપવાની જાહેરાત કરી હતી. સુન્ની વક્ત બોર્ડને અયોધ્યામાં જ બીજી જગ્યાએ ૫ એકર જમીન આપવામાં આવશે.

૫૫૦ કરોડના ધન સંગ્રહ મામલે અહેમદ પટેલને આયકર વિભાગનું સમન્સ

ન્યુ દિલ્હી

આયકર વિભાગે પ્રથમ વખત કોઇ દળના ખજાનચીને ધનસંગ્રહ મામલે નોટિસ ફટકારી છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસને સમન્સ મોકલ્યા બાદ આયકર વિભાગે કોંગ્રેસના કોષાધ્યક્ષ અહેમદ પટેલને અઘોષિત પાર્ટી સંગ્રહ અને ચૂંટણીના ખર્ચ માટે ૫૫૦ કરોડ રૂપિયાથી વધુ રકમ માટે નોટિસ ફટકારી છે. ૨ એપ્રિલ ૨૦૧૯માં આઇટી વિભાગે મધ્ય પ્રદેશના કેટલાક સ્થાનો સહિત ૫૨ જગ્યાએ રેડ કરી હતી. તે બાદ ઓક્ટોબર ૨૦૧૯ અને ફેબ્રુઆરી ૨૦૨૦માં હૈદરાબાદ, વિજયવાડા અને અન્ય જગ્યાએ રેડ કરવામાં આવી હતી. આ રેડ બાદ આ સમન્સ પાઠવવામાં આવ્યુ છે. એપ્રિલ ૨૦૧૯ અને ઓક્ટોબર ૨૦૧૯માં રેડ દરમિયાન વિવિધ શહેરોમાં કોંગ્રેસ પાર્ટીના છ નેતાઓના ઘરે તપાસ કરવામાં આવી હતી. ૬ ફેબ્રુઆરી, ૨૦૧૦માં ૪૦ ઠેકાણાની તપાસ કરવામાં આવી હતી જેમાં મોટા ભાગની ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની મેઘા એન્જિનિયરિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ સાથે જોડાયેલી હતી. ૧૧ ફેબ્રુઆરીએ અહેમદ પટેલને તેમના વ્યક્તિગત ઉપસ્થિતિનું સમન્સ મોકલવામાં આવ્યુ. જેમાં તેમણે ૧૪ ફેબ્રુઆરીએ હાજર રહેવા કહેવામાં આવ્યુ હતું અને એક બીજુ સમન્સ પણ પાઠવવામાં આવ્યુ છે.

બેંગ્લુરુ-મેંગ્લોર નેશનલ હાઈ-વે પર અકસ્માત સર્જાયો

કર્ણાટકમાં બે કાર વચ્ચે જીવલેણ અકસ્માતઃ ૧૩ લોકોના મોત

બેંગ્લુરુ

કર્ણાટકના તુમકુરુ જિલ્લામાં આજે વહેલી સવારે સર્જાયેલા એક ગમખ્વાર અકસ્માતમાં કુલ ૧૩ લોકોએ જીવ ગુમાવ્યા છે. કર્ણાટક પોલીસના જણાવ્યા અનુસાર, કાર અને એસયુવી વચ્ચે થયેલી ટક્કરમાં પાંચ મહિલાઓ અને બે બાળકો સહિત ૧૩ લોકોનાં મોત થયાં છે.

આજે પરોઢિયે તુમકુરુ જિલ્લામાં આવેલા કુનિગલ નજીક આ અકસ્માત સર્જાયો હતો. તુમકુરુ જિલ્લા પોલીસને અકસ્માત અંગે બાતમી મળી હતી. ઘટનાસ્થળ પર હાજર એક પોલીસ અધિકારીના જણાવ્યાં અનુસાર, આ અકસ્માત એટલો ગંભીર હતો કે સ્થળ પર જ ૧૨ લોકોનાં મોત નીપજ્યાં હતાં.

હોસ્પિટલમાં સારવાર દરમિયાન એક બાળકનું પણ મોત નીપજ્યું હતું, જ્યારે પાંચ લોકોની હાલત હાલ અતિ ગંભીર છે. તુમકુરુના એસપી વામસી કૃષ્ણાએ આ અંગે જણાવ્યું હતું કે, અકસ્માત દરમિયાન પૂરઝડપે ધસી આવતી એક કાર સૌ પ્રથમ ડિવાઈડરને ટકરાઈ હતી. ત્યારબાદ તે કાર એક એસયુવી કાર સાથે ટકરાઈ હતી.

ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ અને ફાયરબ્રિગેડના જવાનોએ મહામહેનતે ડૂચો વળી ગયેલા વાહનોમાંથી મૃતદેહો બહાર કાઢ્યા હતા. મૃત્યુ પામેલા લોકોમાંથી ૧૦ તામિલનાડુના અને ત્રણ બેંગલુરુના રહેવાસી હતા. તમામ લોકો કર્ણાટકના એક ધર્મસ્થળની મુલાકાતે ગયા હોવાનું બહાર આવ્યું છે.

૧૬ માર્ચના રોજ લોકસભામાં ગિલોટિન થશે

સંસદમાં મોદી સરકારે ગિલોટીનનો નિર્ણય લેતાં તમામ બિલો થશે પાસ..!

ચર્ચા વગર વિધેયકો પસાર કરવા માટે ગિલોટિનની છે સંસદીય પરંપરા

ન્યુ દિલ્હી

દિલ્હી હિંસાને લઈને સંસદમાં ચાલી રહેલા હોબાળાને જોતા મોદી સરકારે બજેટ સત્રમાં તમામ મંત્રાલયોને ગ્રાન્ટ માટેની માગણીને પસાર કરવા માટે ગિલોટિનનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય સરકારો પહેલા પણ કરતી રહી છે. સરકારને ત્રણ એપ્રિલ પહેલા બજેટ પારિત કરાવવાનું છે. ૧૬ માર્ચના રોજ લોકસભામાં ગિલોટિન થશે. આ પ્રકારે રાજ્યસભા માટે ૧૪ દિવસ વધારે મળી જશે. આ વચ્ચે સરકારને બે અધ્યાદેશ પણ પસાર કરાવવાના છે. સરકારનો દાવો છે કે આવું પહેલીવાર નથી થયું. યૂપીએ-૨ ના સમયમાં હોબાળા વચ્ચે ૧૮ બિલ પારિત કરાવવામાં આવ્યા હતા. સરકારે દિલ્હી હિંસા પર બુધવારના રોજ લોકસભા અને ગુરુવારના રોજ રાજ્યસભામાં ચર્ચાનો પ્રસ્તાવ મૂક્યો છે. સોમાર અને મંગળવારના રોજ હોળીના કારણે સંસદમાં રજા છે.

જૂના સમયમાં યૂરોપીય દેશોમાં એક ગિલોટિનનું એક પ્રકારનું યંત્ર હતું કે જેનો ઉપયોગ મૃત્યુંની સજામાં થાય છે. પરંતુ સંસદમાં આ શબ્દ અલગ-અલગ અર્થોમાં ઉપયોગ થવા લાગ્યો છે. ભારતીય સંવિધાનમાં બજેટ સત્રમાં મંત્રાલયોની માંગોને ચર્ચા વગર પારિત કરાવવાની પ્રક્રિયાને ગિલોટિન કહેવામાં આવે છે. તો સામાન્ય પ્રક્રિયા છે કે મંત્રાલયોની અનુદાનની માંગો પર ચર્ચા થાય છે અને બાદમાં સદન આને સંશોધન અથવા તેના વિના પારિત કરી દે છે. પરંતુ ભારતમાં ઘણા મંત્રાલય છે, તમામ ચર્ચા થવી શક્ય નથી એટલા માટે જે માંગો પર ચર્ચા નથી થઈ શકતી તેના પર મતદાન કરાવીને પાસ કરી દિધા છે જેને ગિલોટિન કહેવામાં આવે છે.કોંગ્રેસના સાત સાંસદોના સસ્પેન્શન પર સરકાર અડગ છે. સૂત્રોએ કહ્યું કે, જો પોતાના અસંસદીય આચરણ માટે ક્ષમા પણ માંગી લે, ત્યારે પણ સસ્પેન્શન પાછું નહી લેવાય. તો કોંગ્રેસ સાંસદ ગૌરવ ગોગોઈની લોકસભાની સદસ્યતા રદ્દ કરવા માટે વિચાર થઈ રહ્યો છે. માનવામાં આવી રહ્યું છે કે ઘટનાક્રમની તપાસ માટે બનેલી સમિતિ સદસ્યતા ખતમ કરવા પર વિચાર કરી શકે છે.

યુગલને કેરળ સરકાર જરુરી નાણાકીય મદદ પણ કરશે

કેરળ સરકારની નવી શરુઆત, અલગ ધર્મમાં લગ્ન કરનારને મળશે 'સુરક્ષિત ઘર'

તિરુવનંતપુરમ્

કેરળ સરકારે રાજ્યમાં અલગ ધર્મોમાં લગ્ન કરતા પ્રેમીઓની સમસ્યાનો અંત લાવવા માટે નવી યોજના શરુ કરવા જઇ રહી છે. જેમાં સરકાર ધર્મથી પરે રહીને વિવાહ કરનારા પ્રેમીઓને સુરક્ષા પ્રદાન કરશે. કેરળ સરકારે આ પહેલનુ નામ "સુરક્ષિત ઘર" આપ્યુ છે, જે હેઠળ આ પ્રકારના યુગલને સુરક્ષિત ઘરની સુવિધા આપવામાં આવશે. આ ઘરોમાં અન્ય ધર્મના વ્યક્તિ સાથે લગ્ન કરનાર યુગલ એક વર્ષ સુધી શરણ લઈ શકશે.

સ્વાસ્થ અને સામાજિક ન્યાય મંત્રી કે.કે. શેલજાએ આ યોજનાની રજૂઆત કરતા વિધાનસભામાં જણાવ્યુ રે આ પ્રોજેક્ટને ચોતરફથી સમર્થન મળ્યુ છે અને પ્રોજેક્ટની શરુઆત માટે જરુરી પગલા લેવાઇ ચૂક્યા છે. આ યોજનાને લાગૂ કરવા માટે સરકાર નવી NGO સાથે હાથ મિલાવી ચૂકી છે. યોજના હેઠળ આ પ્રકારના પ્રેમીયુગલની આર્થિક જરુરિયાતને પણ સંતોષવામાં આવશે. અનુસૂચિત જાતિ-જનજાતિ શ્રેણીમાં આવતા પુરુષ અને મહિલાઓ જેમની વાર્ષિક આવક એક લાખથી ઓછી છે, તેઓને સરકાર તરફથી સ્વરોજગાર માટે ૩૦,૦૦૦ની આર્થિક મદદ આપવામાં આવશે.

આ પ્રકારના જોડામાં જો પતિ કે પત્ની બેમાંથી કોઇ એક અનુસૂચિત જાતિની શ્રેણીમાં હશે તો તેઓ ૭૫,૦૦૦ રુપિયાની આર્થિક મદદ મેળવવા પાત્ર રહેશે. જો કોઇ સરકારી નોકરીમાં છે તે એમની બદલી સમયે સુરક્ષા પર ખાસ ધ્યાન આપવામાં આવશે. સરકારે એ પણ સ્પષ્ટતા કરી હતી કે આ પ્રકારના યુગલને નોકરીમાં અનામતની કોઇ જોગવાઇ નથી.

સરકારી ઓફિસોમાંથી ગાંધીજીના ફોટોગ્રાફ્સ,પ્રતિમાઓને તુરંત દૂર કરો

દેશમાં વધતા આતંકવાદનું કારણ ગાંધીવાદઃ અખિલ ભારતીય હિંદુ મહાસભા

ન્યુ દિલ્હી

અખિલ ભારતીય હિંદુ મહાસભાએ એક વિવાદીત નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું કે, દેશમાં વધતા આતંકવાદનું કારણ ગાંધીવાદ છે અને સરકારી ઓફિસોમાંથી ગાંધીજીના ફોટોગ્રાફ્સ અને પ્રતિમાઓને તુરંત દૂર કરવાની માંગ કરી છે. મહાસભાએ સંશોધિત નાગરિકતા કાયદો અને એનઆરસીનું સમર્થન કરતા ભારતના હિંદુ રાષ્ટ્ર જાહેર કરવાની પણ વિનંતી કરી છે.મીડિયા સાથે વાત કરતા અખિલ ભારત હિંદુ મહાસભાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અશોક શર્મા અને પ્રદેશ પ્રવક્તા અભિષેક અગ્રવાલે કહ્યું કે, દેશમાં અસલી આતંકવાદનું કારણ ગાંધીવાદ છે, કારણ કે દેશમાં આજે જેપણ રાષ્ટ્ર વિરોધી ગવિવિધિઓ થઈ રહી છે, તેની સાથે જોડાયેલા લોકો ગાંધીવાદી હોવાનો દાવો કરી રહ્યા છે.

મહાસભાના બન્ને નેતાઓએ કહ્યું કે, દેશમાં થનારી રાષ્ટ્રવિરોધી ગતિવિધિઓ જેવી કે, ભીડ સાથે મળીને લોકોની હત્યા કરવી, પોલીસ સહિત તમામ સુરક્ષા એજન્સીઓ પર હુમલો કરવો અને ભારતના ટુકડે-ટુકડા કરવાની વાત કરવી, આવા તમામ પ્રકારના રાષ્ટ્રદ્રોહી કાર્ય કરનારા માત્ર અને માત્ર ગાંધીજીને જ પોતાના આદર્શ માને છે. તેમણે કહ્યું કે, શાહીન બાગ જેવા અલોકતાંત્રિક ધરણામાં જોડાયેલા લોકો ગાંધીને આદર્શ માને છે.

આનો પુરાવો છે કે, આ તમામ લોકો ગાંધીજીના પોસ્ટર લગાવીને આંદોલન કરે છે. શર્મા અને અગ્રવાલે કહ્યું કે, ૧૯૪૭ માં પણ દેશના ભાગ ગાંધીજીના કારણે થયા હતા અને વર્તમાન સમયમાં પણ દેશને ખંડિત કરવાનું સ્વપ્ન જોનારા લોકો આદર્શ ગાંધી છે. એટલા માટે અખિલ ભારતીય હિંદુ મહાસભા ખુલ્લા પત્ર દ્વારા રાષ્ટ્રપતિ પાસે માંગણી કરે છે કે દેશની તમામ સરકારી અને બીન-સરકારી ઓફિસોમાંથી ગાંધીજીના તમામ ચિત્રો અને પ્રતિમાઓ દૂર કરવાનો આદેશ આપે.

બંગાળ ચૂંટણીઃ વડાપ્રધાન મોદી પોતે કમાન સંભાળે તેવી શક્યતા

ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં હાર પછી હવે ભાજપની નજર પશ્ચિમ બંગાળની ચૂંટણી પર છે. અહીંયા આગામી વર્ષે વિધાનસભાની ચૂંટણી થવાની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે બંગાળ ચૂંટણીની કમાન સંભાળી શકે છે. વડાપ્રધાન સંસદના બજેટ સત્ર દરમિયાન સમય કાઢીને ભાજપ સાંસદો સાથે મુલાકાત કરી રહ્યા છે. તેમણે અહીંયાના તમામ ૧૮ સાંસદો પાસે રાજ્યમાં લાગુ કેન્દ્ર સરકારની યોજનાઓ અને મમતા બેનર્જી સરકારના પ્રદર્શન અંગે રિપોર્ટ માંગ્યો છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે, મોદી સંસદમાં રોજ એક સાંસદ સાથે ૧૫થી ૨૦ મિનિટ સુધી વાતચીત કરી રહ્યા છે. ભાજપ બંગાળની ચૂંટણીને ગંભીરતાથી લઈ રહ્યો છે. ગત વર્ષે યોજાયેલી લોકસભા ચૂંટણીમાં મોદીની પાર્ટીના ૧૮ સાંસદ અહીંયાથી ચૂંટાઈ આવ્યા હતા. અમિત શાહે પોતે આ રાજ્યમાં લોકસભા ચૂંટણીની કમાન સંભાળી હતી. પાર્ટીનું લક્ષ્ય હવે આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી છે. રાજ્યમાં સ્થાનિક ચૂંટણીઓ પણ યોજાવાની છે. આ સમાહની શરૂઆતમાં શાહે કોલકાતામાં એક રેલી દ્વારા સ્થાનિક ચૂંટણી માટે ચૂંટણી પ્રચાર પણ શરૂ કરી દીધો છે.

ફ્રાન્સે ૧૨૦ શાળાઓ બંધ કરી, ૯ દેશોએ જરૂરિયાત પ્રમાણે રજાઓ આપી

કોરોના ઈફેક્ટઃ દુનિયાભરમાં ૩૦ કરોડ બાળકો સ્કૂલે નથી જઈ શકતાઃ યુનેસ્કો રિપોર્ટ

૫૭ હજાર લોકો સારવાર બાદ સ્વસ્થ થયાઃ ડબલ્યુએચઓ

યુનેસ્કો

કોરોના વાયરસના લીધે દિલ્હીમાં તમામ પ્રાઇમરી સ્કૂલોને ૩૧મી માર્ચ સુધી બંધ કરી દેવામાં આવી છે. આ સ્થિતિ હાલ માત્ર દિલ્હીની જ નહીં પરંતુ દુનિયાભરમાં બાળકો કોરોનાના ખોફના લીધે સ્કૂલે જઈ શકતા નથી. કોરોના વાયરસથી દુનિયાભરમાં ૮૦થી વધુ દેશ પ્રભાવિત છે. તેના લીધે તમામ જગ્યા પર સામાન્ય જનજીવન ઠપ થઈ ગયું છે. ઈટલીએ પણ દેશભરની શાળાઓમાં રજા જાહેર કરી દીધી છે. ફ્રાન્સે ૧૨૦ શાળાઓ બંધ કરી છે. યુનેસ્કોના તાજેતરના રિપોર્ટ પ્રમાણે, દુનિયાભરમાં ૩૦ કરોડ બાળકો સંક્રમણના ભયના કારણે શાળામાં જઈ શકતા નથી. જેના પ્રમાણે ૧૪ દેશોએ શાળા પુરી રીતે બંધ કરી દીધી છે. સાથે જ ૯ દેશોએ જરૂરિયાત પ્રમાણે રજા જાહેર કરી દીધી છે.

જે બાળકોના માતા-પિતા સંક્રમિત છે. વૃહાન ચિલ્ડ્રન હોસ્પિટલ સ્ટાફ તેમનું પુરુ ધ્યાન રાખી રહ્યો છે. ડબલ્યુએચઓએ કહ્યું કે, ગંદા બેક્ક નોટ આ વાઈરસ ફેલાવવાનું મોટું કારણ હોઈ શકે છે. ૫૭ હજાર લોકો સારવાર બાદ સ્વસ્થ થઈ ચુક્યા છે. વર્લ્ડમીટર ડોટ ઈન્ફોના રિપોર્ટ પ્રમાણે એક રિસર્ચમાં દાવો કરાયો છે કે ચહેરાને હાથથી ન અડો તો સંક્રમણનું જોખમ ૪૦% ઘટી જાય છે.

વોશિંગ્ટનમાં પિટરસન ઈન્સ્ટિટ્યુટ ફોર ઈન્ટરનેશનલ ઈકોનોમિક્સના સિનિયર ફેલો જૈકબ કર્કેગાર્ડે કહ્યું કે મને નથી લાગતું કે આધુનિક ઈતિહાસમાં આવું કોઈ બીજું ઉદાહરણ છે જ્યારે વિકસિત અર્થતંત્રવાળા દેશોમાં આટલા લાંબા સમય સુધી સ્કૂલોને બંધ કરવી પડી હોય.

ચીનની સરખમાણીએ દુનિયાના બાકીના દેશોમાં સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે. બુધવારે ચીનમાં ૧૨૦ નવા કેસ સામે આવ્યા છે. ચીનમાં જાન્યુઆરીમાં સંક્રમણ ફેલાયા બાદ આ સૌથી ઓછો આંકડો છે. જાન્યુઆરી મધ્યમાં આટલા જ લોકો સંક્રમિત હતા. તો બીજી બાજુ દુનિયાભરમાં બુધવારે ૨૧૦૩ લોકોના મોત થયા છે. ઈટસી અને ઈરાન સૌથી વધારે પ્રભાવિત થયા છે.

અમેરિકા વાયરસને રોકવા માટે સેના ઉતારે તેવી શક્યતા

કોરોના વાયરસઃ અમેરિકા સંસદે ૬૧.૧૫ હજાર કરોડનું ઈમરજન્સી બિલ પાસ કર્યું

વૉશિંગ્ટન

કોરોનાવાઈરસ સામે લડવા માટે અમેરિકાની સંસદે ૬૧.૧૫ હજાર કરોડ રૂપિયાનું ઈમરજન્સી બિલ પાસ કર્યું છે. આ સિવાય પેન્ટાગનમાં વૈજ્ઞાનિકો અને સેનાની બેઠક પણ બોલાવવામાં આવી છે. તેના એક ભાગરૂપે સાઉથ કૈરોલિનાના મિલિટ્રી બેસ પર કોરોનાવાઈરસથી બચવા માટેની તૈયારીઓ પણ શરૂ કરી દેવાઈ છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે કોરોના ગરમીની સરખામણીએ ઠંડીની મોસમમાં ફેલાવવાની વધુ શકયતા છે અને અગામી દિવસોમાં અમેરિકામાં ઠંડીની મોસમ શરૂ થનાર છે. આ સંજોગોમાં યોગ્ય પગલા ઉઠાવવા જરૂરી છે. અત્યાર સુધીમાં અમેરિકામાં કોરોનાવાઈરસના કારણે ૧૪ લોકોના મોત થયા છે. આ વાયરસ દેશના ૧૯ રાજ્યોમાં ફેલાઈ ચૂક્યો છે. તેનાથી દેશમાં ૨૨૮ લોકો સંક્રમિત છે.

અમેરિકા સંસદ કોંગ્રેસે કોરોનાવાઈરસ સામે લડવા માટે ૬૧.૧૫ હજાર કરોડ રૂપિયાના ઈમરજન્સી બિલને પાસ કર્યું છે. તેને હસ્તાક્ષર માટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મોકલવામાં આવ્યું છે. ઘણાં અમેરિકાના રાજ્યોને કહેવામાં આવ્યું હતું કે કોરોનાવાઈરસ સામે લડવા માટે તેમની પાસે ટ્રેનિંગ અને સંશાધનોની અછત છે. આ રકમમાંથી ૫૭.૪૬ હજાર કરોડ રૂપિયા વાઈરસ સામે ટક્કર લેવા માટે વાપરવામાં આવશે. જેથી સ્થાનિક સ્વાસ્થ્ય વિભાગ શરૂઆતના સમયમાં તેની સામે લડી શકે. આ સિવાય ૩.૬૮ હજાર કરોડ ટેલીહેલ્થ સર્વિસ માટે વપરાશે. જેથી ઉમરલાયક વ્યક્તિઓની ઘરે પણ સારવાર થઈ શકે.

આ પહેલા ચીન, દક્ષિણ કોરિયા, ઈરાન, હોંગકોંગ જેવા દેશો પણ કોરોનાવાઈરસ સામ લડવા માટે આર્મીની મદદ લઈ રહ્યાં છે.

માર્ગ અકસ્માત ન અટકાવવા એ પાંચ વર્ષની સૌથી મોટી નિષ્ફળતાઃ ગડકરી

ન્યુ દિલ્હી

કેન્દ્રીય પરિવહન પ્રધાન નીતિન ગડકરીએ કહ્યું છે કે તેઓ તેમની નિષ્ફળતામાં માર્ગ અકસ્માતને મોટી નિષ્ફળતા માને છે. એચટી મિન્ટ આઇડિયા ઇન્વેસ્ટમેન્ટ સમિટમાં બોલતા ગડકરીએ કહ્યું કે માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયમાં ઘણું કામ કરવામાં આવ્યું છે. જેના વિશે તે ખુશ છે, પરંતુ એક પ્રધાન તરીકે હું માનું છું કે અકસ્માત ન અટકવા એ અમારી સૌથી મોટી નિષ્ફળતા છે. નીતિન ગડકરી સાથેના કાર્યક્રમમાં તેમના મંત્રાલયની નિષ્ફળતા અંગે પૂછતાં તેમણે કહ્યું કે, ૫ વર્ષના કાર્યકાળમાં મારી સૌથી મોટી નિષ્ફળતા એ છે કે હું માર્ગ અકસ્માતો ઘટાડી શક્યો નથી. અકસ્માતની સ્થિતિ જેવું જ છે. તે થોડું મુશ્કેલ છે, પરંતુ તે પરિવર્તન જેવી વસ્તુ નથી. અત્યારે પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે. દર વર્ષે ૫ લાખ અકસ્માત થાય છે અને ૧.૫ લાખ મૃત્યુ થાય છે. જો કે, છેલ્લા ૩ મહિનામાં પહેલીવાર અકસ્માતો અને મૃત્યુની સંખ્યામાં ઘટાડો થયો છે. ગડકરીએ કહ્યું કે મને ગમે છે કે મારા ડિપાર્ટમેન્ટમાં બધુ બરાબર છે પરંતુ છેલ્લા ૫ વર્ષમાં આપણે અકસ્માતો ઘટાડવામાં નિષ્ફળ રહ્યા છીએ. તે પણ દુખદ વાત છે કે, આપણે અકસ્માતોને કારણે આપણા જીડીપીના ૨ ટકા ગુમાવીએ છીએ. ગડકરીએ કહ્યું કે રાષ્ટ્રીય ધોરીમાર્ગો વધારવા પર તેમનું ઘણું ભાર છે, તે અકસ્માતોને ઘટાડવામાં મહત્વનું બની શકે છે.

વિપક્ષના હોબાળા વચ્ચે રાજ્યસભા ૧૧ માર્ચ સુધી સ્થગિત

સંસદમાં હોબાળાની તપાસ માટે સ્પીકરની અધ્યક્ષતામાં તપાસ કમિટી બનાવાઈ

- **કમિટીની અધ્યક્ષ ખુદ સ્પીકર કરશે,દરેક દળોના પ્રતિનિધિ સામેલ હશે**
- **દિલ્હી હિંસા મુદ્દે વિપક્ષે હોબાળો કરી ગૃહમંત્રી શાહનું રાજીનામું માંગ્યુ હતુ**

ન્યુ દિલ્હી

લોકસભામાં દિલ્હી હિંસા પર જલ્દી ચર્ચાની માંગને લઈને કોંગ્રેસ, ડીએમકે, સીપીઆઈ સહિત ઘણાં વિપક્ષી દળોના સભ્યોએ શુક્રવારે જ લોકસભામાં હોબાળો કર્યો. જેનાથી ગૃહની કાર્યવાહી શરૂ થવાની થોડા સમય બાદ બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી. ગૃહની કાર્યવાહી ફરી શરૂ થયા બાદ સંસદીય કાર્યમંત્રી પ્રહ્લાદ જોષીએ ગૃહને જણાવ્યું કે ૨ માર્ચથી ૫ માર્ચ સુધી ગૃહમાં ઘટિત તમામ ઘટનાની તપાસ માટે એક કમિટિ બનાવવામાં આવી છે. જેની અધ્યક્ષતા ખુદ સ્પીકર કરશે. કમિટિમાં દરેક દળોના પ્રતિનિધિ પણ સામેલ હશે. આ પહેલા રાહુલ ગાંધી સહિત કોંગ્રેસ નેતાઓએ ગાંધીજીની પ્રતિમા સામે દેખાવ કર્યા હતા. 'ગૃહ મંત્રી રાજીનામુ આપો'અને 'દિલ્હીને ન્યાય આપો'ના નારા લગાવ્યા હતા.

બીજી બાજુ રાજ્યસભાને ૧૧ માર્ચ સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. દિલ્હીમાં હિંસાના મુદ્દે રાજ્યસભામાં સતત પાંચમાં દિવસે પણ કામકાજ અટકેલું રહ્યું. કોંગ્રેસ સહિત જુદાં જુદાં વિપક્ષીદળોના સભ્યોના હોબાળાના કારણે કાર્યવાહીને ૧૧ માર્ચ સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. કોંગ્રેસ, ડીએમકે, તૃણમૂલ, આપ, એસપી અને લેફ્ટ પાર્ટીઓના સભ્યોએ દિલ્હીમાં હિંસા પર હોબાળો શરૂ કરી દીધો.

લોકસભામાં કોંગ્રેસ સાંસદ કાળી પટ્ટી બાંધીને પહોંચ્યા. રાહુલ ગાંધીની આગેવાનીમા સંસદ પરિસરમાં ગાંધીજીની પ્રતિમાં સામે પ્રદર્શન કર્યું. સંસદના બજેટ સત્રના બીજા ચરણની શરૂઆતથી જ કોંગ્રેસ સહિત અન્ય વિપક્ષી દળ સદનમાં દિલ્હી હિંસાના મુદ્દે ચર્ચા શરૂ કરવાની માંગને લઈને હંગામો કરી રહ્યાં છે. લોકસભાની કાર્યવાહીનો પ્રારંભ થવાની સાથે ઘણાં વિપક્ષી દળોના સાંસદો નારેબાજી કરવા લાગ્યા. પોતાના સાત સભ્યોના સસ્પેન્શનના વિરોધમાં રાહુલ ગાંધી અને પાર્ટીના અન્ય સભ્યોએ હાથમાં કાળી પટ્ટી બાંધી રાખી હતી.

જમીન અધિગ્રહણ મામલે સુપ્રિમનો મોટો આદેશ

સરકારે વળતર ન આપ્યું હોય કાં તો જમીન પર કબ્જો ન લીધો હોય તે અધિગ્રહણની પ્રક્રિયા રદ્દ થશે

ન્યુ દિલ્હી

જમીન અધિગ્રહણ સાથે જોડાયેલા મામલાઓ પર સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે ફક્ત એવા મામલાઓમાં જૂના કાયદા અંતર્ગત શરૂ થયેલી જમીન અધિગ્રહણની પ્રક્રિયા રદ્દ થશે કે જેમાં સરકારે ન તો વળતર આપ્યું છે કે ન તો જમીન પર કબ્જો લીધો છે. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયની અસર દેશભરમાં એવા લોકો પર પડશે કે જેમની જમીન અધિગ્રહણ પ્રક્રિયા ૨૦૧૩નો નવો કાયદો લાગુ થયા પહેલા શરૂ થઈ હતી.

૨૦૧૩માં પસાર થયેલા નવા જમીન અધિગ્રહણ કાયદાની કમલ ૨૪-૨માં એવી જોગવાઈ છે કે અધિગ્રહણની પ્રક્રિયા શરૂ કર્યાના ૫ વર્ષની અંદર સરકાર જો જમીન પર કબ્જો નથી લેતી કે પછી વળતર નથી આપતી તો જમીન અધિગ્રહણ રદ્દ માનવામાં આવશે. પરંતુ સુપ્રીમ કોર્ટે હવે જણાવ્યું છે કે જો સરકાર જમીન પર કબ્જો ન લે અને ખેડૂતોને વળતર પણ ન ચૂકવે તો પણ અધિગ્રહણ રદ્દ થશે. મતલબ કે જો બંનેમાથી એક શરત પૂરી થઈ હોય તો અધિગ્રહણની પ્રક્રિયા ચાલુ રહેશે.


કોર્ટે મહત્વની ટિપ્પણી કરતા કહ્યું છે કે જો જમીન પર કબ્જો જમાવનારા વ્યક્તિ જાણીજોઈને વળતર ન લે તો તેને સરકારની ભૂલ ન ગણી શકાય. જો સરકાર વળતર આપી ચૂકી છે પરંતુ કોઈ કેસને કારણે જમીનનો કબ્જો લઈ શકતી નથી તો પણ તેને સરકારની ભૂલ ન માની શકાય.



યસ બેન્કનું સંપૂર્ણ સંચાલન આરબીઆઈ કરશેઃ ગવર્નર શક્તિકાંત દાસ

યસ બેન્કમાં તમામ થાપણદારોના પૈસા સુરક્ષિતઃ નાણાંમંત્રીની હૈયાધારણા





યસ બેંકમાં નાણાંકીય કટોકટીઃ પીએમઓ અને નાણાં મંત્રાલય સતત નજર રાખી રહ્યા છે

ન્યુ દિલ્હી

યસ બેંક દેશના ખાનગી ક્ષેત્રની પાંચમી મોટી ધિરાણકર્તા બેંક છે. યસ બેંકમાં હાલ નાણાકીય કટોકટી સર્જાઈ છે, જેથી રિઝર્વ બેંકે તેનાં કામકાજ પર નિયંત્રણો મૂકી દીધાં છે, રિઝર્વ બેંકે તેના બોર્ડને પણ સુપરસીડ કર્યું છે અને ગ્રાહકોને તેમના ખાતામાંથી એક મહિનામાં રૂ. ૫૦,૦૦૦ની ઉપાડમર્યાદા પણ મૂકી છે. જોકે રિઝર્વ બેંક યસ બેંકને બચાવવા માટે રેસ્ક્યુ યોજના પણ બનાવી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર યસ બેંકની સર્જાયેલી નાણાકીય કટોકટી પર નાણાં મંત્રાલયની નજર છે. આ મામલે વડા પ્રધાન કાર્યાલયને પણ સતત માહિતી આપવામાં આવી હતી. રિઝર્વ બેંક પણ નાણા મંત્રાલય સાથે સંપર્કમાં છે.

યસ બેંકના સંકટ મુદ્દે નાણાપ્રધાન નિર્મલા સીતારમણે કહ્યું કે બેંકના સંકટને લઈને કોઈ પણ ગ્રાહકે ગભરાવવાની જરૂર નથી. હું ખાતરી આપું છું કે તમામ ખાતાધારકોના પૈસા સુરક્ષિત છે. કોઈ ખાતાધારકને નુકસાન નહીં થાય. તેમણે કહ્યું કે સરકાર સતત આરબીઆઈના સંપર્કમાં છે. યસ બેંકના સંકટ મુદ્દે નાણાપ્રધાન નિર્મલા સીતારમણે પ્રતિક્રિયા આપી. નાણાપ્રધાને કહ્યું કે બેંકના સંકટને લઈને કોઈ પણ ગ્રાહકે ગભરાવવાની જરૂર નથી. હું ખાતરી આપું છું કે તમામ ખાતાધારકોના પૈસા સુરક્ષિત છે. કોઈ ખાતાધારકને નુકસાન નહીં થાય. તેમણે કહ્યું કે સરકાર સતત આરબીઆઈના સંપર્કમાં છે. યસ બેંકનો મુદ્દો બહુ જલ્દી જ ઉકેલાઈ જશે.

નાણા મંત્રીએ કહ્યું જે પગલા ઉઠાવામાં આવ્યા છે, તે થાપણદારો, બેંક અને અર્થવ્યવસ્થાના હિતમાં છે. છેલ્લા કેટલાય મહિનાથી બેંક પર સંકટના વાદળા છવાયા હતા. એકાએક નથીઆવી ગયા. અમે તમામ પરિસ્થિતિ પર બાજ નજર રાખી રહ્યાં છીએ. તેના સમાધાન માટે રિઝર્વ બેંક તમામ પ્રયત્ન કરી રહ્યાં છે.

યસ બેંકને લઈને આરબીઆઈ દ્વારા લેવામાં આવેલા મહત્વના નિર્ણય પછી, યસ બેંકનું સંપૂર્ણ સંચાલન રિઝર્વ બેંક કરી રહ્યું છે. ત્યારે રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસનું કહેવું છે કે બધા જ નિર્ણયો યસ બેંકના હિતમાં લેવામાં આવ્યા છે. અને યસ બેંક મામલો ટૂંક સમયમાં ઉકેલી લેવામાં આવશે. યસ બેંકમાં ખાતાધારકોના પૈસા સંપૂર્ણ સલામત છે. જોકે યસ બેંકમાંથી ઉપાડની મર્યાદાના સમાચાર નિશ્ચિત થતાં જ યસ બેંકના એટીએમ પર ખાતાધારકોની ભારે ભીડ જોવા મળી રહી છે.

યસ બેન્કે આપેલી લોનનો આંકડો ૨.૪૧ લાખ કરોડ પર કેવી રીતે પહોંચ્યો?: પી.ચિદમ્બરમ્

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ નાણાપ્રધાન પી. ચિદંબરમે કહ્યું હતું કે આ સંપૂર્ણ રીતે રિઝર્વ બેંકની નિષ્ફળતા છે. મને આશ્ચર્ય છે કે સરકાર બિલકુલ ચૂપ કેમ છે? હવે જોઈએ કે યસ બેંકના જમાકર્તા શું કરે છે? મને લાગે છે કે પીએમસી બેંકના જમાકર્તાની જેમ ચિંતિત છે. જોઈએ હવે આગળ શું થાય છે. પી.ચિદમ્બરમે આરોપ લગાવ્યો છે કે, મોદી સરકારના રાજમાં એનપીએ ચાર ગણી વધી ગઈ છે અને નોટબંધીએ સ્થિતિ વધારે બગાડી દીધી છે.જો એસબીઆઈ આ બેંકમાં રોકાણ કરવા માંગતી હોય તો કેમ રોકાણ કરવુ જોઈએ.

તેમણે કહ્યુ હતુ કે, યસ બેંકનો લોન આપવાનો દાયરો એનડીએ એટલે કે મોદી સરકારના આવ્યા બાદ વધી ચુક્યો છે.

પી.ચિદમ્બરમે કહ્યુ હતુ કે, હું માનુ છું કે નાણા મંત્રીએ યુપીએ પર આરોપ લગાવીને પોતાની અજ્ઞાનતા છતી કરી છે.મારા આંકડા બાદ હવે નાણામંત્રી બતાવે કે , યસ બેંકની લોન બૂક આટલી હદે કેવી રીતે વધી.

એસબીઆઈના ભૂતપૂર્વ સીએફઓ પ્રશાંત કુમારની એડમિનિસ્ટ્રેટર તરીકે નિયુક્તિ

રિઝર્વ બેંકે કહ્યું હતું તો બેંકના મેનેજમેન્ટ સાથે સતત સંપર્કમાં છે અને બેંકની બેલેન્સશીટ અને રોકડ તરલતા કઈ રીકે હળવી બને એ માટે પ્રયાસ કરી રહી છે. રિઝર્વ બેંકે યસ બેંકના બોર્ડને સુપરસીડ કરવા સાથે મેનેજમેન્ટને ટેકઓવર કર્યું છે. બેંકે એસબીઆઈના ભૂતપૂર્વ સીએફઓ પ્રશાત કુમારને એડમિનિસ્ટ્રેટર તરીકે નિમણૂક કરી છે.

યસ બેન્કનો શેર ૮૫ ટકા તૂટ્યોઃ માર્કેટ કેપમાં ૫,૪૩૨ કરોડનું ધોવાણ

ન્યુ દિલ્હી

યસ બેંક સામે ઉભા થયેલા સંકટને પગલે શેરબજારમાં ચોમેરથી રોકાણકારોની વેચવાલી નિકળતા શેરમાં એક તબક્કે ૮૫ ટકાનું તોતિંગ ગાબડું પડ્યું હતું. આ સાથે જ યસ બેંકના માર્કેટ કેપમાં પણ ૫,૪૩૨ કરોડનું ધોવાણ થઈ ગયું હતું. યસ બેંકના બોર્ડને રદ કરી એસબીઆઈને ટેકઓવર કરવાના આરબીઆઈના નિર્દેશ તેમજ રોકડ ઉપાડની મર્યાદા ૫૦,૦૦૦ મર્યાદીત કરાતા શેરમાં પેનિક બટન દબાયું હતું. યસ બેંકનો શેર ગઈકાલના બંધ ૩૬.૮૫ સામે આજે ૩૩.૨૦ પર ખૂલીને દિવસના તળિયે ૫.૫૫ની સપાટીને સ્પર્શી ગયો હતો. શેર ટોચથી તે ૮૫ ટકા તૂટ્યો હતો. નીચેના સ્તરેથી શેરમાં લેવાલી જોવા મળી હતી અને શેર રૂ. ૧૭ થયો હતો. યસ બેંકના માથે સંકટ ઘેરું બનવાના એંધાણથી રાણે કાણ કારે એ પોર્ટફોલિયોમાંથી શેરને કાઢતા ચારેકોરથી વેચવાલીના દબાણથી શેરમાં પ્રચંડ કડાકો બોલ્યો હતો.

યસ બેંકને પગલે બેંકિંગ સેક્ટરમાં વેચવાલીનો મારો જોવા મળ્યો હતો. આરબીઆઈ બેંક ૧૩ ટકા, ઈન્ડસઈન્ડ બેંક ૭ ટકા એસબીઆઈ ૬.૫ ટકા જ્યારે એક્સિસ બેંકનો શેર ૩.૫૫ ટકા નીચે ગબડ્યા હતા. વરિષ્ઠ ટ્રેડિંગ એનાલિસ્ટના મતે યસ બેંકના ફિયાસ્કાથી બજારવર્ગ થોડું અજાણ હતું અને પ્રવર્તમાન કોરોનાની ચિંતામાં આ કાઉન્ટર પર પડતા પર પાટું જેવો ઘાટ થયો હતો.

મહારાષ્ટ્ર બજેટઃ રાજ્યોના લોકોને ૮૦% નોકરીઓ, ધારાસભ્યોના ફંડમાં વધારો

મુંબઈ

મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી અને નાણામંત્રી અજિત પવારે ૬ માર્ચે વિધાનસભામાં નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે રાજ્યનો બજેટ રજૂ કર્યો છે. આ દરમિયાન તેમને કહ્યું, "કેન્દ્ર સરકારે પાછલા વર્ષે વરસાદથી ખરાબ થયેલા પાકનો સામનો કરી રહેલા ખેડૂતોના વળતરને મંજૂરી આપી નથી. કેન્દ્રએ માત્ર ૯૫૬ કરોડ રૂપિયા મંજૂર કર્યા હતા તેથી તેમને કેન્દ્રની મદદની જગ્યાએ પોતે ખેડૂતોની મદદ કરવાની પહેલ કરી."

મહારાષ્ટ્ર બજેટની વાતોઃ-

★ ૮૦ ટકા નોકરીઓ રાજયના રહેવાસીઓને આપવામાં આવશે.

★ જે ખેડૂતોની લોન ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૯ સુધી ૨ લાખ રૂપિયાથી વધારે હતી, તેમના ખાતાઓમાં ૨-૨ લાખ રૂપિયા ડિપોઝીટ કરવામાં આવશે.

★ રાજયના બધા જ જિલ્લાઓમાં એક મહિલા પોલીસ સ્ટેશન હશે, જેમાં માત્ર મહિલા પોલીસ અધિકારી જ રહેશે

★ મહિલા અને બાળ કલ્યાણ માટે ૨,૧૧૦ કરોડ રૂપિયા

★ નવી બસોને ખરીદવા માટે રાજયના ટ્રાન્સપોર્ટ વિભાગને ૪૦૦ કરોડ રૂપિયા

★ કર્ણાટકમાં મરાઠી શાળાઓ માટે ૧૦ કરોડ રૂપિયાની નાણાકીય મદદ

★ કર્ણાટકમાં મરાઠી સમાચાર પત્રોને પણ મદદ મળશે

★ નોકરીઓ મેળવવાની ઈચ્છા રાખનારાઓ ૧૦ લાખ લોકો માટે એક સ્કિલ ડેવલપમેન્ટ યોજનાની જાહેરાત કરી છે. આ યોજના ૨૧થી ૨૮ વર્ષના યુવાઓ માટે હશે.

★ નાણા મંત્રી અજિત પવારે ગરીબો માટે સબસીડીવાળી ફૂડ સ્કીમ માટે ૧૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. તે ઉપરાંત તેમને કહ્યું કે, મહારાષ્ટ્ર સરકારનું ફંડ માત્ર પીએસયૂ બેંકોમાં જ ડિપોઝિટ કરવામાં આવે.

પોલીસ કાયદાનો અમલ કરાવી ન શકે તો લોકશાહી નિષ્ફળ જાયઃ ડોભાલ

ગુરુગ્રામ

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે ગુરુવારે જણાવ્યું હતું કે સામાન્ય માણસને પોલીસમાં વિશ્વાસ હોવો જોઈએ અને જો તે (પોલીસ) કાયદાનો અમલ કરાવી ન શકે તો લોકશાહી નિષ્ફળ જાય.

તેમણે જણાવ્યું હતું કે પોલીસ માત્ર અમુક લોકો માટે જ સરખી રીતે કામ કરતી હોવાનો ભ્રમ લોકોમાંથી દૂર કરવો જોઈએ. દેશમાં કાયદો કોઈ રાજા-મહારાજા કે ધાર્મિક નેતાઓ નથી ઘડતા, પરંતુ જનપ્રતિનિધિઓ ઘડે છે અને પોલીસ આ કાયદાનું પાલન કરાવે છે.

અજિત ડોભાલે કેન્દ્રના ગૃહ મંત્રાલય હેઠળના પોલીસના વિભાગ બ્યૂરો ઑફ પોલીસ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ દ્વારા અહીં આયોજિત 'થર્ડ યંગ સુપરિન્ટેન્ડન્ટ્સ ઑફ પોલીસ કોન્ફરન્સ'ના ઉદ્ઘાટન વખતે હાજર પોલીસ અધિકારીઓને સંબોધતા જણાવ્યું હતું કે જો તમે નિષ્ફળ જાઓ, તો લોકશાહી નિષ્ફળ જાય.

દિલ્હીમાંની હિંસાને અંકુશમાં રાખવામાં પોલીસને નિષ્ફળતા મળી હોવાનો આક્ષેપ થતો હોવાથી અજિત ડોભાલે કરેલા આ નિવેદન બહુ મહત્ત્વ ધરાવે છે.

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારે જણાવ્યું હતું કે હું ૧૯૬૮માં ઇન્ડિયન પોલીસ સર્વિસ (આઇપીએસ)માં જોડાયો હતો અને મને પોલીસ તેમ જ ગુપ્તચર વિભાગમાં કામ કરતા પચાસથી વધુ વર્ષ થઈ ગયાં છે.

કોરોના ઈફેક્ટઃ ૧૧ માર્ચથી સંસદમાં વિઝિટર્સના પ્રવેશ પર પ્રતિબંધ

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસને ધ્યાનમાં રાખીને હવે સંસદ ભવનમાં મુલાકાતીઓના પ્રવેશ અને ગતિવિધિઓ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવી રહી છે. હોળીની રજાઓ બાદ જ્યારે ૧૧ માર્ચથી સંસદ ફરીવાર શરૂ થશે ત્યારે બહારના લોકોનો પ્રવેશ પ્રતિબંધ રહેશે. જો કે વિશેષ કામ માટે જતા વિઝિટર્સ માટે સંસદ ભવન ત્રણ રંગના પાસ જાહેર કરશે, જે અમુક સ્થાન સુધી જ હશે.

મળતી વિગતો અનુસાર આગામી સપ્તાહથી સંસદના બંન્ને ગૃહો એટલે કે રાજ્યસભા અને લોકોસભાના સભ્યો પોતાના મુલાકાતીઓ સાથે સંસદ પરિસરની અંદર મુલાકાત કરી શકશે નહી. હોળીની રજાઓ બાદ જ્યારે બુધવારે સંસદ ફરીવાર શરૂ થશે ત્યારે સાંસદ પોતાના વિઝિટર્સના સંસદ કેમ્પસમાં લઈ જઈ શકશે નહી.

આ મુદ્દે બંન્ને ગૃહોને નિર્દેશ જાહેર કરી દેવામાં આવ્યો છે કે, વિઝિટર્સના આવવા જવા પર પ્રતિબંધ લાગૂ થવા જઈ રહ્યો છે. સંસદ દ્વારા આ નિર્ણય કોરોના વાઈરસ સામે સાંસદોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. સુત્રો પ્રમાણે રિસેપ્શન પર સાંસદોને મળવા માટે આવનારાઓને એક કલાક સુધી જ રોકાવાની મંજુરી હશે અને પ્રતિબંધનું સખ્તાઈથી પાલન કરવામાં આવશે.

યોગી સરકાર ઉ.પ્રદેશમાં બેથી વધુ બાળકોવાળા પરિવાર માટે નિયમ કડક બનાવશે..!!

લખનૌ

શું તમે ઉત્તર પ્રદેશમાં રહો છો. શું તમને બેથી વધારે બાળકો છે? તો સમારા માટે આ નકારાત્મક સમાચાર છે. યુપીની યોગી આદિત્યનાથ સરકાર બેથી વધુ બાળકોવાળી વ્યક્તિ માટે આકરા નિયમો બનાવી રહી છે. આવી વ્યક્તિઓને સામાજિક કલ્યાણ યોજનાઓ અને પંચાયતની ચૂંટણીમાં ભાગ લેવા પર પાબંદી લાગે એવી સંભાવના છે. રાજ્ય સરકાર એક નવી જનસંખ્યા નીતિ બનાવી રહી છે, જેમાં આવી જોગવાઈ કરવામાં આવે શક્યતા છે.

આરોગ્યપ્રધાન જય પ્રતાપ સિંહે કહ્યું હતું કે નવી નીતિઓ જલદી જાહેર કરવામાં આવશે. તેમણે કહ્યું કે અન્ય રાજ્યોની જનસંખ્યા નીતિઓનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે અને એમાંથી જે સૌથી સારી નીતિ હશે એને લાવવામાં આવશે અને દેશની સૌથી વસતિ ધરાવતા રાજયમાં લાગુ કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે નિષ્ણાતોના એક જૂથ દ્વારા એક ડ્રાફ્ટ નીતિનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. આ પહેલાં ૨૦૦૦માં જનસંખ્યા નીતિની સમીક્ષા કરવામાં આવી હતી.

નિષ્ણાતોની સમિતિમાં સભ્ય પરિવાર કલ્યાણ મહાનિર્દેશક ડોક્ટર બદરી વિસાલે કહ્યું હતું કે દક્ષિણ ભારતનાં રાજ્યો જનસંખ્યા નિયંત્રણ કરવામાં સફળ થયાં છે. જોકે ઉત્તર પ્રદેશ હજી પણ આ દિશામાં સંઘર્ષ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે અમારાથી વસતિ ઓછી ધરાવતાં રાજ્યો રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં જે લોકોનાં વધુ બાળકો છે, એમણે સુવિધાઓ આપવાની ઓછી કરી દીધી છે. આ રાજ્યોમાં જે લોકોના બેથી વધારે બાળકો છે, તેમને પંચાયત ચૂંટણી લડવા માટે અનુમતિ નથી. અમે આ નીતિ અપનાવવાનો પ્રસ્તાવ આપ્યો છે. સૂત્રો અનુસાર જે લોકોના બેથી વધુ બાળકો છે, તેમને સામાજિક સુરક્ષા યોજનાઓથી વંચિત કરવાના પ્રસ્તાવ પર પણ વિચાર કરવામાં આવી રહ્યો છે.

થાઈલેન્ડ-મલેશિયા ફરીને આવેલા દિલ્હીની વ્યક્તિનો ટેસ્ટ પોઝિટિવ

ભારતમાં કોરોના વાયરસનો વધુ એક કેસ પોઝિટિવઃ કુલ આંક ૩૧ને પાર

ન્યુ દિલ્હી

દિલ્હીમાં કોરોના વાયરસનો વધુ એક કેસ સામે આવ્યો છે. ચોંકાવનારી વાત એ છે કે કે આ નવો સંક્રમિત દર્દી ચીન અથવા ઇટલીથી ભારત પહોંચ્યો નથી. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે તેની પુષ્ટિ કરતાં શુક્રવારે એક નવો કોરોના વાયરસનો કેસ સામે આવ્યો છે. દિલ્હીમાં રહેનાર દર્દી તાજેતરમાં જ થાઈલેન્ડ અને મલેશિયાથી ફરીને પાછો આવ્યો છે. દર્દીના સેમ્પલ પોઝિટિવ મળ્યા બાદ તેને દેખરેખ હેઠળ રાખવામાં આવ્યો છે.

દેશમાં સતત કોરોના વાયરસના દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. હવે કોરોના વાયરસથી પીડિત ઇટાલીના પ્રવાસીની પત્નીનો રિપોર્ટ પણ કોરોના વાયરસથી પોઝિટિવ આવ્યો છે. આ સાથે દેશમાં કોરોના વાયરસથી ચેપગ્રસ્ત લોકોની સંખ્યા ૩૧ પર પહોંચી ગઈ છે.

જયપુરમાં પ્રારંભિક તબક્કામાં પ્રવાસીની પત્નીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ત્યારબાદ પુણેની લેબમાં તેનો સેમ્પલ મોકરવામાં આવ્યા હતા અને પુણેની લેબમાંથી પણ તેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તો આજે કોરોના વાયરસનો ભારતમાં બીજો પોઝિટિવ કેસ સામે આવ્યો છે.

અત્યાર સુધી કેરલથી ત્રણ કેસ આવ્યા હતા, જે સ્વસ્થ થઈ ગયા છે. ત્યારબાદ દિલ્હીમાં એક કેસ આવ્યો, જેના કારણે તેના ઓળખિતા ૬ લોકો પણ ઝપેટમાં આવી ગયા હતા. તેલંગણામાં એક કેસ સામે આવ્યો છે. ઇટાલીથી આપેલા કુલ ૧૮ લોકો પણ કોરોના વાયરસથી ચેપગ્રસ્ત છે, જેમાં એક ભારતીય અને ૧૭ ઇટાલીના નાગરિક છે. એક મામલો ગુરૂગ્રામમાં સામે આવ્યો છે. આ સિવાય ગાઝિયાબાદથી એક મામલો સામે આવ્યો છે. તેવામાં અત્યાર સુધી ભારતમાં ૩૧ લોકો કોરોનાની ઝપેટમાં આવી ચુક્યા છે.

યોગી સરકારે સીએએ વિરોધી અપરાધીઓના નામ-સરનામા સાથે હોર્ડિંગ્સ લગાવ્યા

લખનઉ

નાગરિકતા સંશોધન કાયદાને લઈને હિંસા અને જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડનાર આરોપીઓની તસવીર અને તેમના સરનામાં સહિતના હોર્ડિંગ લખનઉના અનેક સ્થળો પર લગાવવામાં આવ્યા છે. આ હોર્ડિંગમાં લોકોને જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવા મામલે દંડ ભરવા જણાવવામાં આવ્યુ છે.

હોર્ડિંગમાં જણાવવામાં આવ્યુ છે કે, જો આ લોકો દંડ ભરતા નથી તો તેમની સંપત્તિને જપ્ત કરવામા આવશે. જો કે અત્યાર સુધી એ સ્પષ્ટ થયું નથી કે જ્યારે આ લોકોને પહેલા જ વ્યક્તિગત સ્તર પર નોટિસ ફટકારવામાં આવી છે. તો રાજ્ય સરકાર દ્વારા હોર્ડિંગ શા માટે લગાવવામાં આવ્યા છે. જે લોકોની હોર્ડિંગમાં તસવી છે તેમાં એક્ટિવિસ્ટ અને રાજકારણી સદફ જફર, વકીલ મોહમ્મદ શોએબ અને ભૂતપૂર્વ આઈપીએસ એસઆર દારાપુરી સામેલ છે. આ બધા લોકો જામીન પર છે. તેમણે જણાવ્યું કે, સરકાર દ્વારા સંપત્તિ જપ્ત કરવાના ફરમાનની વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં જઈશું. સૂત્રોના જણાવ્યા મુજબ, લખનઉમાં જે હોર્ડિંગ લગાવવામાં આવ્યા છે તેના આદેશ મુખ્યમંત્રી કાર્યાલય તરફથી આવ્યા છે.

શેરબજાર
પહેલા પાનાથી ચાલુ

વેચવાલી જોવા મળી હતી.આજે બીએસઈ પર ઘટીને બંધ રહેલા મુખ્ય શેરોમાં ટાટા સ્ટીલ ૬.૫૧ ટકા, એસબીઆઈ ૬.૧૯ ટકા, ઈન્ડસઈન્ડ બેંક ૫.૬૨ ટકા, એચડીએફસી ૩.૯૦ ટકા, આઈસીઆઈસીઆઈ બેંક ૩.૬૭ ટકા, ઓએનજીસી ૩.૬૨ ટકાનો સમાવેશ થાય છે.

શુક્રવારે વધીને બંધ રહેલા મુખ્ય શેરોમાં બજાજ ઓટો ૧.૨૦ ટકા, મારુતિ ૧.૦૩ ટકા અને એશિયન પેઈન્ટ્સ ૦.૧૩ ટકાનો સમાવેશ થાય છે.

મનમોહનસિંહ
પહેલા પાનાથી ચાલુ

દેશનો આત્મા તાર-તાર કરવાના જોખમ રજૂ કરી રહી છે. આ આગ એ જ લોકો ઓલવી શકે છે, જેમણે આને ભડકાવી છે.

કેટલાંક વર્ષોમાં ઉદાર લોકતાંત્રિકની છબિ ધરાવતો દેશ આર્થિક વિકાસનું મોડલ બનવા માટે ભારત હવે બહુસંખ્યકોનું સાંભળનાર એવો વિવાદગ્રસ્ત દેશ બની ગયો છે, જે આર્થિક સંકટોથી ઝઝૂમી રહ્યો છે. તેમણે કહ્યું હતું કે આર્થિક વિકાસનો આધાર સામાજિક સદભાવ હોય છે અને અત્યારે એ ખતરામાં છે.

ભૂતપૂર્વ વડા પ્રધાને સરકારને ત્રણ સૂત્રની યોજનાઓનાં સૂચનો કર્યા હતાં. જેમાં સૌથી પ્રથમ સરકાર તમામ શક્તિ અને પ્રયાસથી કોકોના વાયરસ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરે. બીજો, નાગરિકતા સંશોદન કાનૂનને બદલવામાં આવે, જેથી વિષમય થયેલું સામાજિક વાતાવરણ ખતમ થાય અને રાષ્ટ્રીય એકતા સ્થપાય. ત્રીજું નક્કર નાણાકીય યોજનાઓ લાગુ કરવામાં આવે, જેથી ખપતની માગ વધે અને અર્થતંત્રમાં સુધારો થાય.

નશાની લતનો નવો કીમિયો... ચોકલેટ જેવી ગાંજા-ભાંગની ૫૦૦૦ ગોળીઓ જપ્ત

રાજકોટ

રંગીલા રાજકોટને બેરંગ કરવા માટે નશાની લતનો નવો કીમિયો અજમાવવામાં આવી રહ્યો છે. શહેર અને જીલ્લાના અમુક પાનના ગલ્લા પર અને કરીયાણાની દુકાનોમાં ચોકલેટ મુજબની પડીકી બનાવી કેફી પદાર્થ હોવાની પોલીસનેને આશંકા હોવાના કારણે દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડામાં ૫,૦૦૦થી વધુ ગોળીઓ જપ્ત કરી પોલીસે ઝડપી પાડી હતી.

ચોકલેટ જેવી ગાંજા-ભાંગની ગોળીઓ પાન અને કરિયાણાની દુકાને વેચાવા માંડી છે. નશીલા પદાર્થોના મિશ્રણવાળી આ ગોળીઓ ચોકલેટ જેવાં પાઉચ પેકિંગમાં આવે છે અને નજરે જોતા શંકા પણ ન જાય કે આ ગાંજા-ભાંગની ગોળી છે. રાજકોટના મોટાભાગના વિસ્તારોમાં અને મેટોડા જેવા આજુબાજુના વિસ્તારોમાં આ પડીકી ખુબ વેચાણ થઇ રહી છે. આ ગોળીઓ વિજયાવટી (ઈન્દોરી) ગોળી તરીકે ઓળખાય છે.

જોકે આ પડીકીના ભાવ દરેક જગ્યાએ અલગ અલગ જોવા મળે છે. પછાત વિસ્તારોમાં દસ રૂપિયાની એક પડીકી તો સારા વિસ્તારોમાં ૩૦થી ૪૫ રૂપિયાના ભાવે આ ગોળીઓ વેચાઈ રહી છે. રાજકોટ પોલીસ દ્વારા આવા દુકાનોમાં દરોડા પડી ૫,૦૦૦થી વધુ પડીકી જપ્ત કરી હતી અને એફએસએલ માં તપાસ માટે મોકલવામાં આવી છે. જોકે પોલીસે હવે આવી નશાકારક પડીકી ની શંકાને કારણે અલગ અલગ જગ્યાઓ પરથી પડીકીનો જથ્થો જપ્ત કરી તપાસ માટે મોકલવામાં આવ્યો છે. જે રીપોર્ટ બાદ સંપુર્ણ વિગત સામે આવશે.

કોરોના વાયરસને લઈ એરપોર્ટ પર વિદેશથી આવેલા ૧૯૬૭ પ્રવાસીઓનું સ્ક્રિનિંગ કરાયું

અમદાવાદ

કેન્દ્ર સરકારે કોરોના વાયરસને લઈ દેશના તમામ એરપોર્ટ પર તકેદારી રાખવા સૂચના આપી છે. કેન્દ્ર સરકારની ગાઈડલાઈન પ્રમાણે આરોગ્ય વિભાગ પણ કામગીરી કરી રહ્યુ છે. કોરોના વાયરસ વિદેશથી આવતા મુસાફરો સાથે દેશમાં પ્રવેશી રહ્યો હોવાથી અમદાવાદ એરપોર્ટ પર વિદેશથી આવતા તમામ પ્રવાસીનું સ્ક્રિનિંગ કરવા માટે સૂચના આપવામાં આવી છે. અમદાવાદ એરપોર્ટ ખાતે કોરોના વાયરસને લઈ વિદેશથી આવતા તમામ પ્રવાસીઓનું સ્ક્રિનિંગ કરવમાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં વિદેશથી આવેલા ૧૯૬૭ પ્રવાસીઓ સ્ક્રિનિંગ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત શંકાસ્પદ લક્ષણો દેખાય તેવા પ્રવાસીઓને સારવાર અર્થે સિવિલ હૉસ્પિટલ મોકલાયા છે. અમદાવાદ એરપોર્ટ પર વિદેશથી આવતા પ્રવાસીઓનું સ્ક્રિનિંગ કરવા માટે બે થર્મલ સ્ક્રિનિંગ મશીન મૂકવામાં આવ્યા છે. એક એરોબ્રિજ પણ અલગ રાખવામાં આવ્યો છે. વિદેશથી આવતા પ્રવાસીઓ એરોબ્રિજમાંથી બહાર નીકળે એટલે થર્મલ સ્કેનિંગ મશીન દ્વારા સ્કેન કરવામાં આવે છે. જેમાં એક પ્રવાસીનું ૩ સેકન્ડમાં સ્ક્રિનિંગ થઈ જાય છે. સ્ક્રિનિંગ વખતે પ્રવાસીનું તાપમાન ૯૮ ડિગ્રીથી વધારે જણાયો તો તેના સ્વાસ્થ્યની તપાસ કરવામાં આવે છે. જો કોરોના વાયરસ જેવા કોઈ લક્ષણ દેખાય તો તેમને સિવિલ હૉસ્પિટલ મોકલવામાં આવે છે.એરપોર્ટ ખાતે ૧૦ હેન્ડ સ્કેનર મશીન રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત અમદાવાદ એરપોર્ટ પર ૧૨ ડોક્ટર ૨૪ કલાક ઉપસ્થિત રહેશે તેમજ ૨૪ પેરામેડિકલ ટીમ રાખવામાં આવી છે. ત્રણ શિફ્ટમાં ડોક્ટર અને પેરામેડિકલ ટીમ કામ કરે છે. આ માટે છ કાઉન્ટર ઉભા કરાયા છે.

કોરોનાનાં ડર વચ્ચે ડાકોરના મેળાનું આયોજન યથાવત, ટેમ્પલ કમિટિ સતર્ક

ડાકોર

કોરોના વાઈરસને પગલે સમગ્ર દેશમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે ગુજરાતમાં પણ ૧૨થી વધુ શંકાસ્પ્રદ કેસો નોંધાયા છે. જેને લઈને સરકારે લોકોને માસ્ક પહેરાવાની તેમજ વધારે ભીડવાળી જગ્યાઓ પર ના જવાની સલાહ આપી છે. બીજી તરફ સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં હોળીના તહેવારમાં ફાગણી પૂનમના મેળાનું આયોજન કરવામાં આવે છે. આ ફાગણી પૂનમના મેળામાં અંદાજે ૧૦ લાખ જેટલા શ્રદ્ધાળુઓ રણછોડરાયજીના દર્શનાર્થે આવતા હોય છે. ત્યારે આ વર્ષે વાઈરસનો ખતરો હોવાથી તંત્રએ સુરક્ષામાં વધારો કરી ચુસ્ત બંદોબસ્ત ગોઠવવાની તૈયારી કરી છે. ડાકોરના મેળામાં તમામ કર્મચારીઓને માસ્ક અને ક્લોઝ આપવામાં આવશે જેથી બીમાર યાત્રિકને સમયસર જરૂરી સારવાર તેમજ માસ્કની સુવિધા મળી રહે.

આ બાબતે જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ડી.સી જાગાણીએ જણાવ્યું કે, જે બીમાર કે અસરગ્રસ્ત હોય તે વ્યક્તિને માસ્ક પહેરવો જોઈએ જેથી ચેપ ન લાગે. નોર્મલ વ્યક્તિને માસ્ક પહેરવાની જરૂર નથી. બિનજરૂરી અફવા ન ફેલાય અને જગૃતિ રહે તે જરૂરી પેમ્પ્લેટ વહેંચવામાં આવશે તેમજ વિશાળ હોર્ડીંગ્સ પથયાત્રી માર્ગ ઉપર લગાવવામાં આવશે.

ડોકોર મંદિર કમિટીના મેનેજર અરવિંદભાઈ મહેતાએ જણાવ્યું કે, ડાકોર મંદિરના તમામ સ્ટાફને ગ્લોઝ અને માસ્ક આપવામાં આવશે.સૂર્ય પ્રકાશમાં આ વાઈરસના કણો નાશ પામે છે તેમજ હાલ ઉનાળો શરૂ થઈ ગયો છે. જેથી યાત્રિકોને ગભરાવવાની જરૂર નથી. જિલ્લા વહીવટી તંત્ર સાથે સંયુક્ત આયોજન કરી રહ્યા છીએ જેથી તેઓ કહેશે તે મુજબ તમામ આયોજન મંદિર મેનેજમેન્ટ દ્વારા હાથ ધરવામાં આવે છે.

સાફ સફાઈ કરનારને માસ્ક પહેરવું જરૂરી, બસ સ્ટેન્ડ પર સેનિટાઈઝર મૂકાશે

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરાએ 'નમસ્તે' અંતર્ગત કોરોના વાઈરસ સામે કોર્પોરેશન દ્વારા રાખવામાં આવેલી સાવચેતીની માહિતી આપી હતી. તેમાં તેમણે જણાવ્યું હતું કે, એએમટીએસ અને બીઆરટીએસ બસ સ્ટેન્ડ પર સેનિટાઈઝર મૂકવામાં આવશે. ઉપરાંત સાફસફાઈ કરનાર સફાઈ કામદારોને માસ્ક પહેરવાના રહેશે તેવી માહિતી આપી હતી. સાથે જ વૃદ્ધાશ્રમોમાં તપાસ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. સમગ્ર વિશ્વમાં કોરોના વાઈરસ ધીરે ધીરે ફેલાઈ રહ્યો છે. ત્યારે ગુજરાતમાં કોરોના વાઈરસ ન ફેલાય તેની સાવચેતીના ભાગરૂપે સાવચેતી રાખવા બાબતે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. નહેરાએ જણાવ્યું હતું કે, જે લોકો અસરગ્રસ્ત અથવા અન્ય દેશમાંથી આવ્યા હોય તો તેઓ ઘરમાં એક રૂમમાં રહો, ૧૦૪ નંબર પર ફોન કરો, કોર્પોરેશનના અધિકારી અને ડોક્ટર આવશે. જરૂર પડ્યે હોસ્પિટલમાં લઈ જશે અને માસ્ક પણ આપવામા આવશે. સામાન્ય નાગરિકોએ માસ્ક પહેરીને ફરવાની જરૂર નથી માત્ર શંકાસ્પદ હોય તે લોકોએ જ પહેરવું.



કાવ્ય અભિવ્યક્તિ

સંકલનઃ નીલકંઠ વાસુકિયા

મો નંબરઃ- 9824856247

હું આત્મા અવિનાશી છતાં મોહથી કષ્ટ છું.
મને માયાથી શું લેવાદેવા? હું મારામાં મસ્ત છું.
અજવાળું અસત્યનું ફેલાઈ રહ્યું છે ચારે કોર.
ચીસો પાડી રહ્યું આ સત્ય કે હું હવે અસ્ત છું.
હું મારા માં મસ્ત છું
પ્રકરણો અધૂરા છે અહીં દરેકની જિંદગીના
હવે તો આ સમય પણ ખુદ કહે કે હું વ્યસ્ત છું .
હું મારામાં મસ્ત છું
વાદળોના વાદળો ઘેરાય અને વિખેરાય અચાનક
જ્યાં કંઈ કરવા અંધારું જોઈએ ત્યાં પદભ્રષ્ટ છું.
હું મારા માં મસ્ત છું
આભૂષણો ક્યાં મોંઘા હોય એક સાહિત્યકારના.!
કાગળ પર જ કલમ સજાવનારો સુવર્ણ હસ્ત છું .
હું મારામાં મસ્ત છું. હું મારામાં જ મસ્ત છું.

- શ્વેતા સંદીપ ઠક્કર "શ્વેતદિપ"

•

કવિતા સરિતા મા નવાબ છે
ને મારી ગઝલમાં ઝરણાનો રુઆબ છે.
બુંદ બુંદમાં વીણાપાણીના સુર
જાણે ખરતા આભથી ગુલાબ છે.
કલમ હલેશા આ કાગળછે નાવ.
ને ગતિ છંદની બેહિસાબ છે.
કાફીયા મત્લાની ખબર નથી
મળે આપની વાહ એ ખિતાબ છે.
રહસ્યો ક્યાં હોય?જે લખી જાણે કશુય
ને મારુ જીવન તો એક ખુલ્લી કિતાબ છે.
છેદ દીલમાં ઘણા હજુય અકબંધ,
ને મલકાતું મુખ આ નકાબ છે.
સવાલ ખોટો છે આપનો તો હું શું કરુ?
જેવો જેનો પ્રશ્ન એવા જવાબ છે.
છે નશીલો રાગ,લય,સુર ને તાલ,
ને આયખુ પદ્ય વિભાગ શરાબ છે.

- શ્વેતા સંદીપ ઠક્કર "શ્વેતદિપ"

•

હું માઁ ભારતી ભવાની રડી રહી છું આજ.
વસુંધરાને ચીસો પાડી કહી રહી છું આજ.
વસુધૈવ કુટુંબકમ સૂત્ર મે જ વિશ્વને આપ્યું
સંસ્કૃતિ ઘાયલ થઈ હવે ડગી રહી છું આજ.
મારા ટુકડા કરવા વાળો પૂજાય છે બેખોફ.
શ્વાસ છતાં હું હરદમ ભરી રહી છું આજ.
સરહદ પર સંતાન મારા સૈનિક છે નિઃસ્વાર્થ.
પરાણે પરાણે ગદ્દારોને ધરી રહી છું આજ.
શોધું કોઈ અર્જુનને કે ગાંડીવધારી હોય.
બને કોણ સારથી ને બચાવે મારી લાજ?
છે કોઈ અગત્સ્ય કે ભરે સમુદ્ર અંજલી.
પી જાય ઘૂંટમાં આતંક,બળી રહી છું આજ.

- શ્વેતા સંદીપ ઠક્કર "શ્વેતદિપ"

•

આ ધરતીથી ક્યાં આકાશ છૂટે છે?
ક્ષિતિજને રોજ ખબર પૂછે છે .
રજ રજની ડમરી બની ભેટવા દોડે,
એના પ્રેમમાં ક્યાં કાંઈ ખૂટે છે.
રોજ માંડે એ તો પ્રભુતામાં પગલાં,
જ્યારે ઉગતા સૂર્યની લાલી લૂંટે છે
ધોમ ધખતા તાપમાંય ક્યાં સળગે છે,
ને ના વરસે તોય એ ક્યાં રૂઠે છે ?.
પીપળ પાન આપી સંદેશ ખરી ગયા,
રામ જાણે શું વાગોડે ને શું ઘુંટે છે .
આખરે વરસી પડે વાદળ બની એ,
તો ઓઢી લીલુ પટોળું નાચી ઉઠે છે.
રંગોની સપ્તપદી બની જાણે મેઘધનુષ,
ને વનરાજી રાજી રાજી ને કૂંપળ ફૂટે છે.

- શ્વેતા સંદીપ ઠક્કર "શ્વેતદિપ"

•

ચડાવું યાદને પછી અદ્રશ્ય એવી અટારી શોધું છું.
ઘા કરું હૃદયે ને યાદો જ મરે એવી કટારી શોધું છું.
ક્યાં છુપાવવા જીવનના આ દસ્તાવેજોને ?
પાસવર્ડ લાગણીનો હોય એવી પટારી શોધું છું.
સાંભળ્યા છે મૃત્યુ બાદ જ વખાણ અહીં બધાના.
મારા મોતની અફવા ફેલાવે એવા જુઠારી શોધું છું.
આવે પંખીના ટોળેટોળા નાખુ રેતમાં ચપટી ચણ.
એકલું જ ખાઈને ઉડી જનાર એક ધુતારી શોધું છું.
લખવા કાવ્ય શબ્દકોશના ઢગલે ઢગલા પડ્યા છે.
વ્યાકરણનો તાજ પહેરાવે એવા મઠારી શોધું છું.

- શ્વેતા સંદીપ ઠક્કર "શ્વેતદિપ"

પીસીઆર વાનમાં બેસીને આરોપીએ બનાવેલો ટિકટોક વીડિયો વાયરલ

વડોદરા

વડોદરા શહેરના લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનની પીસીઆર વાન નં-૧૦ની પાછળ બેસીને આરોપીએ ટિકટોક વીડિયો બનાવ્યો હતો. આ વીડિયો હાલ સોશિયલ મીડિયમાં વાયરલ થયો છે. ટિકટોક વીડિયોમાં દેખાય છે તે આરોપીએ તેના મિત્રની મદદથી પીસીઆર વાનમાં બેઠા-બેઠા વીડિયો બનાવ્યો હતો. લક્ષ્મીપુરા પોલીસે પીસીઆર વાનની બહારથી વીડિયો બનાવનાર શખ્સની શોધખોળ શરૂ કરી છે.

બેંકનું સર્વર ડાઉન થતાં લાઈનમાં ઉભેલા લોકોમાં રોષ

યસ બેંકના એટીએમ બહાર પૈસા ઉપાડવા લાઈન લાગી, પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

અમદાવાદ

રિઝર્વ બેંક દ્વારા ગુરુવારે સંકટમાં ફસાયેલી ખાનગી ક્ષેત્રની યસ બેંક પર કલમ 36ac હેઠળ પ્રતિબંધ મૂકીને નાણા ઉપાડની મર્યાદા ૫૦ હજાર કરી નાખી છે. રિઝર્વ બેંક દ્વારા આ પ્રકારની જાહેરાત કરવામાં આવતા જ બેંકમાં ખાતા ધરાવતા ખાતેદારો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. ગુરુવારે રાત્રે જ એટીએમ બહાર ખાતેદારો પૈસા ઉપાડવા માટે લાઈનોમા ઉભા રહ્યાં હતા. ત્યારે શુક્રવારે પણ સવારથી યસ બેંકની તમામ શાખાઓ બહાર મોટી સંખ્યામાં ખાતેદારો એકઠાં થયા છે અને બેંકમાંથી પોતાની મૂડી ઉપાડી રહ્યાં છે. ખાતેદારોમાં એ વાતને લઈને પણ રોષ જોવા મળી રહ્યો છેકે આ બેંકમાં તેમણે ચેકો આપેલા છે અને જો એ ચેક બાઉન્સ જશે તો તેના માટે કોણ જવાબદાર રહેશે. બેંકોમાં લાંબી કતારો લાગી છે ત્યારે બેંકનું સર્વર ડાઉન જતાં પૈસા ઉપાડની પ્રક્રિયામાં વિલંબ આવી થઇ રહ્યો છે. જેને લઈને ખાતેદારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. બીજી તરફ બેંક તરફથી પણ કોઈ કોમ્યુનિકેશન કરવામાં આવ્યું નથી.

જે પ્રકારે યસ બેંકની તમામ શાખાઓ બહાર ખાતેદારોની લાંબી લાઈનો લાગી છે, તેને લઈને બેંકનો સ્ટાફ પણ મુંઝવણમાં મુકાઈ ગયો છે. કોઈપણ પ્રકારની ભાગદોડ કે અફરાતફરીનો માહોલ ઉભો ન થાય તેની તકેદારી તમામ શાખાઓ પર રાખવામાં આવી રહી છે. આ માટે દરેક શાખાએ ખાસ પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. જે ખાતેદારો લાઈનમાં ઉભા છે તેમને ટોકન આપવામાં આવી રહ્યું છે અને ટોકન સિસ્ટમથી જ ખાતેદારોને રૂપિયા આપવામાં આવી રહ્યાં છે.

ગુરુવાર રાતથી જ ખાતેદારો બેંકના એટીએમ બહાર લાંબી લાઈનો લગાવીને બેંકમાંથી પોતાના પૈસા ઉપાડી રહ્યા છે. યસ બેંકના એટીએમ બહાર લાંબી લાઈન લાગી હતી. જોકે બેંક એટીએમ ખાલી હોવાથી ખાતેદારો નિરાશ થયા છે અને રોષ જોવા મળી રહ્યો છે. એટીએમ ખાલીખમ અવસ્થામાં હોવાથી ખાતેદારો બેંક તરફ જઈ રહ્યાં છે. જેના કારણે બેંકની શાખાઓ બહાર મોટી સંખ્યામાં ભીડ જામી રહી છે.

રિઝર્વ બેંક દ્વારા યસ બેંકની લિમિટ નક્કી થયા બાદ મોડી રાતે અમદાવાદમાં યસ બેંકના એટીએમ બહાર પૈસા ઉપાડવા માટે લોકોની લાઈન લાગી છે. નોટબંધીની યાદ અપાવતી લાઈનો લાગી છે. લોકો પોતાના પૈસા ઉપાડી રહ્યા છે. લોકોને ખબર પડતાની સાથે જ એટીએમ પર પહોંચી રહ્યા છે.

આંગણવાડી-મિની આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોના માનદ વેતનમાં વધારો

ગાંધીનગર

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે વિધાનસભા ખાતે નિયમ ૪૪ હેઠળ જાહેર અગત્યની બાબત સંદર્ભે મહત્વની જાહેરાત કરી હતી. આંગણવાડી કાર્યકર, મિની આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોના માનદ વેતનમાં નોંધપાત્ર વધારો કરાયો છે. આંગણવાડી કાર્યકર બહેનોના વેતનમાં રૂ.૬૦૦, તેડાગર બહેનોના વેતનમાં રૂ.૩૦૦ અને મિની આંગણવાડી કાર્યકર બહેનોના માનદ વેતનમાં પણ રૂ.૩૦૦નો વધારો કરાયો છે. રાજ્યની ૫૩,૦૨૯ બહેનોને લાભ મળશે. આ વધારો માર્ચ ૨૦૨૦થી ચુકવાશે અને વર્ષ ૨૦૧૯-૨૦ સુધીનું એક વર્ષનું એરિયર્સ ત્રણ હપ્તામાં ચુકવાશે. આ માટે રાજ્ય સરકારને રૂ.૧૧૨ કરોડનું વધારાનું ભારણ થશે.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, હાલમાં રાજ્યની ૫૧,૨૨૯ જેટલી આંગણવાડીઓની કાર્યકર બહેનોને માનદવેતન તરીકે માસિક રૂ.૭૨૦૦ મળે છે. તેમાં હવે માસિક રૂ. ૬૦૦નો વધારો કરી તેઓને રૂ.૭૮૦૦ માનદ વેતન આપવામાં આવશે. તેવી જ રીતે આંગણવાડી તેડાગર બહેનોને હાલ માનદ વેતન તરીકે રૂ.૩૬૫૦ આપવામાં આવે છે તેમાં દર મહિને રૂ.૩૦૦નો વધારો કરી માનદ વેતન રૂ.૩૯૫૦ આપવામાં આવશે. રાજ્યની ૧૮૦૦ જેટલી મિની આંગણવાડીની કાર્યકર બહેનોને માનદ વેતન રૂ.૪૧૦૦ ચુકવવામાં આવે છે તેમાં દર મહિને રૂ. ૩૦૦નો વધારો કરી માનદ વેતન રૂ. ૪૪૦૦ આપવામાં આવશે. આ વધારો તા. ૧લી માર્ચ,૨૦૧૯થી અમલમાં આવે તે રીતે આપવામાં આવશે.

બનાસકાંઠામા સૌથી વધુ ૧૧૬૫ ગામોમાં ગૌચરની જમીન સફાચટ

સરકારે કબુલ્યું... ૨૨ જિલ્લાના ૭૫૭૪ ગામોમાં નિયમ કરતા ગૌચરની જમીન ઓછી

ગાંધીનગર

ગુજરાતમાં ધીરે-ધીરે ગૌચરની જમીન ઓછી થઇ રહી છે. આ મામલે વિધાનસભામાં વિપક્ષ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના ઉત્તરમાં સરકારે લેખીતમાં કબુલાત કરી હતી કે ૨૨ જિલ્લાના ૭૫૭૪ ગામોમાં નિયમ કરતા ગૌચરની જમીન ઓછી છે.

વિધાનસભામાં બજેટસત્રની પ્રશ્નોત્તરી દરમિયાન વિપક્ષ દ્વારા રાજ્યમાં ફાળવવામાં આવેલી ગૌચર જમીન અંગે પ્રશ્ન પુછવામાં આવ્યો હતો. જેના જવાબમાં મહેસુલ મંત્રીએ જણાવ્યું હતું કે, બનાસકાંઠાના ૧૧૬૫ ગામો, સુરતના ૬૮૯ ગામો, મહિસાગરના ૬૬૬ ગામો, ભાવનગરના ૬૧૦ ગામો, દાહોદના ૫૪૮ ગામો, અમરેલીના ૫૩૫ ગામો, અરવલ્લીના ૩૬૦ ગામો, ગીર સોમનાથના ૩૨૬ ગામો, કચ્છના ૩૧૨ ગામો, ભરૂચના ૩૧૦ ગામો, જામનગરના ૨૯૧ ગામો, નર્મદાના ૨૮૯ ગામો, ગાંધીનગરના ૨૬૩ ગામો, અમદાવાદના ૨૩૧ ગામો, આણંદના ૨૧૯ ગામો, દેવભૂમિ દ્વારકાના ૨૧૨ ગામો, સાબરકાંઠાના ૧૭૫ ગામો, બોટાદના ૧૭૪ ગામો, પંચમહાલના ૧૫૮ ગામો, મહેસાણાના ૧૨૭ ગામો, પાટણના ૧૨ ગામો અને સુરેન્દ્રનગર જિલ્લાના ૦૨ ગામોમાં ગૌચરની જમીનમાં ઘટાડો થયો છે.

બજારમાં સુંદરી, બદામ, ગોલા અને તોતાપુરી કેરીનું આગમન, ૧ કિલોનો ભાવ રૂ. ૧૦૦થી વધુ

અમદાવાદ

અમદાવાદનાં વિવિધ ફુટ બજારોમાં માર્ચ મહિનામાં જ ફળોનાં રાજા કેરીનું આગમન થતા નાગરીકો આશ્ચર્યમાં મુકાયા છે. અમદાવાદનાં કાલુપુર ખાતે આવેલા ફુટ બજારમાં સુંદરી કેરી, બદામ કેરી, ગોલા કેરી અને તોતાપુરી કેરીનું આગમન થઇ ગયું છે. જોકે, કેરીનાં ૧ કિલોનો ભાવ હાલ ૧૦૦ રૂપિયાથી વધુ છે અને આ તમામ કેરીનો જથ્થો દક્ષિણ ભારતમાંથી આવી રહ્યો છે. બીજી તરફ કેરી રસિકો પણ માર્ચ મહિનામાં કેરીને બજારોમાં જોતાની સાથે પોતાને રોકી શકતા નથી અને તેમના દ્વારા કેરીની ખરીદી કરવામાં આવી રહી છે.

હવામાન વિભાગની વરસાદની આગાહીને લઈને સૌરાષ્ટ્રમાં કેરી પકવતા ખેડૂતો ચિંતિત બન્યા છે. હાલમાં દ્વારકા અને ભાવનગરમાં કમોસમી વરસાદ પડ્યો છે. જ્યારે ગીર સોમનાથ જિલ્લામાં સવારે વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો અને વરસાદી માહોલ બંધાયો છે. આથી સૌરાષ્ટ્રમાં કેરી પકવતા ખેડૂતોના જીવ તાળવે ચોંટ્યા છે કારણ કે હાલ આંબામાં મોર બંધાવાની પ્રક્રિયા ચાલુ છે અને દરેક આંબામાં પુષ્કળ મોર જોવા મળી રહ્યો છે.

વિધાનસભામાં ભાજપ કોંગ્રેસના ધારાસભ્યો એકબીજાને ગળે મળીને હોળીની શુભેચ્છા પાઠવી

ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં અંદાજ પત્રની સામાન્ય ચર્ચામાં ભાજપ-કોંગ્રેસના સભ્યો એકબીજાને ગળે મળીને હોળી ધૂળેટીની શુભેચ્છાઓ આપી હતી. સાથે જ રાજકીય ટિપ્પણીઓ કરી હતી. આગામી રાજસભાની ચૂંટણીને લઈને પણ વિધાનસભા ગૃહમા ચર્ચા દરમિયાન કોંગ્રેસ અને ભાજપના ધારાસભ્ય એકબીજાને પક્ષ બદલવા ઓફર નિવેદનમાં કરતા હતાં જેના કારણે ગૃહમાં હાસ્ય રેલાતું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે વિધાનસભા ગૃહમાં ચાલતી ચર્ચા વચ્ચે એક બીજાને ખુલ્લી ઓફરમાં હોળી ધુળેટી પર્વના રંગોના ઉલ્લેખ સાથે ભાજપ કોંગ્રેસે એક બીજાને પક્ષ બદલીને પોતાના પક્ષમા જોડાવવાની ઓફર ખુલ્લી ઓફર આજે ચર્ચાસ્પદ બની હતી. આજે અંદાજપત્ર સામાન્ય ચર્ચામાં મોરબીનાં ધારાસભ્ય બ્રિજેશ મેરજાએ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને કહ્યુ આવો તમે કોંગ્રેસ પક્ષ સાથે ધુળેટી રમો તેવું નિવેદન કરતા તમામ સભ્યોમાં હાસ્ય રેલાયું હતું.

જોકે બ્રિજેશ મેરજાની ટિપ્પણીનો જવાબ આપતાં નીતિન પટેલે બ્રિજેશ મેરજાને કહ્યુ કે તમે અમારાં ભગવા રંગનાં રંગે રંગાઈ જવાં તમે અમારા પક્ષમાં આવી શકો છો. તેવું નિવેદન કરતા ભાજપના સભ્યોએ તેમના આ વિધાનને પાટલીથી થપથપાવ્યો હતો. જયારે કોગ્રેસના સભ્યો પણ હાસ્ય રોકી શક્યા ન હતા.

જળકુંભી દૂર કરવાની કામગીરીથી મચ્છરો શહેર તરફ વળ્યા, ડ્રોનથી દવાનો છંટકાવ કરાશે

રાજકોટ

રાજકોટમાં બેડી યાર્ડ અને આસપાસના વિસ્તારોમાં મચ્છરોનો ઉપદ્રવ દિવસે ને દિવસે વધતો જાય છે. જેને લઈને મનપા કમિશનર ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું કે, આજી નદીમાંથી જળકુંભી દૂર કરતા મચ્છરો શહેરમાં પહોંચ્યા છે. મનપા મચ્છરોનો ઉપદ્રવ અટકાવવા ડ્રોનની ખરીદી કરશે. મચ્છરોના ઉપદ્રવવાળા વિસ્તારોમાં મનપા ડ્રોનથી દવાનો છંટકાવ કરશે.

આજી નદીમાં છેલ્લા છ વર્ષથી જળકુંભીની સમસ્યા વકરી રહી હતી. ત્યારે છેલ્લા છ વર્ષથી આ મામલે કોઈ પણ જાતનું કાયમી ઉકેલ નહોતો આવ્યો. જેના કારણે થોડાક સમય પૂર્વે જ બેડી માર્કેટિંગ યાર્ડના વેપારીઓ તેમજ મજૂરોને આંદોલન કરવાની ફરજ પડી હતી. વેપારીઓને મજૂરો દ્વારા ચક્કાજામ પણ કરવામાં આવ્યો હતો. જે બાદ તંત્રની આંખ ઊઘડતાં તંત્ર દ્વારા સુરતથી વેલને દૂર કરવાની મશીનરી પણ મંગાવવામાં આવી હતી. ત્યારે આજી નદીમાંથી વેલને દૂર કરાતા મચ્છરો શહેર તરફ વળ્યા છે.

શહેર તરફ વળેલા મચ્છરોના ત્રાસના કારણે લોકો પરેશાન બની ગયા છે. ત્યારે મહાનગરપાલિકા દ્વારા વન ડે થ્રી વોર્ડ અંતર્ગત ફોગીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે સમગ્ર મામલે મ્યુનિસિપલ કમિશનર ઉદીત અગ્રવાલ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે મહાનગરપાલિકા દ્વારા ડ્રોનની ખરીદી કરવામાં આવશે ત્યારે જે પણ વિસ્તારમાં મચ્છરોનો ત્રાસ હશે ત્યાં ડ્રોનથી દવાનો છંટકાવ કરવામાં આવશે.

મંદીના સમયમાં પણ મર્સિડિઝ કારના વોલ્યુમમાં ૧૦ ટકાનો વધારોઃ સીઈઓ માર્ટીન શ્વેક

સુરત

મર્સિડિઝ બેન્ઝ ઈન્ડિયાના મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ માર્ટીન શ્વેક અને ઈમરાલ્ડ મોટર્સના એમડી કે.એમ.ઠક્કરે જણાવ્યું હતું કે,સુરત બિઝનેસ સિટી છે અને ટોપ-૫ સેલિંગ સિટીમાં સુરતનો સમાવેશ થાય છે તેમ વેસુ-અલથાણ રોડ પર મર્સિડિઝ બેન્ઝે એક જ દિવસમાં બે નવા અધતન આઉટલેટનું ઉદ્ઘાટન કરતાં ઉમેર્યું હતું.

ગુજરાતમાં અમદાવાદ પછી સુરતમાં અમારો ગ્રોથ રેશિયો વધુ છે. શક્યતાં એવી પણ છે કે આવનારા દિવસમાં આ ગ્રોથ રેશિયો સુરતમાં વધી શકે. વધુ ઉમેરતાં જણાવ્યું હતું કે, ૦ કિમી ચાલેલી કાર જ્યારે કસ્ટમરને તેના ડોર સ્ટેપ પર મળે તેવી ઈચ્છા અમે પૂરી કરીયે છે. અમારી સિડાન સેગમેન્ટમાં ઈ-ક્લાસ અને એસયુવી સેગમેન્ટમાં જીએલસી સુરતમાં વધુ પ્રખ્યાત છે. સુરતમાં વધતાં ગ્રોથને જોઈને જ એક દિવસમાં અમે ૯૮ અને ૯૯ નંબરના એમ બે શો રૂમ સુરતમાં શરૂ કર્યા છે. આ સાથે મર્સિડિઝ ઈન્ડિયાના એમડીએ જણાવ્યું છે કે, આ વર્ષના અંત સુધીમાં મર્સિડિઝ ૧૦ નવી પ્રોડક્ટ પણ લોન્ચ કરવા જઈ રહ્યા છે. ગુજરાત મર્સિડિઝ-બેન્ઝ માટે ટોચનાં પાંચ બજારો પૈકીનું એક છે અને અમારા સેલ્સ વોલ્યુમમાં ૧૦ ટકાથી વધારે પ્રદાન કરે છે. ગુજરાતમાં સુરત બીજું સૌથી મોટું બજાર છે.

વેરો નહીં ભરાતા દક્ષેશ્વર નગરમાં ૧૫ નળ કનેક્શનો કાપી નંખાયા

ઉધના ઝોને બે દિવસમાં ૧૪૧ મિલ્કતો સીલ કરી

સુરત

મ્યુનિ. કમિશનરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન(ઉધના) આકારણી અને વસુલાત વિભાગે વિવિધ વિસ્તારમાં સઘન વેરા વસુલાતની ઝુંબેશ અંર્તગત તા.૦૪/૦૩/૨૦૨૦ના રોજ ખટોદરા, ઉધના, પાંડેસરા, ભેસ્તાન, ઉન, બમરોલી, ગભેણી, સોનારી, ભેદવાડ વિગેરે જુદા જુદા વિસ્તારોમાં કુલ્લે ૧૨ મિલકતોને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જે કાર્યવાહી દરમ્યાન ૦૭ જેટલા મિલકતદારોએસ્થળ પર રૂપિયા ૧,૫૦ લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે. અને પાંડેસરા દક્ષેશ્વરનગર સોસાયટીમાં કુલ ૧૫ નળકનેશન કાપવાની કામગીરી હાથ ધરેલ હતી, જે દરમ્યાન કુલ રૂા.૩,૦૭,૮૦૦/- રોકડા તથા એડવાન્સ ચેકની વસુલાત કરવામાં આવેલ છે. આજ રોજ મિલકતવેરા પેટે કુલ રૂપિયા ૨૯.૩૬ લાખ જેટલી વસુલાત થયેલ છે.

વધુમાં વ્યવસાયવેરા વિભાગ દ્વારા પાંડેસરા જી.આઈ.ડી.સી વિસ્તારમાંથી જય ભગવતી ટેક્ષ પ્રિન્ટ પ્રા.લિ., બાલાજી ટેક્ષ ફેબ, તિરૂપતી પ્રિન્ટર્સ સંસ્થાઓ માંથી કુલ રૂ.૧૦.૨૩ લાખ રોકડા તથા એડવાન્સ ચેકની વસુલાત કરવામાં આવેલ છે.

તથા જમીન મિલકત વિભાગ દ્વારા છેલ્લા બે દિવસ દરમ્યાન વડોદ આવાસ વિસ્તારમાં કુલ ૧૪ મિલકતોને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ જે પૈકી રૂપિયા ૫.૫૦ લાખ રોકડા તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે. અને છેલ્લા બે દિવસ દરમ્યાન કુલ રૂપિયા ૧૨.૦૦ લાખ જેટલી વસુલાત કરવામાં આવેલ છે.

રવિવારે રાત્રે કવિ સમ્મેલન અને મુશાયરનાનું આયોજન

સુરત

કવિ શ્રી શાહજહાં શાદ ને ગુજરાત સાહિત્ય અકાદમીએ ત્રીજીવાર આપેલા સાહિત્ય પારિતોષક અને એમની સાહિત્યીક સેવાઓને બિરદાવવાના હેતુથી એમના સન્માનમાં તા. ૮.૩.૨૦૨૦ રવિવારે રાત્રે ૮.૩૦ કલાકે અઠવાગેટ સુરત સ્થિત વનિતા વિશ્રામનાં શિવગોરી હોલમાં, શ્રી કરાર હુસેન સિદ્દીકીની અધ્યક્ષતામાં તેમજ શ્રી એમએમ અનારવાલાનાં અન્નથી વિશેષપદે એક શાનદાર મુશાયરો અને કવિ સમ્મેલન યોજાયું છે. જેમાં સુરત ઉપરાંત અન્ય શહેરોનાં જાણીતા શાયરો ઉપસ્થિત રહેશે.

શાળાએ ફીમાં ૧૯ હજારથી સીધા રૂ. ૪૦ હજારનો વધારો કરતા વાલીઓનો હોબાળો

અમદાવાદ

શુક્રવારે ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી એસ એચ ખારાવાલા સ્કૂલમાં વાલીઓએ હોબાળો મચાવ્યો હતો. મોટી સંખ્યામાં વાલીઓના ટોળેટોળા સ્કૂલ સંકુલમાં ઘસી ગયા હતા. વાલીઓ ફી વધારો પાછો ખેંચવા માંગ કરી રહ્યા હતા. ફીમાં ૧૦૦ ટકાથી વધુનો અચાનક જ વધારો કરી દેવાતા વાલીઓ રાતાચોળ થયા હતા. ફીને રૂ.૧૯ હજારથી વધારીને સીધી રૂ.૪૦ હજારના વધારો સામે વાલીઓ આકરાપાણીએ છે. વાલીઓ ફી વધારાથી સ્કૂલ સંકુલમાં નારા લગાવ્યા હતા અને ફી વધારા સામે રોષ વ્યક્ત કર્યો હતો. ધોરણ ૧થી ૯ સુધી અભ્યાસ કરવા માટે વિદ્યાર્થીઓ દીઠ ફીમાં તોતિંગ વધારો ઝીંકી દેવાયો છે. ફીને રૂ. ૧૯ હજારથી વધારીને સીધી રૂ. ૪૦ હજાર કરી દેવાઈ છે.

અજાણ્યા શખ્સોએ ૫ રાઉન્ડ ફાયરિંગ કરતા યુવાનનું મોત, બેની ધરપકડ

જામનગર

ધ્રોલના ત્રણબત્તી ચોક પાસે પેટ્રોલપંપ નજીક કારમાં આવેલા અજાણ્યા શખ્સોએ પાંચ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જેમાં દિવ્યરાજ નામના યુવકને ગોળી વાગતા મોત નીપજ્યું હતું. ફાયરિંગ કરી શખ્સો ફરાર થઈ હતા. પરંતુ મોરબી પોલીસે ગણતરીની કલાકમાં જ બે આરોપીને હથિયાર સાથે ઝડપી લીધા છે. પોલીસે આ અંગે આવતીકાલે પ્રેસ કોન્ફરન્સ કરશે.

અજાણ્યા શખ્સો સ્વીફ્ટ કારમાં આવ્યા હતા અને નીચે ઉતરીને ચારથી પાંચ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જેમાં દિવ્યરાજને ગોળી વાગતા તેને સારવાર માટે જામનગરની જીજી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પરંતુ ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરતા બનાવ હત્યામાં પલટાયો છે. પોલીસે જિલ્લાભરમાં નાકાબંધી કરી દીધી હતી. દિવ્યરાજ મજોઠ ગામનો હોવાનું અને અગાઉ હત્યાના ગુનામાં સંડોવાયેલો હતો.

જામનગરના એસપી શરદ સિંઘલે જણાવ્યું હતું કે, ધ્રોલમાં ફાયરિંગ થયું છે. આરોપીઓ સ્વીફ્ટ કારમાં આવ્યા હતા અને ફાયરિંગ કરી ફરાર થઈ ગયા હતા. રાજકોટ રેન્જ પર મોરબી પોલીસ અને નાકાબંધીની મદદથી અમે બે આરોપીને લોડેડ હથિયાર સાથે પકડી પાડ્યા છે.વધુ વિગત અમે મીડિયાને પ્રેસ કોન્ફરન્સ કરી આવતીકાલે આપીશું. ૨ કલાકથી ઓછા સમયમાં અમે આરોપીઓને ઝડપી લીધા છે. જામનગર પોલીસ અને મોરબી પોલીસની કામગીરીને બિરદાવું છું.

આયસરમાં ચોરખાનું બનાવી છુપાડેલ દારૂની ૯૪૮ બોટલ ઝડપાઈ, એકની ધરપકડ

રાજકોટ

રાજકોટ શહેરના મોરબી રોડ પર રતનપર ગામથી રામ ચરિત મંદિર પાસેથી એસઓજી પોલીસે આયસરને રોકી તપાસ કરતા તેમાંથી ૨.૮૪ લાખનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. મેટાડોરમાં ચોરખાનું બનાવી ૯૪૮ બોટલ છૂપાવવામાં આવી હતી. પોલીસે બિહારના નંદન દિલીપભાઇ પાસવાનની ધરપકડ કરી હતી. પોલીસે બ્લ્યુ મુન ડ્રાઇજન પેટી ૪૮ નંગ ૮૭૬ કિં. ૧,૭૨,૮૦૦, પાર્ટી સ્પેશિયલ વ્હિસ્કી પેટી ૩૧ નંગ ૩૭૨ કિં. ૧,૧૧,૬૦૦, ટાટા કંપનીનું આયસર કિં.૭,૦૦૦૦૦, મોબાઇલ સહિત ૯,૮૭,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જેમાં ૨,૮૪,૪૦૦ કિંમતનો વિદેશી દારૂનો પણ સમાવેશ થાય છે.

પિકઅપ ડાલામાંથી પોશડોડા સાથે મહારાષ્ટ્રીયન શખ્સની ધરપકડ

મોડાસા

અરવલ્લી જિલ્લામાંથી પસાર થતાં ઉદેપુર- શામળાજી નેશનલ હાઇવે નંબર ૮ ઉપર આવેલા ગઢડા ગામની સીમમાંથી પોશ ડોડા સાથે મહારાષ્ટ્રીયનને ઝડપ્યો છે. ગુરુવારે રાત્રે આઠેક વાગ્યાના સુમારે મોડાસા રૂરલ પોલીસે શામળાજીથી હિંમતનગર જતાં પિકઅપ ડાલામાંથી કેબીનમાં ડ્રાઈવરના સીટ નીચે ઘઉંનું ભુસુ ભરેલી ૭ પ્લાસ્ટિકની થેલીઓમાં વગર પાસ પરમીટે કેફી માદક પદાર્થ પોશડોડા કુલ વજન ૨૪૯.૩૦૦ કિ.ગ્રા કિં રૂ ૧૪૯૫૮૦ સહિત રૂ ૨૭૫૩૮૦નાં મુદ્દામાલ સાથે મહારાષ્ટ્રના એક આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઘઉંના ભુસામાં પ્લાસ્ટિક થેલીઓમાં પોશડોડા રાખ્યા હતા પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર, ગુરૂવારે રાત્રે આઠેક વાગ્યાના સમયગાળા દરમિયાન મોડાસા રૂરલ પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન શામળાજી ઉદેપુર નેશનલ હાઈવે નંબર ૮ ઉપર આવેલા ગઢડા ગામની સીમમાંથી શામળાજીથી હિંમતનગર તરફ જતાં પિકઅપ ડાલાને પોલીસે ઊભી રાખી તપાસ કરી હતી. તપાસ કરતા પિકઅપ ડાલા નંબર જી.જે.૪.ડબ્લ્યુ.૯૩૩૪માંથી વગર પાસ પરમીટે કેફી માદક પદાર્થ પોશડોડા જેના કુલ વજન ૨૪૯.૩૦૦ કિ.ગ્રા કિ રૂ ૧૪૯૫૮૦ તથા મોબાઈલ નંગ-૨ કિ રૂ ૨૫૦૦ તથા રોકડ રકમ ૩૩૦૦ અન્ય આધાર પુરાવા તથા ઘઉંનું ભુસુ ભરેલ પ્લાસ્ટિકની થેલીઓ નંગ-૭ કિં રૂ. ૨૭૫૩૮૦નાં મુદ્દામાલ સાથે હુકમ અમરસિંહ ચારણ ઉ.વ ૪૦ રહે. સાઘંવી તા-શિરપુર જી-ધૂલે રાજય-મહારાષ્ટ્રની ધી નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોફિક સબસ્ટન્સિસ એક્ટ ૧૯૮૫ની કલમ ૮ (સી) ૧૫ (સી) ૨૨ (સી) મુજબ અટકાયત કરી પંચનામું તથા અન્ય દસ્તાવેજો કબજે લઈ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કોરોના ઈફેક્ટઃ સરકાર દ્વારા યોજાનારા મહિલા સંમેલનો રદ કરાયાં

ગાંધીનગર

વિશ્વ સહિત ભારતમાં પણ કોરોનાનો કાળો કેર જોવા મળી રહ્યો છે, ત્યારે ગુજરાતમાં આ જીવલેણ વાઈરસની અસર જોવા ન મળે એ માટે સરકાર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે. દરમિયાનમાં ૮ માર્ચના સરકારી મહિલા સંમેલનો રદ કરવાનો ગુજરાત સરકારે નિર્ણય કર્યો છે. કેન્દ્રના આરોગ્ય વિભાગ દ્વારા જારી કરવામાં આવેલી એડ્વાઈઝરી અનુસંધાને સરકારે અપીલ કરી છેકે, આ વાઈરસની અસરથી બચવા અથવા તો ફેલાતો અટકાવવા માટે સાવચેતીના ભાગરૂપે મેળા, જાહેર સંમેલનોમાં જવાનું ટાળવું જોઈએ. મહિલા દિવસ નીમિત્તો પણ મહિલાઓને અપીલ કરવામાં આવી છેકે, શક્ય હોય તો મહિલા દિને મોટી સંખ્યામાં એકઠા થવાનું ટાળવામાં આવે.

રાજ્યના આરોગ્ય સચિવ જંયતિ રવિએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં નોવેલ કોરોના વાઈરસના ૩૮ સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેમાંથી ૩૭ સેમ્પલ નેગેટિવ આવ્યા છે, જ્યારે એકનો રિપોર્ટ હજુ આવ્યો નથી. ગુજરાતમાં એરોપોર્ટની જેમ સી પોર્ટ ઉપર પણ વિદેશથી આવતા પ્રવાસીઓના આરોગ્યની ચકાસણી કરાશે. ગુજરાતમાં મોટો દરિયા કાંઠો છે ત્યારે તેને પણ સ્ક્રિનિંગ કરવાની સૂચના આપવામાં આવી છે. આ માટે પોર્ટ ખાતે વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. અમદાવાદ અને સુરતમાં કોરોન્ટાઈલની વ્યવસ્થા કરવામાં આવી છે. ૫૬૮ ડિસ્પેન્સરી અને હોસ્પિટલમાં ઉકાળાની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

વિશ્વમાં ફેલાઈ રહેલા કોરોના વાઈરસમાંથી ગુજરાત બાકાત છે. ત્યારે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, ગુજરાતમાં કોરોના વાઈરસની બીમારી સામે રાજ્ય સરકાર સંપૂર્ણ સતર્ક અને પૂરતી દવાઓ તેમજ સારવારની સુવિધાઓ સાથે સજ્જ છે. રાજ્યના મુખ્ય સચિવે પણ તમામ જિલ્લા કલેક્ટરોને કોરોના વાઈરસ અંગે તકેદારી રાખવા અને આરોગ્યની ખાસ ટીમ બનાવવા માટે સૂચના આપી છે.

સરકારે કબૂલ્યું... રાજ્યમાં ફક્ત ૪૫૧ દિવ્યાંગોની સરકારી ચોપડે નોંધણી

ગાંધીનગર

દિવ્યાંગો માટે એકતરફ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર સુગમ્ય ભારત અભિયાન (એક્સેસિબલ ઈન્ડિયા કેમ્પેઈન) ચલાવી રહી છે ત્યારે ગુજરાત સરકાર દિવ્યાંગોને મળવાપાત્ર સરકારી નોકરીઓ આપવામાં પણ ચિંગૂસાઈ કરી રહી છે. ખુદ ગુજરાત સરકારે જ શુક્રવારે વિધાનસભામાં પ્રશ્નોત્તરી દરમિયાન કબૂલ્યું હતું કે, ગત વર્ષે ગુજરાત સરકારે એક પણ દિવ્યાંગને સરકારી નોકરી નથી આપી. ખાનગી ક્ષેત્રની હાલત પણ આવી જ છે, જયાં વીતેલા વર્ષમાં ફક્ત એક જ દિવ્યાંગને નોકરી આપી છે.

ગુજરાત સરકારના રેકર્ડ મુજબ સમગ્ર રાજયમાં સરકારી ચોપડે નોંધાયેલા દિવ્યાંગોની સંખ્યા ફક્ત ૪૫૧ છે. આ આંકડાઓ સામે પણ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે કારણ કે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા દિવ્યાંગોની નોંધણી કરવામાં પણ ઠાગાઠૈયા કરવામાં આવતા હોવાની વ્યાપક ફરિયાદો વારંવાર ઉઠી છે. એક અંદાજ અનુસાર રાજ્યમાં દિવ્યાંગોની સંખ્યા ૧૦ હજારને પણ પાર કરી ચૂકી છે, પરંતુ તેમના કલ્યાણ માટે રાજ્ય સરકારની ઉદાસીન નીતિ જવાબદાર ગણાય છે.જિલ્લાવાર દિવ્યાંગોની નોંધણીનો ડેટા જોઈએ તો અમદાવાદ જિલ્લામાં હાલ સૌથી વધુ ૧૩૦ દિવ્યાંગો નોંધાયા છે. ત્યારબાદ રાજકોટમાં ૪૪, સાબરકાંઠામાં ૨૬, પાટણમાં ૨૪ અને જામનગર તથા મહેસાણામાં ૨૨ દિવ્યાંગો નોંધાયા છે. જયારે સૌથી ઓછા દિવ્યાંગો ધરાવતા જિલ્લાઓમાં દ્વારકા (૧), બોટાદ (૨), છોટા ઉદેપુર (૫), દાહોદનો (૭) સમાવેશ થાય છે. ભાવનગર (૨૧) અને જૂનાગઢમાં (૨૦) પણ નોંધપાત્ર સંખ્યામાં દિવ્યાંગો નોંધાયા છે.

કોરોનાથી બચવા સરકાર હોમિયોપેથી અને આયુર્વેદના શરણે, ઉકાળો પીવાની સલાહ

ગાંધીનગર

વિશ્વમાં કોરોના વાઈરસના અસરથી લોકોના ટપોટપ મોત થઈ રહ્યા છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા કોરોનાથી બચવા હવે હોમીયોપેથી દવા અને આયુર્વેદિક ઉકાળા પીવાની સલાહ આપવામાં આવી છે. તેની સાથે હોળીના તહેવારમાં ગૂગળ અને અન્ય વસ્તુ નાખવાની સલાહ આપી છે. વિશ્વના દેશ અત્યારે કોરોનાની રસી શોધી રહી છે ત્યારે ગુજરાતના આરોગ્ય વિભાગ દ્વારા લીમડો, રાઈ અને ગૂગળને હોળીની આગમાં હોમવાની સલાહ આપવામાં આવી છે. લોકોને માસ્ક પહેરવાની પણ જરૂર ન હોવાની જાણ ગુજરાત આરોગ્ય વિભાગ જણાવી રહ્યું છે.

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

રાજપીપળા નગર પાલિકા દ્વારા બાકી વેરાની કડક વસુલાત માટે ચીફ ઓફિસરની લાલ આંખ

કુલ બાકી મિલકત વેરો ૨ કરોડ ૧૨ લાખ પૈકી આજ સુધી ૧ કરોડ ૧૫ લાખ રૂપિયાની વસુલાત બાદ બાકી વેરા માટે ચીફ ઓફિસરનો જયેશ પટેલનો એકશન પ્લાન





હાલ વેરા વસુલાત ટીમને કડક સૂચના આપતા ૬ નળ કનેકશન કાપ્યા અને ૨ મિલકતોને સિલ મરાઈ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા નગર પાલીકાના વેરા વસુલાત ના કરોડો રૂપિયા બાકી નીકળતા હોય અગાઉ વારંવાર નોટિસો અને ઉઘરાણી કરવા છતાં કેટલાક મિલ્કતદારો મગનું નામ મરી પાડવા તૈયાર ન થતા હાલ નવા મુકાયેલા ચીફ ઓફિસર જયેશભાઇ પટેલે આખરે બાકી વેરા માટે ત્રીજું નેત્ર ખોલી ટિમને કડક સૂચના આપતા મિલકતદારો માં ફફડાટ ફેલાયો જોવા મળ્યો છે.

રાજપીપળા નગર પાલિકામાં મિલ્કતદારોના કુલ બાકી પડતા ૨ કરોડ ૧૨ લાખ રૂપિયાના વેરા પૈકી અત્યાર સુધી ૧ ક્કરોડ ૧૫ લાખ જેવી રકમની વસુલાત કરવામાં આવી હતી પરંતુ બાકી લાખો રૂપિયાના વેરા ભરવામાં આળસ કરતા કેટલાક મિલ્કતદારોની ઊંઘ ઉડાડવા હાલ નવા મુકાયેલા ચીફ ઓફિસર જયેશભાઇ પટેલે એક એક્શન પ્લાન બનાવી પાલીકા કર્મચારીઓને કડક સૂચના આપી જેમાં બાકીદારોમાં કોઈ પણ ચમરબંધ ની સ્નેહ શરમ રાખ્યા વિના કડક વસુલાત કરવી અથવા જરૂર જણાય ત્યાં નળ કનેકસન કાપવા કે મિલકતો સિલ મારવા ની સૂચના આપતા પાલીકા ટીમે બાકી પડતા વેરા માટે ૬ નળ કનેક્સન કાપી નાખ્યા છે જ્યારે ૨ મિલકતોને સિલ પણ મારતા અન્ય બાકીદારોમાં ફફડાટ ફેલાયો હતો.

વેરો ભરવા માટે રજાના દિવસે પણ કચેરી ચાલુ રખાશે : ચીફ ઓફિસર

હવે પછીના દિવસોમાં તા.૩૧ માર્ચ સુધી હજુ કડક કાર્યવાહી કરી વેરો વસુલ થાય એ માટે વધુ નળ કનેકસનો તેમજ સિલ મારવાની કાર્યવાહી ચાલુ રખાશે તથા રજાના દિવસોમાં પણ નગરપાલિકા કચેરી વેરો ભરપાઈ કરવા માટે ખુલ્લી રખાશે તેમ સી.ઓ. જયેશભાઈ પટેલે જણાવ્યું હતું.

દાદી દાદા સાથે સુતેલી પૌત્રી અડધી રાત્રે ક્યાંક ચાલી જતા અનેક તર્ક વિતર્ક



તિલકવાડા તાલુકાના રસુલપુરા ગામની ૧૯ વર્ષની યુવતી અચાનક ક્યાંક ચાલી જતા પોલીસની શોધખોળ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જીલ્લાના તિલકવાડા તાલુકાના રસુલપુરાની યુવતી રાત્રે અચાનક ક્યાંક ચાલી જતા પરિવારે પોલીસનું શરણું લીધું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રસુલપુરા ગામની મનિષાબેન ઉર્ફે ચકુ ગોવિન્દ ભાઈ બારીયા પોતાના દાદી દાદા સાથે સૂતી હતી એ રાત્રીના એક થી ચાર વાગ્યા દરમ્યાન ઘરેથી કોઈને પણ કઈ કહ્યા વગર ક્યાક જતી રહી હોય તેની આજુબાજુમા તથા સગા સબંધીઓમા શોધખોળ કરવા છતાં તેનો કોઈ પત્તો ન લાગતા તેના ભાઈ અજય ગોવિંદ ભાઈ બારીયા એ તિલકવાડા પોલીસ માં જાણ કરતા પોલીસે શોધખોળ શરૂ કરી છે.

ગરૂડેશ્વર વિયર ડેમ પાસેની નદીમા મચ્છી પકડવા ગયેલા વ્યક્તિનું ડૂબી જતાં મોત : ત્રણ દિવસ બાદ મૃતદેહ મળ્યો



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર ખાતે આવેલા વિયર ડેમ પાસેની નર્મદા નદીમા મચ્છી પકડવા જનાર વ્યક્તિનું ડૂબી જતાં મોત થયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર મનોજ નંદન શર્મા,(હાલ રહે,) વિયર ડેમ કોલોની ઈન્દ્રવર્ણા તા.ગરૂડેશ્વર જી. નર્મદા (મુળ રહે) ઝારખંડ ગત તારીખ ૨ માર્ચેસાંજે વિયર ડેમ પાસે નર્મદા નદીમા મચ્છી પકડવા જતા અક્સ્માતે ઊંડા પાણીમા ડુબી ગયા બાદ શોધખોળ કરતા કોઈ ભાળ ન મળતા હતી આ બાબતે ગરુડેશ્વર પો.સ્ટેમા જાહેરાત આપી હતી ત્યારબાદ ડૂબી જનાર મનોજનંદન શર્માની સ્થાનિકોની મદદ થી નર્મદા નદીમા તપાસ કરતા તા.૫ માર્ચે અકલેશ્વર પુલ પાસે પાણીમાથી તેનો મૃતદેહ મળતા પોલીસે અ.મોત દાખલ કરી છે.

આમલેથા પો.સ્ટે.ના પોલીસ કોન્સ્ટેબલનો શર્ટ ફાડી મુક્કો મારી ઈજા કરતા ચાર વિરુદ્ધ ફરિયાદ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જીલ્લાના નાંદોદ તાલુકાના આમલેથા પો. સ્ટે. ના પો.કો.સરકારી કામગીરી માટે ગયા હોય ત્યાં ચાર ઈસમોએ તેમની કામગીરીમાં દખલગીરી કરી હુમલો કરતા ચાર વિરુદ્ધ ગુનો દાખલ થયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર આમલેથા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પો. કો. ધર્મેન્દ્રભાઈ શાંતિલાલ વસાવા પોતાની સરકારી કામગીરી કરવા માટે આમલેથા ગામમાં નરપરભાઈ રોહિતભાઈ વસાવાના ઘરે અન્યો સાથે ગયા હતા એ સમયે ત્યાં નરપત રોહિત વસાવા,રોહિત રમેશ વસાવા, દહરીબેન રોહિત વસાવા તથા નવનીત રોહિત વસાવા એ ભેગા થઈ પો. કો. ની સરકારી કામગીરીમાં દખલ ગીરી કરી તેમને મારી ફેંટ પકડી શર્ટના બટન તોડી શર્ટ ફાડી નાખી નરપતે મોઢામાં મુક્કો મારી ઈજા કરતા આ બાબતે પો.કો.એ આ ચારેય વિરુદ્ધ ફરિયાદ કરતા ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઉધનામાં સિલિકોન શોપર્સમાં રાત્રે પાંચ દુકાનોના તાળા તૂટ્યા

ચોરી કરતા તસ્કરો સીસીટીવી કેમેરામાં કેદ

સુરત

ઉધના વિસ્તારની સિલિકોન શોપર્સ સેન્ટરની ૫ દુકાનોના તાળા તોડી તસ્કરો ૫૦ હજારથી વધુ રોકડ રૂપિયાની ચોરી કરી ભાગી ગયા હતા. ગુરૂવારની મધરાત્રે બનેલી ઘટના બાદ ઉધના પોલીસની પેટ્રોલિંગ કામગીરીની પોલ ખુલ્લી પડી ગઈ છે. દુકાનદારોની સુરક્ષાને લઈને પણ અનેક પ્રશ્નો ઉભા થયા છે. જ્યારે તસ્કરો સીસીટીવીમાં કેદ થઈ ગયા છે અને સીસીટીવી આધારે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

સિલિકોન શોપર્સમાં એક સાથે ૫ દુકાનોના તાળા તૂટવાની ઘટનામાં સીસીટીવી સામે આવ્યા છે. જેમાં બે અજાણ્યા ઈસમો દુકાનના શટર ઉંચા કરી પ્રવેશ કરતા હોય એમ દેખાય છે. મધરાત્રે લગભગ ૩:૪૫ની આ ઘટનામાં અજાણ્યા ઈસમોએ ગજાનંદ ડેન્ટલ ક્લિનિક, નિલેશ મેડિકલ, જે પી આઈસ્ક્રીમ, ખેતેશ્વર પાન પાર્લર અને અન્ય એક આસક્રીમની દુકાનના રોકડ રકમની ચોરી કરી ભાગી ગયા હોવાનું બહાર આવ્યું છે. ઘટનાની જાણ બાદ પોલીસ દુકાનદારોને નિવેદન અને સીસીટીવી લઈ ગઈ છે. ૫ દુકાનોમાંથી રોકડ રૂપિયા ૫૦ હજારની ચોરી કરનાર ઈસમોની સીસીટીવીના આધારે ઓળખ બહાર આવતા પોલીસ બન્નેને શોધી રહી છે.

નર્મદા ધારીખેડા સુગરની પાંચ વર્ષની ટર્મ બાદ ચૂંટણી આવતા રાજકીય ગરમાવો : પ્રાથમિક મતદાર યાદી જાહેર

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



નર્મદા જિલ્લાની જીવાદોરી ગણાતી નર્મદા ધારીખેડા સુગર ફેક્ટરીની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી પાંચ વર્ષની ટર્મ પુરી થતા એપ્રિલ મહિનામાં આવશે હાલ ૪ માર્ચ ૨૦૨૦ સુધીની મતદાર યાદી જાહેર પાડવામાં આવી છે. મતદાર યાદીને લઈને હાલ રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે આગામી એપ્રિલ મહિનામાં ચૂંટણી જાહેર થશે ત્યારે ફરી બે જૂથો સામસામે આવી જશે. અને જાણે વિધાન સભાની ચૂંટણી હોય તેમ રાજકીય દાવપેચ શરૂ થશે.ભાજપની સામે ભાજપ લડે છે જેમાં આ વર્ષે પ્રદેશ ભાજપ પણ હસ્તક્ષેપ કરી જૂથવાદને શાંત કરવાના પ્રયત્નો કરી શકે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નર્મદા જિલ્લામાં ભાજપ પ્રમુખ ની વરણી હજુ બાકી છે ઉમેદવારો પોતાની શક્તિ બતાવી પોતાનું નામ હાઇ કમાન્ડ જાહેર કરે એવા બળ પ્રયોગ કરી રહ્યા છે. ત્યારે આ દોડાદોડી વચ્ચે સપાટી પર આવેલા જિલ્લામાં બે જૂથવાદ વચ્ચે જિલ્લાની સૌથી મોટી સહકારી સંસ્થાના વ્યવસ્થાક સમિતિના સભ્યોની ચૂંટણી જાહેર થશે જેને લઈને ખેડૂતોમાં એક ઉત્સાહનું મોઝું ફર્યું છે ત્યારે હરણફાળ ભરતી સુગરને ધમધમતી કરનાર હાલની વ્યવસ્થાપક કમિટીના સભ્યો ચેરમેન ઘનશ્યામ પટેલની પેનલ સામે હવે કયું જૂથ કે પેનલ સામે આવે એ જોવું રહ્યું. આ સુગરમાં હાઈ કમાન્ડ કેટલો ભાગ ભજવે છે એ પણ જોવું રહ્યું મતદાર યાદી જાહેર કર્યા બાદ ચૂંટણી અધિકારી તરીકે નરેદ્રભાઈ પટેલની નિમણૂંક કરી છે હવે ચૂંટણીનું જાહેરનામું બહાર પડશે.

નર્મદા જિલ્લાની પાંચ કોલેજોના ૨૦૦ જેવા કર્મચારીઓ ૩ મહિનાથી પગારથી વંચિત : ઉચ્ચ કમિશનરનો અંધેર વહીવટનો આક્ષેપ

ગુજરાત ઉચ્ચ શિક્ષણ કમિશનર માંથી ગ્રાન્ટ ન આવતા કર્મચારીઓ અટવાયા :ઉચ્ચ કમિશનરનો અંધેર વહીવટ હોય તિલકવાડા, ડેડીયાપાડા, સાગબારા સહીત પાંચ કોલેજોના ૨૦૦ કર્મચારીઓ પગારથી વંચિત

સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોના કર્મચારીઓ ત્રણ મહિનાથી પગારથી વંચિત રહેતા રોષ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં આવેલી સરકારી કોલેજો અને ગ્રાન્ટેડ કોલેજોના આચાર્ય સહિત પ્રોફેસરો, મુલાકાતી વ્યાખ્યાતાઓ, ક્લાર્ક પટાવાળા, ચોકીદાર,લેબ ટેક્નિશિયન સહીતના ૨૦૦થી વધુ કર્મચારીઓનો ડિસેમ્બર, જાન્યુઆરી, ફેબ્રુઆરી આમ ત્રણ મહિનાથી પગાર થયો નથી, હાલ આ તમામ કર્મચારીઓ આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે ત્યારે વહેલી તકે પગાર ચૂકવાય એ જરૂરી બન્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ કમિશનર ના અંધેર વહીવટને કારણે નર્મદા જિલ્લાના ૨૦૦ કર્મચારીઓ અટવાયા છે. નર્મદા જિલ્લામાં આવેલ સરકારી કોલેજો અને ગ્રાન્ટેડ કોલેજોના પ્રોફેસર થી લઈ પટાવાળા સુધીના કર્મચારીઓ કામ કરે છે એકબાજુ સામે હોળીનો મોટો તહેવાર છે છતાં ડિસેમ્બર,જાન્યુઆરી ફેબ્રુઆરી આમ ત્રણ મહિનાઓનો પગાર થયો નથી આ કર્મચારીઓ ત્રણ મહિનાથી મુશ્કેલી વેઠી રહ્યાં છે. સાથે પોતે લીધેલી લોનોના હપ્તા પણ બાઉન્સ થઈ રહ્યા છે.

ઉચ્ચ શિક્ષણ કમિશનર પોતાનો પગાર કરી લે છે તો કેમ આ કર્મચારીઓનો કરતા નથી તેમ જણાવી કર્મચારીઓ માં રોષ ફેલાયો છે. જો તાત્કાલિક પગાર નહિ કરે તો આંદોલનના માર્ગે વળે તેવા એંધાણ સેવાઈ રહ્યા છે.

કર્મચારીઓ દ્વારા જાણવા મળ્યા મુજબ ઉચ્ચ શિક્ષણ કમિશનમાં રજૂઆત કરે તો તેઓ ઉદ્ધત જવાબ આપે છે આખા રાજ્યનો પગાર બાકી છે તમારી કોલેજનો બાકી નથી તેમ કહી કર્મચારીઓને મદદ કરવાનું તો દૂર હળધૂત કરે છે કેમ ગાંધીનગરના ઉચ્ચ અધિકારીઓના પગાર થાય છે એ ગ્રાન્ટ ક્યાંથી આવે છે તેમ કહી કર્મચારીઓ રોષે ભરાયા છે.

બદલો મારી રત્નકલાકારે છ લાખના હીરા તફડાવ્યા

હીરા બુર્સના કારખાનામાં કારીગર દ્વારા ઠગાઈ

સુરત

ઈચ્છાપોર ગામ ખાતે આવેલ જેમ્સ એન્ડ જ્વેલરી પાર્કમાં ગુજરાત હીરા બુર્સમાં કામ કરતા બે રત્નકલાકારે હીરાનો બદલો મારી રૂપિયા છ લાખની કિંમતના હીરા લઈ જઈ વિશ્વાસગાત છેતરપિંડી કરી હતી.

ઈચ્છાપોર પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાત હીરા બુર્સના કિર્તીલાલ હજારીમલ સંઘવીએ પોતાને ત્યાં કામ કરતા સોહમકુમાર રાજેશ રાવલ, સંદીપ વિક્રમરામ રાવએ એસોલામેન્ટ કરવા આવેલા હીરાના બદલામાં સારા હીરા કાઢી લઈને હલકી કક્ષાના મૂકી રૂપિયા છ લાખની ઠગાઈ કરી હતી. ઈચ્છાપોર પોલીસે કિર્તીલાલ હજારીમલ સંઘવીની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

સુરત, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લામાં વરસાદ : ખેડૂતોમાં ચિંતા

સુરતના આકાશમાં કાળા ડીબાંગ વાદળા ઘેરાયા બાદ ધોધમાર વરસાદ તૂટી પડ્યો : ઊભા પાક.ને ભારે નુકસાન

સુરત

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર પંથકમાં વહેલી સવારે કમોસમી વરસાદથી ખેડૂતો ચિંતામાં મૂકાયા છે. આજે સવારે સુરત, વલસાડ, નવસારી, તાલાલા, દીવ અને કોડીનારમાં કમોસમી વરસાદ પડ્યો હતો. હાલ પાક કાપણીનો સમય હોય ઘઉં, ઘાણા, ચણા સહિતનો તૈયાર પાક ખેડૂતોને ખેતરમાં હોવાથી નુકસાનની ભીતી સેવાઈ રહી છે.

ગઈકાલે ગુરૂવારે સૌરાષ્ટ્રના ભાવનગર, દ્વારકા, માંગરોળ અને વેરાવળમાં ધોધમાર વરસાદ વરસ્યા બાદ મોડીરાત્રે દીવ, ગીરસોમનાથ, કોડીનાર, તાલાલા, કોડીનાર સહિતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ પડતા કેરીના પાકને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. તેમજ જસદણ અને આટકોટ પંથકમાં ખેતરમાં પડેલા ઘઉં અને જીરૂનો પાક પલળતા ખેડૂતોની પડ્યા પર પાટા સમાન પરિસ્થિતિ સર્જાઈ છે. તેમજ રાજકોટમાં રાત્રે વરસાદી છાંટા પડ્યા હતા તો આજે વહેલી સવારથી જ



દીવમાં આજે વહેલી સવારે ચાર વાગ્યે વરસાદી ઝાપટુ વરસી જતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. તાલાલા અને કોડીનાર પંથકમાં કેરના પાકને વ્યાપક પ્રમાણમાં મુકસાન પહોંચ્યું છે. જ્યારે જસદણ અને આટકોટ પંથકમાં રાત્રે બે વાગ્યે ૧૫ મિનિટ સુધી ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. આથી રસ્તા પર પાણી ફરી વળ્યા હતા. તૈયાર પાકના ઢગલાને ઢાંકવા માટે ખેડૂતોમાં રાત્રે દોડધામ મચી હતી.તેમ છતાં ઘઉં, જીરૂ, ચણાનો પાક પલળી ગયો હતો.

દક્ષિણ ગુજરાતના વાતાવરણમાં મોડી રાત્રીથી પલટો આવ્યો હતો. મોડી રાત્રીથી વલસાડમાં વરસાદ પડ્યો હતો. જ્યારે સવારે ૮ વાગ્યાથી સુરત અને જિલ્લામાં વરસાદ શરૂ થયો હતો. જે પોણો કલાક સુધી વરસતા પાણી પાણી થઈ ગયું હતું. નવસારી અને ડાંગ જિલ્લામાં પણ હળવો વરસાદ નોંધાયો હતો. કમોસમી વરસાદને કારણે ખેડૂતોમાં ચિંતાનો માહોલ છવાયો છે.વહેલી સવારે વલસાડ જિલ્લામાં વરસાદ પડ્યો હતો. જેના કારણે વીજળી ડૂલ થઈ ગઈ હતી.



રાજપીપળા શહેરમાં શુક્વારે સવારે વાદળછાયું વાતાવરણ રહ્યું. અચાનક અમી છાંટણા થતા ધરતીપુત્રો વધુ ચિંતિત જોવા મળ્યા હતા.અચાનક વાતાવરણમાં બદલાવ આવતા પાકને નુકસાન થવાની ચિંતા ખેડૂતોને સતાવી રહી હોય હાલ ઉનાળાની ઋતુ માં ત્રણ ઋતુ જોવા મળતા બીમારીનો આંક પણ વધતો જોવા મળ્યો હતો. (ભરત શાહ, રાજપીપળા)

નર્મદાનું આરોગ્ય વિભાગ કોરોના વાયરસ સામે લડવા સજ્જ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના ૪૨ વર્ષીય ઇસમ ૪/૨/૨૦૨૦ ના રોજ બિઝનેસ ટુર પર ઈરાન ગયા હતા અને ૧૧/૨/૨૦૨૦ ના રોજ તેઓ પરત ફર્યા હતા.એરપોર્ટ પર એમનું સ્કેનિંગનો રિપોર્ટ નર્મદા જિલ્લા આરોગ્ય વિભાગને મળતા તબીબોની ટિમ તુરંત ડેડીયાપાડા પહોંચી હતી.અને એમની આરોગ્ય લક્ષી ચકાસણી કરી હતી.જો કે તેઓ કોરોના વાયરસની લપેટમાં ન આવ્યા હોવાનું પુરવાર થયું હતું.એ શખ્સ હાલમાં પણ તબીબોના ઓબ્ઝર્વેશન હેઠળ છે.બીજી બાજુ રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં કાર્યરત કરાર આધારિત એક તબીબના થોડા દિવસો અગાઉ લગ્ન થયા હતા.તેઓ સિંગાપુર ટુર પર ગયા હતા અને રજા પુરી થતા ૬/૩/૨૦૨૦ ના રોજ પોતાની ફરજ પર હાજર થયા હતા.દરમિયાન એમની પણ જરૂરી તબીબી તપાસ થઈ હતી.અને તુરંત એમને ૧૪ દિવસ કોરોન્ટાઈલ લીવ પર મોકલી અપાયા છે.

નર્મદા જિલ્લા એપેડેમિક મેડિકલ ઓફિસર ડો.કશ્યપે જણાવ્યું હતું કે અમને ગુજરાત સરકાર તરફથી વિદેશ ગયેલા નાગરીકોનું એક લિસ્ટ આવ્યું હતું.સરકારની એવી નીતિ છે કે હાલમાં જે પણ વિદેશ જઈ પરત આવે અથવા વિદેશથી કોઈ પ્રવાસી આવે એમને કોરોના વાયરસ હોય કે ન હોય પણ ૧૪ દિવસ ઓબ્ઝર્વેશનમાં રાખવા પડે.એ મુજબ અમે ડેડીયાપાડાના એ વ્યક્તિનું રોજે રોજ ઓબ્ઝર્વેશન કરી રહ્યા છે, તેઓ બિલકુલ સ્વસ્થ છે.

તાપી જિલ્લામાં જાહેર સ્થળોએ સીસી કેમેરા લગાવી દેવા સૂચના

વ્યારા

જિલ્લામાં સુલેહ અને શાંતિનું વાતાવરણ જળવાઇ રહે અને લોકોની માલ મિલકતને નુકશાન ન થાય તે માટે તકેદારીના ભાગરૂપે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.બી.વહોનીયાએ એક જાહેરનામું પ્રસિદ્ધ કરી તાપી જિલ્લામાં આવેલી તમામ બેંકો, તમામ એટીએમ સેન્ટરો, સોના-ચાંદી તથા કિંમતી ઝવેરાતની દુકાનો તથા શો રૂમ તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્સ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શિયલ સેન્ટર, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ- બોર્ડિંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, હાઈવે પરના તોલ નાકા, સોનગઢ આર.ટી.ઓ.ચેકપોસ્ટ તથા જ્યાં બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પડાતી હોય તેવા સ્થળો તથા સ્થળો તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળોના માલિકો/ઉપભોક્તાઓ/વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશ દ્વાર પ્રવેશ દ્વાર ઉપર તથા બહાર નિકળવાના દ્વાર, રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કિંગની જગ્યા તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તેટલી સંખ્યામાં સીસીટીવી કેમેરાની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. સીસીટીવી કેમેરા સારી ગુણવત્તાવાળા, વધુ રેન્જના(માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે. સીસીટીવીના રેકોડ'ગના ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. કેમેરા સતત ૨૪ કલાક કાર્યરત રહે તે જોવાની જવાબદારી માલિકો/ઉપભોક્તાઓ/વહીવટકર્તાઓની રહેશે. કેમેરા તથા સીક્યુરીટી ગાર્ડની વ્યવસ્થા હાલ હયાત તમામ ઉપરોક્ત એકમોએ સાત દિનમાં ઉભી કરી દેવાની રહેશે. આ જાહેરનામું તા.૦૩/૦૫/૨૦૨૦ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.



સુરત શહેરના વિવિધ વિસ્તારોમાંથી શ્યામબાબાની નિશાન યાત્રા નીકળી હતી. એકાદશી નિમિત્તે યોજાયેલી નિશાન યાત્રા વીઆઈપી રોડ સ્થિત શ્યામબાબા મંદિર પરિસરમાં એક થઈ હતી. વિશાળ નિશાનયાત્રા અને શ્યામબાબા મંદિરની આ તસ્વીર છે.

વૈદુ અને ઔષધી મેળામાં દિવસમાં ૫૦ હજારથી વધુ મુલાકાતીઓ નોંધાયા

વૈદુ ભગતોની આરોગ્ય સેવાનો લાભ લેવાનો છેલ્લો દિવસ

સુરત

સુરતના આંગણે શ્રી પછાત મહિલા વિકાસ મંડળ, ભાવનગર, સુરત મહાનગરપાલિકા તથા ચેમ્બર ઓફ કોમર્સના સંયુક્ત ઉપક્રમે અઠવાલાઈન્સ સ્થિત એસ.એમ.સી. પાર્ટી પ્લોટ, ઉમરા ખાતે આયોજિત આદિવાસી પરંપરાગત વૈદુભગતો દ્વારા વૈદુ તથા ઔષધીય વનસ્પતિ પ્રદર્શન મેળાનો છેલ્લા પાંચ દિવસ દરમિયાન ૫૦ હજારથી વધુ લોકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. આરોગ્ય પ્રત્યે જાગૃત્ત સુરતીઓએ વૈદુભગતોની દેશી-આયુર્વેદિક દવાઓના સેવનમાં ખૂબ ઉત્સુકતા દર્શાવી હતી. ખાસ કરીને માનસિક રોગો અને પેરાલિસિસથી પીડિત દર્દીઓ સૌથી વધુ નોંધાયા હતા. જેમણે વૈદુભગતોની પ્રાચીન ઈલાજ પદ્ધતિનો લાભ લીધો હતો.

સુરતના આંગણે આયુર્વેદિક અને વાનસ્પતિક ઔષધના ચાહક નાગરિકોને ડાંગ, વલસાડના આદિવાસી વિસ્તારોમાંથી પદારેલા વનઔષધિ જાણકાર વૈદુભગતોની ઉપમા મેળવનાર આદિવાસી વૈદો વાનસ્પતિક દવાઓ, જંગલોમાં ઊગતી દુર્લભ વનસ્પતિઓ, ઔષધિઓથી અનેક પ્રકારના રોગોને મટાડવાની ક્ષમતા ધરાવે છે. તેમના દ્વારા ડાયાબિટીસ, વા, સાંધાના દુઃખાવા, સ્નાયુ, કેન્સર, દમ, સ્થૂળતા, આધાશીશી, ચામડીના રોગો, વંધ્યત્વ, અસ્થમા, હૃદયરોગ સહિતના નાના મોટા તમામ રોગોની સારવાર અને ઔષધિઓનો લાભ લીધો છે. જેનો આજે એટલે કે તા.૬ઠ્ઠી માર્ચ છેલ્લો દિવસ છે, જેથી હજુ પણ મોટી સંખ્યામાં શહેરીજનોને બહોળો લાભ લઈ શકે છે.

પોલીસ ઈન્સપેકટરનો ગણવેશ ધારણ કરી ફરતા નકલી પીઆઈને પકડી પાડતી અંકલેશ્વર GIDC પોલીસ



ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા સાહેબએ પો.સ્ટે. વિસ્તારમાં બનતા ગુનાઓ અટકાવવા માટે આપેલ સુચના અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક એમ.પી.ભોજાણી અંકલેશ્વર વિભાગ તથા અંકલેશ્વર જી.આઈ.ડી.સી પોલીસ ઈન્સ્પેકટર કે.ડી મંડોરા ની સુચના આધારે આજરોજ અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેક્ટર એન.જી.પાંચાણી તથા પી.આર.ગઢવી તથા સર્વેલસ સ્ટાફ ના માણસો પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન બાતમી મળેલ કે GIDC અંકલેશ્વર કોસમડી ગામમાં આવેલ સંસ્કારધામ સોસાયટીમાં મ.નં.૧૮૭ માં વિનયકુમાર આર સાઠમ નામનું ખોટું નામ ધારણ કરી પોલીસ ઈન્સપેક્ટરનો ગણવેશ પહેરી સોસાયટીના ધાર્મીક પ્રસંગમાં મુખ્ય મહેમાન તરીકે હાજર હોય જેને પકડી તેઓએ પહેરેલ પોલીસના યુનિફોર્મ તથા લગાડેલ નેમ પ્લેટ અંગે પુછપરછ કરતા લોકો સાથે કપટ કરવાના ઈરાદે ખોટું નામ ધારણ કરી પોલીસ ગણવેશ પહેરેલ હોય જે અંગે અત્રેના પો.સ્ટે. માં આ ઈસમ વિરૂધ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

પકડાયેલ આરોપી-વિજય રાજેન્દ્ર રણસીગ ઉ.વ. ૩૦ હાલ રહે. મ. નં. ૧૮૭ સંસ્કારધામ સોસાયટીમાં કોસમડી તા.અંકલેશ્વર જી.ભરૂચ મુળ રહે. યેરમાળા થાના ચેરમાળા તા. કળબ જી.ઉસ્માનાબાદ (મહારાષ્ટ્ર) આરોપીનો પુર્વ ઈતિહાસ: મહારાષ્ટ્રના કનકવલી વિસ્તારમાં શિક્ષણ સચિવનો હોદો ધારણ કરી તથા ભંડારા જીલ્લામાં મહિલા બાળ વિકાસ અધિકારીનો હોદો ધારણ કરી લોકો સાથે કપટ કરેલ હોય જે અંગે પણ પ્રાથમિક તપાસમાં જાણવા મળેલ છે.

નવસારીના બોર્ડ પરીક્ષા કેન્દ્રમાં

કલેક્ટર શ્રીમતિ આદ્રા અગ્રવાલે પરિક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો શાંતિપૂર્ણ પ્રારંભ

નવસારી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના છાત્રો માટે આજથી શરૂ થયેલી પરીક્ષા પૂર્વે અહીની શેઠ હિરાલાલ છોટાલાલ પારેખ નવસારી હાઇસ્કુલ ખાતે કલેકટર શ્રીમતિ આદ્રા અગ્રવાલે પરીક્ષાર્થીઓને મ્હોં મીઠું કરાવી સફળતા માટેની શુભકામના પાઠવી હતી. તેમણે છાત્રોને કોઇ પણ ભય વિના પરીક્ષા આપવા માટે સલાહ પણ આપી હતી. પરીક્ષા સંકુલમાં પ્રવેશતા છાત્રોને કલેકટર શ્રીમતિ આદ્રા અગ્રવાલ અને જિલ્લા શિક્ષણાધિકારી શ્રી આર. એમ. ચૌધરીએ પ્રથમ પુષ્પ આપી સ્વાગત કર્યું હતું અને બાદમાં ચોકલેટ આપી મ્હોં મીઠું કરાવ્યું હતું. આ બન્ને અધિકારીઓને કોઇ પણ ભય વિના પરીક્ષા આપવા શીખ આપી હતી અને સારા ગુણાંકે ઉત્તીર્ણ થઇ ઉજ્જવળ કારર્કિદી બનાવવા શુભકામના પાઠવી હતી. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા કન્ટ્રોલ રૂમ બનાવવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ ગભરાયા વગર શાંત ચિત્તે પરીક્ષા આપી શકે તેવી સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે. સંવેદનશીલ પરીક્ષા કેન્દ્રો ઉપર વર્ગ એક અને વર્ગ બેના અધિકારીઓને ખાસ ફરજ સોંપવામાં આવી છે.

પત્નિ અલગ રહેતી હોય તો પણ ભરણ પોષણ માટે હકદાર: કોર્ટ

પ્રથમ પત્નિને છુટા છેડા આપ્યા વગર પતિએ બીજા લગ્ન કરી લીધા

સુરત

ભરણપોષણના એક કેસમાં કોર્ટે અરજદાર પત્નીને અરજીની તારીખથી દર મહિને ૨૫૦૦ ચૂકવવા હુકમ કર્યો હતો. કોર્ટે હુકમમાં ટાંકયુ હતુ કે ભારતીય સંસ્કૃતિમાં અપવાદરૂપ કિસ્સા સિવાય કોઈ સ્ત્રી લગ્ન બાદ વાજબી કારણ વગર પિયરમાં રહે નહીં એ કોઈ પણ સ્ત્રી વિના કારણે પોતાના પતિ વિરૂદ્ધ કોર્ટ સમક્ષ આવી અરજી કરી કોર્ટમાં સોગંદ ઉપર પુરાવો આપવાનું પસંદ કરે નહીં. અઠવાલાઈન્સની રાધિકાના છુટાછેડા બાદ બીજા લગ્ન રાકેશ (બંને નામ બદલ્યા છે) સાથે થયા હતા. બાદમાં પત્નીને માલુમ પડયું કે પતિએ અગાઉની પત્નીને છુટાછેડા આપ્યા નથી, પત્નીએ એડવોકેટ પ્રીતિજોષી મારફત કોર્ટમાં અરજી કરી હતી. પતિ કોર્ટમાં જણાવ્યું હતું કે અરજદાર પત્ની સામે લગ્ન થયા જ નથી

વિશ્વ મહિલા દિવસ નિમિત્તે નિઝરમાં મહિલાઓનું સંમેલન

વનમંત્રી ગણપતસિંહ વસાવા હાજરી આપશે

વ્યારા

આગામી તા. ૮ મી માર્ચ, વિશ્વ મહિલા દિન નિમિત્તે તાપી જિલ્લાના નિઝર સ્થિત માર્કેટયાર્ડ ખાતે સવારે ૧૦.૦૦ કલાકે આદિજાતી મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાની અધ્યક્ષતામાં વિશાળ મહિલા સંમેલન યોજાશે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવણીના ઉપલક્ષ્મમાં યોજાનાર સંમેલનમાં ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર, આંગણવાડીઓમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર બહેનોને માતા યશોદા એવોર્ડ, પશુપાલન ક્ષેત્રે કાઠું કાઢનાર મહિલા પશુપાલકોનું સન્માન, વ્હાલી દિકરી યોજનાના લાભાર્થીઓને મંજુરી પત્ર વિતરણ, પોષણ પખવાડીયું, જિલ્લાકક્ષાએ રમત-ગમત સ્વ-સુરક્ષા કે વિશિષ્ઠ સિધ્ધિઓ પ્રાપ્ત કરનાર મહિલાઓનું પ્રમાણપત્ર અને શાલ દ્વારા સન્માન કરવામાં આવશે. મહિલા સુરક્ષાને લગતા કાયદાકીય જોગવાઇઓ બાબતે જનજાગૃતિ લાવવામાં આવશે. સરકારશ્રીના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતી અને ઉત્કૃષ્ટ કામગીરી કરનાર મહિલાઓનું પણ આ પ્રસંગે સન્માન કરાશે.

કનકપુર-કનસાડ અને કામરેજ તાલુકા પંચાયતની તા.૨ ઉમીએ પેટા ચૂંટણી

પેટા ચૂંટણી કાર્યક્રમ અંગે વિધિવત જાહેરનામું પ્રસિદ્ધ

સુરત

રાજય ચુંટણી આયોગ ગાંધીનગર દ્વારા રાજયની નગરપાલિકાઓ અને તાલુકા પંચાયતોની પેટા ચુંટણીનો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે અનુસાર જીલ્લામાં કનકપુર-કનસાડ નગરપાલિકાના વોર્ડ નં.૧ તથા કામરેજ તાલુકા પંચાયતના ૮-કઠોદરા મતદાર મંડળોની પેટા ચુંટણી તા.૨૨/૩/૨૦૨૦ના રોજ મતદાન યોજાનાર છે આ ચુંટણીને અનુલક્ષીને સુરત જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એસ. ડી. વસાવાએ એક જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે.

જાહેરનામાં પ્રમાણે ઉપરોકત વિસ્તારોમાં કોઈ પણ રાજકીય પક્ષો તથા ઉમેદવારોને કે તેઓના કાર્યકરોને ઉપરોકત વિસ્તારમાં આવેલી જાહેર કે ખાનગી મકાન, મિલ્કત, જમીન, દિવાલ કે કંપાઉન્ડનો તે મિલ્કત ધારણ કરનાર અધિકૃત વ્યક્તિ કે માલિકની પરવાનગી સિવાય ચૂંટણી લક્ષી પ્રચાર માટે ધ્વજ/પતાકા લગાડવા, બેનરો લટકાવવા, નોટીસો ચોટ્ટાડવા, સૂત્રો/નિશાનીઓ લખવા વિગેરે પ્રકારનું કોઈપણ ચૂંટણીલક્ષી પ્રચાર માટેનું કૃત્ય કરી મિલ્કતને હાની, નુકશાન કે બગાડ કરવો નહી કે કરવા દેવો નહી. જાહેર કે ખાનગી દિવાલો પર સુત્રો લખવા, પોસ્ટર ચોટાડવા, પ્રચાર સામગ્રી ચોટ્ટાડવા અંગે પ્રવર્તમાન સ્થાનિક કાયદાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. જાહેર મકાન એ શબ્દ પ્રયોગ બાબતમાં જણાવવામાં આવ્યું છે કે, આ શબ્દ મિલ્કત, ધોરીમાર્ગ, અથવા માર્ગના મહત્વના ચાર રસ્તા, તેના ચેતવણીરૂપ નોટિસ બોર્ડ, રેલવે પ્લેટફોર્મ, બસ ટર્મીનલના કોઈપણ પ્રકારના બોર્ડ કે, જાહેર જનતાના સગવડ માટે પ્રદર્શિત કરેલા અન્ય કોઈપણ પ્રકારના બોર્ડનો સમાવેશ થશે. આ જાહેરનામાનું તા. ૨૪/૩/૨૦૨૦ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

સચીનમાં રહેતી યુવતી વંદનાબેન તિવારી ગુમ

સુરત

સચીન પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૨૨/૦૨/૨૦૨૦ ના રોજ મ.નં.૫૦૨, વૈભવ અપાર્ટમેંટ, એલ.ડી સંકુલની સામે, સચીન (મૂળ વતન-એકડલા, તા.હસવદ, જી.આંબેડકર નગર, યુ.પી) ખાતે રહેતા નીલેશ વિનોદભાઈ તિવારીની ૨૨ વર્ષીય બહેન વંદનાબેન પોતાના ઘરેથી કોઈને કંઈક કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ગોરા વર્ણ તથા ઉંચાઈ ૫.૨ ફૂટ છે. તેમણે શરીરે ડ્રેસ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા સચીન પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

MARKET 4U
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850


ૐ

પ. પૂ. શ્રી જગદીશાનંદજીનો ૬૭મો જન્મોત્સવ

દ્રૉં

“શ્રી હૃદયોર્મિ પ્રેમોત્સવ”





શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ એવા કૃપાસૂત્રને આત્માસાત કરીને, ભગવાન શ્રી રંગાવધૂત ગુરુ મહારાજના આશિષવર્ષાનો પ્રસાદ પામીને, વિશ્વ વંદનીય રાષ્ટ્રીય સંત શ્રી વિશ્વનાથ અવધૂતજીના કૃપા-પ્રેમ સાગરમાં તરબોળ થઈને પોતાનું સમગ્ર જીવન સર્વજન માટે સમર્પિત કરી રંગ-ગુરુ-ગાથા અને રંગ વિચારધારામાં સૌને પ્રયોજી, પરમહંસ શ્રી કેવલાનંદ મહારાજ અર્પિત પૂર્ણ આનંદ કરતા અને કરાવતા

પ. પૂ. શ્રી જગદીશાનંદજી (રંગ બાળ)નો ૬૭મો

“હૃદયોર્મિ પ્રેમોત્સવ”

સંવત ૨૦૭૬ ફાગણ વદ ૯ને ૧૭-૦૩-૨૦૨૦ના રોજ

આપશ્રી તથા સમસ્ત અવધૂત પરિવારના આત્મસ્વજનોની હાજરી આ સમગ્ર પ્રેમ- ઉર્મિ મહોત્સવને આનંદરૂપી ઉજાસથી પરિપૂર્ણ કરશે જ.

પ.પૂ. શ્રી ગુરુજી માટે કોઈપણ પ્રકારની ભેટ, બુકે કે ફુલહાર લાવવા નહીં.

નોંધ : બહારગામથી આવનાર આત્મ સ્વજનોએ ઉતારાની વ્યવસ્થા માટે અગાઉથી જાણ કરવા વિનંતી.

પ. પૂ. શ્રી રંગબાળના “હૃદયોર્મિ પ્રેમોત્સવ” અંતર્ગત યોજાનારા કાર્યક્રમની રૂપરેખા

તા. ૧૬-૦૩-૨૦૨૦ સોમવાર


- સાંજે ૪.૦૦ કલાકે શોભાયાત્રા
- સાંજે ૬.૩૦ કલાકે પ્રસાદ
- રાત્રે ૮.૦૦ કલાકે સત્સંગ કાર્યક્રમ

શોભાયાત્રા શ્રીરંગ ખુશી ભવનથી શ્રી ઉમિયા માતાના મંદિરે જશે

તા. ૧૭-૦૩-૨૦૨૦ મંગળવાર

- સવારે ૮.૦૦ થી ૧૦.૦૦ દરમિયાન નામ સ્મરણ ધૂન
- સવારે ૧૦.૩૦ કલાકે પ્રસાદ
- બપોરે ૧૨.૦૦ કલાકથી સંતજનો તથા મહાનુભાવોના આશિર્વચન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ
- સાંજે ૫.૩૦ થી ૬.૩૦ દરમિયાન પ.પૂ. શ્રી ગુરુજીનો જન્મોત્સવ તથા આશિર્વચન
- સાંજે ૬.૩૦ કલાકે મહાપ્રસાદ

- મધ્યાહન ૧૨.૩૦ કલાકે દીપ પ્રાગટ્ય
- પ. પૂ. શ્રી વિશ્વનાથ અવધૂતજી (અવધૂત આશ્રમ, રાંદેર)
- શ્રી પ્રદિપ્તાનંદજી (ભુજ)
- શ્રી સંતરામ મંદિર સંતગણ
- શ્રી તપસ્વી મહારાજ (શ્રી રંગકુટિર, પાનસર)
- શ્રી મનમોહનદાસજી (ગુમાનદેવ હનુમાનજી મંદિર)
- ડો. ધીરૂભાઈ જોષી (મેનેજીંગ ટ્રસ્ટી, નારેશ્વર)
- શ્રી યોગેશભાઇ વ્યાસ (ટ્રસ્ટી, નારેશ્વર)
- આત્મીય સંતજનો તથા મહાનુભાવો



સંપર્ક સૂત્ર

શ્રી કમલેશભાઈ પટેલ ૯૪૨૭૮૫૫૯૯૯
શ્રી ગૌરાંગભાઈ ઉપાધ્યાય ૯૪૨૭૦૮૩૯૫૩
શ્રી નિલેષભાઈ ત્રિવેદી ૭૩૮૩૮૭૫૨૯૭
શ્રી ભરતભાઈ પ્રજાપતિ ૯૮૨૫૮૬૪૪૦૦
શ્રી પ્રતિકભાઈ પ્રજાપતિ ૯૭૨૪૫૧૪૮૦૮
શ્રી મનુભાઈ પટેલ ૯૮૯૮૬૩૧૨૪૦
શ્રી ધર્મેન્દ્રભાઈ સોની ૯૪૨૭૬૧૯૩૪૪
શ્રી જયરાજસિંહ સોલંકી ૯૫૮૬૦૯૮૯૯૦
શ્રી ખુશાલસિંહ રાવ ૯૮૯૮૪૬૫૭૨૭
શ્રી રાકેશભાઈ દેસાઇ ૯૮૨૫૩૬૫૭૦૯
શ્રી ધર્મેન્દ્રભાઈ મહીડા ૯૭૨૫૩૬૦૯૯૭
શ્રી રણજીતસિંહ વાંસીયા ૯૯૨૫૦૨૯૦૯૪
શ્રી જગદીશભાઈ સોની ૯૯૭૯૫૬૧૦૦૧
શ્રી અશોકસિંહ મહીડા ૯૮૭૯૦૧૫૯૩૬